# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'શ્રદ્ધા કપૂર મારો ક્રશ,રાત્રે ઊંઘી ન શક્યો', આ અભિનેતાએ ખુલ્લેઆમ...



પેજ-09

પંતની ઈજાને લઈને આવ્યું મોટું અપડેટ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 29.00 |
| સુરત | 33.00 | 28.00 |


પેજ 5





કોકાકોલા બોટલિંગ પ્લાન્ટના રૂપિયા 10,000 કરોડના હિસ્સા માટે...


**21** JUNE-2024 FRIDAY


મારી દીકરીઓ ક્યારેય રાજકારણમાં નહીં આવે':ઓબામા





પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77478.93 | ▲ | 141.34 |
| નિફ્ટી | 23567.00 | ▲ | 051.00 |
| સોનું | 72,630.00 | ▲ | 898.00 |
| ચાંદી | 91,470.00 | ▲ | 1,995.00 |


વર્ષ-13 । અંક-217 । વિક્રમ સંવત-2080 । જેઠ સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## વડાપ્રધાન મોદીનું શ્રીનગરમાં સંબોધન

# કેન્દ્ર સરકારના 10 વર્ષના પ્રયાસથી જમ્મુ-કાશ્મીરમાં પરિવર્તન આવ્યું

## આજે દેશ નવી ઊંચાઈ સુધી પહોંચી રહ્યો છે : વડાપ્રધાન મોદી

જમ્મુ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં ભાગ લેવા માટે આજે (20 જૂન) જમ્મુ-કાશ્મીર પહોંચ્યા છે. આતંકવાદી હુમલાઓ વચ્ચે વડાપ્રધાનની કાશ્મીર મુલાકાત ખુબ મહત્વની મનાય છે. તેમના કાશ્મીર મુલાકાતને ધ્યાને રાખી સુરક્ષાની તમામ વ્યવસ્થા કરાઈ છે. અહીંના વિસ્તારોમાં મોટી સંખ્યામાં સુરક્ષા દળોને તહેનાત કરી દેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ આજે શ્રીનગરમાં 'યુવાઓનું સશક્તિકરણ, જમ્મૂ-કાશ્મીરમાં પરિવર્તન' કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'અગાઉના ઘણા દાયકાઓ સુધી ભારતને અસ્થિત સરકાર મળી છે. ભારતે અસ્થિરતા વચ્ચે ટેક ઑફ કરવાનું હતું, પરંતુ તેમ ન થઈ શક્યું. આજે દેશ નવી ઊંચાઈ સુધી પહોંચી રહ્યો છે. તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં યોજાયેલી ચૂંટણીમાં લોકોએ ઉત્સાહથી ભાગ લીધો, તેથી જ હું આ



લોકશાહીના ઉત્સાહમાં ભાગ લેનારાઓને મળવા આવ્યો છું. માનવતા, લોકશાહી અને કાશ્મીરિયતને સાચો અર્થ આપ્યો' વડાપ્રધાને કહ્યું કે, 'વિધાનસભા ચૂંટણીની તૈયારી શરૂ થઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરે પોતાનું રાજ્ય તરીકે ભવિષ્ય નક્કી કરવાનો દિવસ નજીક આવી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં આજે સાચા અર્થમાં ભારતનું બંધારણ લાગુ થયું છે અને આ બધુ એટલા માટે થઈ રહ્યું છે કે, સૌના ભાગલા પાડતી કલમ-370ની દિવાલ તોડી પડાઈ છે. અટલજીએ માનવતા, લોકશાહી અને કાશ્મીરિયતનું વિઝન આપ્યું હતું, તેને આજે આપણે હકીકતમાં બદલતું જોઈ રહ્યા છીએ. તમે આ ચૂંટણીમાં લોકશાહીને જીતાડી છે. તમે છેલ્લા 35-40 વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.' વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે, 'જમ્મુ-કાશ્મીરમાં આ પરિવર્તન કેન્દ્ર સરકારના 10 વર્ષના પ્રયાસોનું પરિણામ છે. પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓએ પણ પ્રથમ વખત મતદાન કર્યું છે. વાલ્મીકિ સમાજની વર્ષો જૂની માંગણી પૂર્ણ કરાઈ હતી. પંચાયત, નગરપાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રથમ વખત OBC અનામત લાગુ કરાયું છે. હું દેશ માટે રાત-દિવસ જે કંઈ પણ કરી રહ્યો છું તે સારા ઈરાદાથી કરી રહ્યો છું. કાશ્મીરની અગાઉની પેઢીઓએ જે સહન કર્યું છે, તેમાંથી તેમને બહાર નીકળવા માટે હું ખૂબ જ ઈમાનદારી અને સમર્પણ સાથે કામ કરી રહ્યો છું.'

# અરવિંદ કેજરીવાલને ફરી મળ્યા જામીન

## મની લોન્ડરિંગ કેસમાં મોટી રાહત

## આજે જેલમાંથી બહાર આવી શકે છે: ED જામીન સામે અપીલ કરશે



નવી દિલ્હી : દિલ્હીના CM અરવિંદ કેજરીવાલને ગુરુવારે દારૂનીતિ કૌભાંડ કેસ મામલે રાહત મળી ગઈ છે. કોર્ટે એક લાખ રૂપિયા બોન્ડના બદલામાં કેજરીવાલને જામીન આપ્યા હતા. જોકે EDએ આ જામીનનો વિરોધ કરવા માટે 48 કલાકનો સમય માંગ્યો હતો. જેના પર કોર્ટે કહ્યું હતું, કે દલીલો આવતીકાલે ડ્યુટી જજની સામે પણ કરી શકાય છે. નોંધનીય છે કે ગુરુવારે મોડી સાંજે આ આદેશ આવ્યો હોવાથી કેજરીવાલ શુક્રવારે તિહાડ જેલમાંથી બહાર આવી શકે છે. નોંધનીય છે કે EDએ દારૂનીતિ કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આરોપી બનાવ્યા હતા અને બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે તેમને જેલમાંથી બહાર આવવાની છૂટ આપવામાં આવી હતી. જોકે ચૂંટણી પ્રચાર સંપન્ન થયા બાદ સરેન્ડર કરવાનો આદેશ પણ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો હતો. હવે કેજરીવાલને રેગ્યુલર જામીન મળી ગયા છે. કોર્ટના આદેશ બાદ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. રાઉઝ એવન્યુ કોર્ટે ગુરુવાર, 20 જૂને દિલ્હી લિકર પોલિસી કૌભાંડના મની લોન્ડરિંગ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. તેઓ શુક્રવારે જેલમાંથી બહાર આવી શકે છે. બીજી તરફ, EDએ જામીન સામે અપીલ કરવા માટે 48 કલાકનો સમય માગ્યો છે. કોર્ટે કહ્યું હતું કે આવતીકાલે ડ્યૂટી જજ સમક્ષ આ દલીલો થઈ શકે છે. અગાઉ EDએ કોર્ટમાં કહ્યું હતું કે જામીન પર 48 કલાકનો સ્ટે લાદવો જોઈએ, પરંતુ વેકેશન બેન્ચે એનો ઈનકાર કર્યો હતો.

## મોદી પેપર લીકને રોકવા નથી માંગતા : શિક્ષણ વ્યવસ્થાને ભાજપના લોકોએ કેપ્ચર કરી : રાહુલ

### રશિયા-યુક્રેન યુદ્ધ રોકવાનો દાવો કરનારા પેપર લીક નથી અટકાવી શકતા

નવી દિલ્હી : NEET પરીક્ષાના વિવાદ પર રાહુલ ગાંધીએ ગુરુવારે પ્રેસ-કોન્ફરન્સ કરી હતી અને કહ્યું હતું, 'ભારત જોડો યાત્રા દરમિયાન હજારો યુવાનોએ પેપર લીકની ફરિયાદ કરી હતી. હવે NEET પેપરમાં કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે અને એક પેપર રદ કરવામાં આવ્યું છે. એવા અહેવાલો હતા કે પીએમ મોદીએ ફોન કરીને રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધને અટકાવ્યું હતું. ગાઝા અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ પણ એક ફોન કરીને અટકાવ્યું હતું. કેટલાક કારણોસર નરેન્દ્ર મોદી ભારતમાં પેપર લીક અટકાવવામાં સક્ષમ નથી અથવા એને રોકવા માગતા નથી. NEET UG પરીક્ષા રદ કરવાની માગ સાથે દેશભરમાં વિરોધપ્રદર્શનો થઈ રહ્યાં છે. લખનઉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી છે. આ દરમિયાન શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને NTA અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ઉચ્ચ શિક્ષણ સચિવ સંજય મૂર્તિ એનટીએના મહાનિર્દેશક ડૉ. સુબોધ કુમાર સિંહને મળ્યા હતા. એ જ સમયે ગુરુવારે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે NEET UG કાઉન્સિલિંગ પર પ્રતિબંધ મૂકવાનો ફરીથી ઇનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું હતું કે જો અંતિમ સુનાવણી બાદ પરીક્ષા રદ કરવામાં આવશે તો કાઉન્સેલિંગ પણ રદ થઇ જશે. આ પહેલાં 11 જૂને પણ સુપ્રીમ કોર્ટે આ



અપીલ ફગાવી દીધી હતી. આજે સુપ્રીમ કોર્ટમાં પરીક્ષા રદ કરવાની માગ કરતી નવી અરજી પર પણ સુનાવણી થઈ હતી. આ અરજી 49 વિદ્યાર્થી અને સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) દ્વારા દાખલ કરવામાં આવી છે. આ અંગે આગામી સુનાવણી 8મી જુલાઈએ થશે. અરજીકર્તાઓએ પરીક્ષામાં 620થી વધુ અંક મેળવનારા વિદ્યાર્થીઓની પૃષ્ઠભૂમિની તપાસ અને ફોરેન્સિક તપાસની માગ કરી છે, સાથે જ પેપર લીકના આરોપમાં સીબીઆઈ તપાસની પણ માગ કરવામાં આવી છે. આ સાથે સુપ્રીમ કોર્ટે રાજસ્થાન, કોલકાતા અને બોમ્બે હાઈકોર્ટમાં NEET UG કેસમાં દાખલ અરજીઓને ક્લબ કરી દીધી છે. હવે આ મામલે સુપ્રીમ કોર્ટમાં 8 જુલાઈએ સુનાવણી થશે.

## પૂર્વ ભારતીય ક્રિકેટરે બિલ્ડિંગ પરથી કૂદીને આત્મહત્યા કરી

નવી દિલ્હી : ભૂતપૂર્વ ભારતીય ઝડપી બોલર ડેવિડ જોહ્ન્સન(52)નું 20 જૂન, ગુરુવારે બેંગલુરુમાં અવસાન થયું હતું. તેમણે પોતાના એપાર્ટમેન્ટના ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. જોહ્ન્સનને 1996માં ભારત માટે બે ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેણે ત્રણ વિકેટ ઝડપી હતી. જોહ્ન્સને ડોમેસ્ટિકમાં કર્ણાટક માટે 39 ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ મેચ રમી હતી. જેમાં તેમણે 125 વિકેટ ઝડપી હતી. તેણે ચાર વખત 5 વિકેટ લીધી હતી. જોહ્ન્સન સૌથી ઝડપી ભારતીય બોલરોમાંથી એક હતા. 1995-96 રણજી ટ્રોફી સિઝન દરમિયાન, તેમણે કેરળ સામે 152 રન આપીને 10 વિકેટ લીધી હતી. આ કારણે તેમને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હતું. ડેવિડે 1996માં ઓસ્ટ્રેલિયા સામે નવી દિલ્હીમાં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. ઓસ્ટ્રેલિયાના ભારતના પ્રવાસ દરમિયાન તેઓ માઈકલ સ્લેટરને આઉટ કરવામાં સફળ રહ્યા હતા. જમણા હાથનો આ બોલર પણ દક્ષિણ આફ્રિકા પ્રવાસનો એક ભાગ હતા, પરંતુ તેમને માત્ર પ્રથમ ટેસ્ટમાં જ રમવાની તક મળી, જેમાં તેમણે હર્શલ ગિબ્સ અને બ્રાયન મેકમિલનની વિકેટ લીધી હતી. BCCIના સચિવ જય શાહે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

### કોઈપણ અફવા ન ફેલાવો : શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

## પરીક્ષા લેવામાં 'સરકાર નાપાસ', આખરે શિક્ષણ મંત્રીએ સ્વીકાર્યું- 'ગરબડ થઈ છે

### જે પણ દોષિત હશે તેની સામે કડક કાર્યવાહી કરાશે

નવી દિલ્હી : મેડિકલ પ્રવેશ પરીક્ષા 'નીટ' (NEET 2024)ની બબાલ વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા 18મી જૂને યોજાયેલી UGC-NET પરીક્ષા રદ કરવામાં આવી છે. હવે આ મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'યુજીસી-નીટમાં ગેરરીતિ થઈ છે. અમે આમાં સંડોવાયેલા કોઈપણ ગુનેગારને છોડીશું નહીં. વિદ્યાર્થીઓનું હિત અમારી પ્રાથમિકતા છે. નીટ પરીક્ષા મામલે અમે બિહાર સરકારમાં સતત સંપર્કમાં છીએ.'

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, 'નીટ પરીક્ષા સંબંધિત પટણાથી કેટલીક માહિતી મળી છે. આ મુદ્દે અમે આજે પણ ચર્ચા કરી છે. પરીક્ષામાં ગેરરીતિના કારણો તપાસ માટે પટણાની પોલીસ ઊંડાણપૂર્વક તપાસમાં લાગી છે. ત્યારબાદ તેઓ



ભારત સરકારને રિપોર્ટ મોકલશે. હું વિશ્વાસથી કહું છું કે, નક્કર માહિતી આવ્યા બાદ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. NTAમાં જે પણ દોષિત હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.'

તેમણે કહ્યું કે, 'પરીક્ષા સંબંધિત કેસમાં કેન્દ્ર સરકાર હાઈલેવલ કમિટીની રચના કરશે. એનટીએ અંગે જે બાબતો સામે આવી છે, તેની પારદર્શિતામાં વધુ સુધારો લાવવાના પ્રયાસો કરવામાં આવશે. અમારી પ્રાથમિકતા 'ઝીરે એરર' છે. વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. હું તમામને વિનંતી કરું છું કે, કોઈપણ પ્રકારની અફવાઓ ન ફેલાવો. રાજકીય દ્રષ્ટિએ ન જુઓ. અમે કોઈપણ સુધારો કરવા માટે તૈયાર છીએ. અમે કોઈપણ ગુનેગારોને છોડીશું નહીં.' તેમણે કહ્યું કે, 'પરીક્ષા સંબંધિત કેસમાં કેન્દ્ર સરકાર હાઈલેવલ કમિટીની રચના કરશે. એનટીએ અંગે જે બાબતો સામે આવી છે, તેની પારદર્શિતામાં વધુ સુધારો લાવવાના પ્રયાસો કરવામાં આવશે. અમારી પ્રાથમિકતા 'ઝીરે એરર' છે. વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. હું તમામને વિનંતી કરું છું કે, કોઈપણ પ્રકારની અફવાઓ ન ફેલાવો. રાજકીય દ્રષ્ટિએ ન જુઓ.

### ફરિયાદ પર ECIનો નિર્ણય

## હરિયાણાની 2 સીટના EVMની તપાસ થશે

નવી દિલ્હી : ચૂંટણી પંચે (EC) હરિયાણા લોકસભાની 2 સીટની ચૂંટણીમાં EVMમાં ખામીની ફરિયાદને ગંભીરતાથી લીધી છે. ECએ કરનાલ અને ફરીદાબાદ બેઠકના EVM ચેક કરાવવાનો નિર્ણય લીધો છે. આ બંને બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ ચૂંટણી દરમિયાન મતદાનમાં ગોટાળાની આશંકા વ્યક્ત કરી હતી. આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ પણ કરવામાં આવી હતી. કરનાલના કોંગ્રેસના ઉમેદવાર દિવ્યાંશુ બુદ્ધિરાજાએ ચૂંટણી પંચને પત્ર લખીને EVMની તપાસની માંગ કરી હતી. તેમજ, ફરીદાબાદથી કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્ર પ્રતાપે પણ ગેરરીતિની આશંકા વ્યક્ત કરી હતી. ચૂંટણી પંચે કહ્યું છે કે લોકસભા ચૂંટણી 2024માં EVMમાં ખામી હોવાની ફરિયાદ કરતી 8 અરજીઓ મળી હતી. જેમાં હરિયાણાની કરનાલ અને ફરીદાબાદ લોકસભા સીટ સામેલ છે. કરનાલ અને ફરીદાબાદ લોકસભાની બંને સીટ ભાજપના ઉમેદવારોએ જીત મેળવી છે. કરનાલથી સાડા નવ વર્ષ સુધી હરિયાણાના મુખ્યમંત્રી રહેલા મનોહર લાલ ખટ્ટરે કોંગ્રેસના ઉમેદવાર દિવ્યાંશુ બુધિરાજાને હરાવ્યા હતા. હવે તેઓ મોદી કેબિનેટમાં મંત્રી બન્યા છે. ભાજપે ફરીદાબાદ લોકસભા સીટ માટે કૃષ્ણ પાલ ગુર્જરને પોતાનો ઉમેદવાર બનાવ્યો હતો.

# ભર્તૃહરિ મહતાબ પ્રોટેમ સ્પીકર નિયુક્ત

### કટકથી સાત ટર્મથી સાંસદ છે, માર્ચમાં BJD છોડીને ભાજપમાં જોડાયા

નવી દિલ્હી : 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે. જેમાં લોકસભા સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરની ચૂંટણી યોજાશે. આ પહેલા ગુરુવારે (20 જૂન), રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંધારણની કલમ 95 (1) હેઠળ ઓડિશાના કટકથી બીજેપી સાંસદ ભર્તૃહરિ મહતાબને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવશે. ભર્તૃહરિ મહતાબ કટકથી સાત વખતના સાંસદ છે. તેઓ બીજેડી છોડીને આ વર્ષે જ માર્ચમાં ભાજપમાં જોડાયા હતા. 2017માં, તેમને લોકસભામાં ચર્ચામાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ઉત્કૃષ્ટ સંસદસભ્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રપતિએ બંધારણના અનુચ્છેદ 99 હેઠળ લોકસભાના અધ્યક્ષની ચૂંટણી સુધી નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવવામાં પ્રોટેમ સ્પીકરને મદદ કરવા માટે સુરેશ કોડીકુન્નીલ, થલીક્કોટ્ટાઈ રાજુથેવર બાલુ, રાધા મોહન સિંહ, ફગ્ગન સિંહ કુલસ્તે અને સુદીપ બંદોપાધ્યાયને નિયુક્ત કર્યા છે. પ્રોટેમ લેટિન



શબ્દ પ્રો ટેમ્પોર પરથી આવ્યો છે. તેનો અર્થ છે - થોડા સમય માટે. પ્રોટેમ સ્પીકર અસ્થાયી સ્પીકર છે. લોકસભા અથવા વિધાનસભાની ચૂંટણી પછી, ગૃહ ચલાવવા માટે પ્રોટેમ સ્પીકર પસંદ કરવામાં આવે છે. પ્રોટેમ સ્પીકરની મુખ્ય ફરજ નવા ચૂંટાયેલા સાંસદો/વિધાનસભાનો શપથગ્રહણ કરાવવાનો છે. આ સમગ્ર કાર્યક્રમ પ્રોટેમ સ્પીકરની દેખરેખ હેઠળ થાય છે. પ્રોટેમ સ્પીકરનું કામ ફ્લોર ટેસ્ટ કરાવવાનું પણ છે. જો કે, બંધારણમાં પ્રોટેમ સ્પીકરની નિમણૂક, ફરજો અને સત્તાઓ વિશે સ્પષ્ટપણે કંઈ કહેવામાં આવ્યું નથી. 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી શરૂ થશે અને 3 જુલાઈ સુધી ચાલશે. લોકસભા અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા 26 જૂનથી શરૂ થશે. એવા અહેવાલો છે કે બીજેપી બીજી વખત ઓમ બિરલાને સ્પીકર બનાવી શકે છે. જ્યારે ભાજપના સાથી પક્ષો - ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને નીતિશ કુમારની જેડીયુ - પણ સ્પીકર પદની માગ કરી રહ્યા છે. અહીં, વિપક્ષી કેમ્પ ઈન્ડિયા જૂથ પણ લોકસભામાં મજબૂત સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં તેમને આશા છે કે ડેપ્યુટી સ્પીકરનું પદ વિપક્ષના એક સાંસદને આપવામાં આવશે. જોકે, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો વિપક્ષી સાંસદને ડેપ્યુટી સ્પીકરનું પદ નહીં મળે તો વિપક્ષી છાવણી સ્પીકર પદ માટે પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારશે. વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ આપવાની પરંપરા રહી છે. 16મી લોકસભામાં એનડીએમાં સામેલ AIADMKના થમ્બીદુરાઈને આ પદ આપવામાં આવ્યું હતું.

### નુપુર શર્માને મળી ધમકી

## પૂજા કરનાર ગજનવીનો સામનો કરવા તૈયાર રહો

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ નેતા નુપુર શર્માને ફરી એકવાર ધમકી મળી છે. આ વખતે ઈસ્લામિક સ્ટેટ-ખોરાસાને તેના અખબાર Voice of Khurasan માં લખીને તેને ધમકી આપી હતી.આ લેટરમાં મોદી સરકાર અને તેના ઘણા નેતાઓના નિવેદનોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ લેટરના પેઝ નંબર 25 પર ઘણા દેવી-દેવતાઓની પૂજા કરનારા ભારતીય રાજાઓને 'મહમુદ ગઝનવીનો સામનો કરવા તૈયાર રહો' શીર્ષકવાળા લેખમાં ધમકી આપવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોમાં પોલીસે નુપુર શર્માને ધમકી આપવા બદલ ઘણા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગયા મહિને ગુજરાતની સુરત પોલીસે બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના શહનાઝ ઉર્ફે અલી ધરપકડ કરી હતી, જેણે નુપુર શર્માને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે પાકિસ્તાની સંગઠન સાથે જોડાયેલો હતો. સુરત પોલીસે ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ મૌલવી સોહેલ અબુબકર તિમોલની પણ ધરપકડ કરી હતી. પોલીસે કહ્યું હતું કે, તે પાકિસ્તાન અને નેપાળના લોકો સાથે શસ્ત્રો ખરીદવાનું કાવતરું રચતો હોવાનું જાણવા મળ્યું હતું.

# ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખની રજુઆત ફળી : અટવાયેલ આંગણવાડી અને તેડાગર બહેનોને હક્કનાં નાણા મળશે



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈન અને નાયબ મુખ્ય દંડક તથા ધારાસભ્ય વિજયભાઈ પટેલની રજુઆતનાં ફળ સ્વરૂપે ડાંગ જિલ્લાની નિવૃત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની બાકી રહેલ રૂ. 1,68,22,000/- (એક કરોડ અડસઠ લાખ બાવીસ હજાર) ગ્રેજ્યુઈટીની ગ્રાન્ટ આઈ.સી.ડી.એસ. વિભાગ ગાંધીનગર દ્વારા ડાંગ જિલ્લાને ફાળવવામા આવતા ખુશી વ્યાપી જવા પામી ડાંગ જિલ્લામાં નિવૃત થયેલ 50 જેટલી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ ડોક્યુમેન્ટસનાં અભાવે ગ્રેજ્યુઈટીની રકમ ન મળતા ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન સુભાષભાઈ ગાઈનને રજુઆત કરી હતી.પ્રમુખ નિર્મળાબેન એસ.ગાઈન દ્વારા બહેનોની રજુઆત સાંભળી તાત્કાલિક આઈ.સી.ડી.એસ. શાખાનાં અધિકારી અને સ્ટાફને બેસાડી આ પ્રશ્નને ખુબ ઝડપથી હલ લાવવાના આદેશ આપી આહવા, વઘઈ અને સુબીર તાલુકા પ્રમાણે બહેનોનાં ગૃપ બનાવી જે બહેનો પાસે જુના ડોક્યુમેન્ટ હોય, ડોક્યુમેન્ટ્સનાં આધારે વેરીફીકેશન કરી તેઓને ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવા જણાવવામાં આવ્યુ હતુ.તથા જેઓની પાસે આવા ડોક્યુમેન્ટ્સ ના હોય તેઓનુ કોઈ તાલીમનું પ્રમાણપત્ર અથવા તેઓને ચુકવાયેલ પગાર કે રજીસ્ટરમા નોંધ, કે જુનો કચેરી રેકર્ડ તપાસ કરી વહેલી તકે ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવા સૂચના આપી હતી. ડાંગ જિલ્લામાં કુલ ત્રણ ઘટકો આહવા, વઘઈ અને સુબીર મળી કુલ 441 આંગણવાડીઓ કાર્યકરત છે. જેમાં નિવૃત આંગણવાડી કાર્યકર/તેડાગર માટે ગ્રેજ્યુઈટી ચુકવણા કરવા જિલ્લાને રૂ. 42,01,000/- ની ગ્રાન્ટ મળેલ હતી. જે પૈકી રૂ. 28,71,318/- નો ખર્ચ થયેલ હતો. પરંતુ બાકી રહેલ નિવૃત કાર્યકર/તેડાગર બહેનો દ્વારા ડીસેમ્બર-2023 માં પ્રમુખ ડાંગ જિલ્લા પંચાયતને રજુઆત કરતા પ્રમુખ દ્વારા તાત્કાલિક ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયા,ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ હળપતિ, નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય વિજયભાઈ પટેલને લેખીત અને મૌખિક રજુઆત કરી આ ડાંગ જિલ્લાની બહેનોનો પ્રશ્ન મુખ્યમંત્રી સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

# સાવરકુંડલા વિધાનસભા મત વિસ્તારના રબારીકા ગામે લોકદરબાર યોજતા ધારાસભ્ય કસવાલા



(એજન્સી) સાવરકુંડલા । તા. 20

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના રબારીકા(તા.જેસર) ગામે છેલ્લા ઘણા સમયથી ગામની આવશ્યક સુવિધાઓ અંગે ગત લોકસભા ચુંટણીના મતદાનના દિવસે ગામ લોકો દ્વારા સક્ષમ અધીકારીશ્રી તથા મિડીયા સમક્ષ આક્રોષ વ્યકત કરેલ જે બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા રબારીકા ગામના પ્રશ્ન અંગે ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ જેના અનુસંધાને જાગૃત ધારાસભ્યશ્રી દ્વારા આચાર સંહિતા પૂર્ણ થતા તરત જ રબારીકા ગામના પ્રશ્નો અંગે લોકદરબારનું આયોજન કરવામાં આવેલ આ લોકદરબારમાં પ્રાંત અધીકારીશ્રી મહુવા, મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધીકારી જેસર તથા સબંધીત વિભાગના અધીકારીશ્રીઓને હાજર રાખી તા.૧૯-૦૬-૨૦૨૪ના રોજ લોકદરબાર યોજવામાં આવેલ આ લોકદરબારમાં ગામ લોકો તથા સરપંચશ્રી હર્ષરાજભાઇ શિવરાજભાઇ વિંછીયા દ્વારા ગામના ખરાબ રોડ રસ્તા, પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સબંધીત વિભાગોને તાત્કાલીક રબારીકા ગામના પ્રશ્નો હકારાત્મક નિકાલ કરવા ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ.

# જાફરાબાદમાં અવીરત શિક્ષણનું ઝરણું વહેતુ રાખતી સંસ્થા કેળવણી ઉત્તેજક મંડળ

## ખારા જળમાં મીઠી વીરડી સમાન 1926થી અડિખમ સંસ્થા

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ સંસ્થા સંચાલિત ૯૮ વર્ષ જૂની શાળા પારેખ અને મહેતા તથા ટી. જી.સંઘવી પ્રાથમિક શાળા તેમજ કે. પી. મહેતા માધ્યમિક શાળામાં ચાલતું શિક્ષણ અભિયાન, સામાજિક અભિયાન અને વૈદકિય અભિયાન આજે પણ અવિરત ચાલતુ રહેલ છે અને તાજેતરમાં સ્કૂલ કેમ્પસના દરેક વિભાગમાં નવીનીકરણ, કલર કામ, સ્ટાફ તથા વિદ્યાર્થીઓ માટે યુંરીનલ બ્લોક કરીને છે બાળકોને શિક્ષકોને અને વાલીઓને પડતી મુશ્કેલીનો અંત લાવી અને સંસ્થા દ્વારા અત્રે ૫૦ થી ૬૦લાખ રૂપિયા જેવું ખર્ચ કરી બને તેટલા સુધારાઓ કરી અને સંસ્થાને સુંદર રાખવા, બાળકોના અભ્યાસ સુધારવા ખુબજ જહેમત ઉઠાવેલ છે તે બદલ ખરેખર જાફરાબાદની તમામ પ્રજા અને જાફરાબાદ વાસીઓ અને આજુબાજુના વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ આ અંગે ઉપરોક્ત સંસ્થાનો અને તેના વહીવટ કર્તા ટ્રસ્ટી મંડળનો ખુબ ખુબ અંતઃ કરણ પૂર્વક આભાર મને છે અને સંસ્થા અને ઉપરોક્ત સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરે અને સંસ્થાનું નામ આખા અમરેલી જીલ્લામાં અને ગુજરાત રાજ્યમાં રોશન કરે તેવું ઈચ્છે છે. તેમજ



વધારામાં જણાવવાનું કે જાફરાબાદ મા છેલ્લા ઘણા વખતથી ખોટી અફવાઓ ફેલાઈ ગઈ છે કે આ સંસ્થા સંચાલિત પારેખ અને મહેતા હાઈસ્કૂલ બંધ કરી દેવાના છે તે અંગે મેં રૂબરૂ પ્રમુખ શ્રી કિરીટભાઈ ને ફોન કરી પૂછતા તેઓએ અમોને જણાવેલ છે કે અમે અત્યારના બધાજ ટ્રસ્ટી મંડળના સભ્યો પારેખ અને મહેતા હાઈસ્કૂલ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છીએ, અમારા માટે આમારી શાળા પારેખ અને મહેતા હાઈસ્કૂલ જ છે હું હાલના પ્રમુખ તરીકે આપણે ખાતરી આપું છું કે અમારા સમયમાં આ ખારાપટમાં મીઠા જળ સમાન પારેખ અને મહેતા હાઈસ્કૂલમાં અમારા જેવા હજારો વિદ્યાર્થીઓની લાગણી દુભાય તેવું કાર્ય થવા દેશું નહિ, ક્યારે કરીશું પણ નહિ, તો પ્રમુખ શ્રી ની ખાતરી હું મારા વક્તવ્ય દ્વારા જાફરાબાદની પ્રજાને રજુ કરું છું.

# નમારીયા ગામે જુગાર રમતા ઈસમોને 21, 650 રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લીધા

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના નમારીયા ગામમાં ચાલતા જુગાર ઉપર તિલકવાડા પોલીસે છાપો મારી મુદ્દામાલ સાથે જુગારીઓ ને ઝબ્બે કર્યા છે. તિલકવાડા પોલીસ મથકના પીએસઆઈ જે. એમ. લટા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ ને મળેલી બાતમીના આધારે નમારિયાં ગામમાં જુગાર ઉપર રેડ કરતા ભાદરવા દેવ મંદિરના ઓટલા ઉપર જુગાર રમતા



જુગારીઓ માં (૧) દિપક બાવાભાઈ બારીયા (૨) કંચન હીરાભાઈ બારીયા (૩) ભરત મથુરભાઇ તડવી (૪)સાકીર ઈસબખા નકુમ તમામ રહે.નમારીયા તા.તિલકવાડા જી.નર્મદા (૫) અલ્પેશ ઉર્ફે કલ્પેશ મનસુખભાઇ બારીયા રહે-નમારીયા (૬) વિશાલ ગોપાલભાઇ તડવી રહે-નમારીયા (૭) અક્ષય ઉર્ફે અખાભાઇ ગોલાભાઇ ભીલ રહે-નમારીયા (૮) વીજય ઉર્ફે અબ્દુલ ભુપેન્દ્રભાઇ ઉર્ફે ભુપતભાઇ તડવી રહે. નમારીયા નાઓ જુગાર રમી-રમાડતા તેમની અંગ ઝડતી માંથી રોકડા રૂ.૧૧,૯૨૦/- તથા દાવ ઉપરના રૂ.૪,૭૩૦/- મળી કુલ જુગારના રોકડા રૂ.૧૬,૬૫૦/- તથા મોબાઈલ ફોન નંગ- ૦૧ કિ.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૨૧,૬૫૦/- ના મુદ્દામાલ સાથે પકડ્યા હતા.

## કુદરતી આપત્તી સામે આગોતરુ આયોજન કરવા માટેની ચર્ચા કરતા જાગૃત ધારાસભ્ય કસવાલા

# સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે પ્રિમોનસુન કામગીરી અંગે પ્રાંત અધીકારી અને ધારાસભ્ય કસવાલાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

(એજન્સી) સાવરકુંડલા । તા. 20

ચોમાસાની સીઝન હાલ શરૂ થઈ ગયેલ છે ત્યારે રોડ, રસ્તા, વિજળીની લોકહિતાર્થે જાળવણી બાબતે સાવરકુંડલાના પ્રાંત કચેરી ખાતે મિટીંગ યોજાયેલ હતી જેમા પ્રાંત અધીકારીશ્રી ભાલાળા મેડમ તથા હોનહાર જાગૃત ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલાના અધ્યક્ષ સ્થાને મિટીંગ મળી હતી. આ મિટીંગમાં આરોગ્ય, રોડ, રસ્તા, વિજ પ્રશ્નો જેવા તાર્તીક મુદ્દાઓને ખાસ ધ્યાને લેવામાં આવેલ હતા. ધારાસભ્યશ્રી કસવાલાએ આ મિટીંગમાં જુની જર્જરીત ઈમારતો દુર કરવા, શહેરી વિસ્તારમા વરસાદના કારણે ભરાતા પાણીના નિકાલ માટે આગોતરૂ આયોજન કરવા નગરપાલીકાને જરૂરી સુચનાઓ આપી હતી તથા



માર્ગ મકાન વિભાગને વરસાદી વાવાઝોડાના કારણે રોડ રસ્તાઓ બંધ ન થાય તે માટે તાકીદ કર્યા હતા અને નદીઓમાં પુર આવવાના કારણે કોઇ જાનમાલની નુકશાની ન થાય તે માટે વહીવટી તંત્રને જરૂરી પગલા લેવા બાબતે તાકીદ કર્યા હતા આ સાથે મામલતદારશ્રી અને ટી.ડી.ઓશ્રીને શેત્રુંજી નદીના કાંઠાના ગામોને સાવચેત રાખવા તેમજ પુરના કારણે અસર કરતા ગામોના લોકોને આશ્રય આપવા માટેના આશ્રય સ્થાનો નક્કી કરી રાખવા બાબતે ચર્ચા કરી હતી તેમજ ખુબજ જરૂરી એવુ PGVCL વિભાગને ચોમાસાની સિઝન દરમ્યાન વિજપુરવઠો બંધ ન થાય તે માટે વિજ પોલ, તારની મરામત કરવી ઉપરાંત વિજતાર પસાર થતા હોય તે જગ્યા ઉપરના ઝાડવાનું કટીંગ કરવુ વગેરે બાબતને ધારાસભ્યશ્રી કસવાલાએ ચર્ચા કરી હતી તેમજ સિંચાઇ વિભાગને મામલતદારશ્રી અને ટી.ડી.ઓશ્રી સાથે સંકલન કરી સ્ટેટ હસ્તકના ડેમની સલામતી તેમજ ડેમ ઓવરફલોના કારણે નીચાણ વાળા વિસ્તારોને સાવચેત કરવા અને નદીના પટમાં અવર જવર ન થાય તે માટેની કાળજી રાખવી, નાની સિંચાઇ યોજના તળેના ગ્રામ્ય કક્ષાએ આવેલા તળાવો, ચેકડેમોને જરૂરી મરામત કરવી તેમજ ગામ લોકોને સાવચેત કરવા અને આરોગ્ય વિભાગને ભારે વરસાદના કારણે રોગચાળો ન ફેલાય તે માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ રાખવા બાબતે ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા અને નગરપાલીકા પ્રમુખશ્રી મેહુલભાઇ ત્રિવેદીએ લોક ઉપયોગી ચર્ચાઓ કરી હતી તેમજ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઇન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવાયુ હતુ.

# ડાંગનું ગૌરવ ખેલ મહાકુંભમાં 2 ગોલ્ડ, 7 સિલ્વર અને 3 બ્રોઝ મેડલ મેળવી કુલ 12 મેડલ

સુશીલ પવાર : ડાંગ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ 2.0 અંતર્ગત પંચમહાલ ખાતે રાજ્યકક્ષાની આર્ચરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્યારે આ રાજ્યકક્ષાની આર્ચરી સ્પર્ધામાં ડાંગ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા વિદ્યાર્થીઓનાં કોચ જીતેન્દ્ર રાજપૂતનાં માર્ગદર્શન હેઠળ સૌથી વધુ મેડલ



મેળવવામાં આવ્યા છે. ડાંગ જિલ્લાનાં વિદ્યાર્થીઓ દ્વારા રાજ્ય કક્ષાની રમતમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ મેડલ મેળવ્યા છે.જેમાં બે ગોલ્ડ, સાત સિલ્વર અને ત્રણ બ્રોઝ મેડલ મેળવી કુલ બાર મેડલ ડાંગ જિલ્લાએ પ્રાપ્ત કર્યા છે.સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ આર્ચરી સ્પર્ધામાં મેડલ મેળવતા જિલ્લા રમતગમત કચેરી દ્વારા બધા જ રમતવીર વિદ્યાર્થીઓ તથા કોચ જીતેન્દ્ર રાજપૂત તથા શાળા પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જાફરાબાદ ખાતે તુર્કી મુસ્લિમ સમાજ દ્વારા ચોથી જાગીરનું સન્માન કરવામાં આવ્યું



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ ખાતે તુર્કી મુસ્લિમ સમાજ દ્વારા ચોથી જાગીર ગણાતા પત્રકારોનું સન્માન તા/૧૯/૦૬/૨૦૨૪ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા જાફરાબાદના ગુજરાત લાઈવ ન્યુઝ પત્રકાર અકબર સૈયદ તેમજ પત્રકાર કાળુશા કનોજીયા નું તુર્કી સમાજ દ્વારા શાલ ઓઢાડીને ગિફ્ટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું પત્રકારો અખબારની થાળીમાં વિવિધ વાનગીઓ ભરે છે. તેની ખબર વાચકો સુધી પહોંચે છે. પત્રકારત્વને દુનિયા ને પત્રકારત્વ કઈ રીતે જુએ છે. એ વધારે ઈમ્પોટન્ટ છે. પત્રકારત્વને ચોથી જાગીર કઈ સાવ મફતમાં નથી કહી સમર્થ પત્રકાર પોતાની સ્વતંત્ર સરકાર ચલાવી શકે છે. સત્તાધારી નેતા ઓ અને ભ્રષ્ટાચારીઓના તખ્તા ઉખાડી નાખવાનું કૌવત પણ પત્રકાર ની કોલમમાં કલમમાં હોય છે. હાલના સંજોગોમાં સૌથી વધુ રિસ્ક સાથે કોઈ કૉમ્યુનિટી કામ કરતી હોય તો તે છે. પત્રકારો ડોક્ટર ને મેડીકલ સાયન્સ ખબર છે. પોલીસ તેની ફરજ બજાવે છે. અને નજર સામે પણ હોય છે. જ્યારે પત્રકારો ક્યારેક સામે દેખાતા નથી કોરોના યુગમાં પત્રકાર પોતાની જાનનું જોખમ હોવા છતાં દર્દીઓ સુધી પહોંચી તેની વેદના ને વાંસા આપવામાં પણ પછી પાની કરી નથી કે પછી કોઈ કુદરતી આફત સામે પોતાનો જીવ જોખમમાં મૂકી કવરેજ કરતો પત્રકાર પોતાના જીવનનું જોખમ તે લઈ ને ફરતો હોય છે. દુનિયા માં શું ચાલે છે તે સમાજ સુધી પહોંચાડે છે. ઘર પરિવાર ના લોકો પણ ગર્વ કરે એવું કામ પત્રકાર હંમેશા સત્ય ની કલમ હંમેશા માટે ખિસ્સામાં મૂકી ને ચાલે છે. અસત્ય ને હમેશાં ખુલ્લું પાડે છે. પત્રકાર જ્યારે નીકળે છે. ઘરની બહાર ત્યારે સમાજમાં શું ચાલી રહ્યું છે તે લોકો સુધી પહોંચે તેની કાળજી રાખે છે. પત્રકારો જે ઓછી આવકમાં પણ ખતરો લે છે. તરફેણ માં લખો તો ઠીક વિરુદ્ધ લખો તો નારાજગી ખૂણે ખાંચરેથી વાતો લાવવાથી જોખમી વિસ્તારમાં પગ મૂકવાનો સોશ્યલ મીડિયા યાના યુગમાં પત્રકાર શબ્દ મોટો થતો જાય છે. જ્યારે પણ પત્રકારો મળે તમારા વિસ્તારમાં આ પ્રજાતિ દેખાય તો બે ચાર તાળીઓ રાજકારણીઓ અને તંત્રને જાગતા રાખનાર માટે વગાડ જો ભારતમાં તંત્રને ધબકતું રાખવાનાં આ ચોથી પીલર જાન લગાવી દે છે.



# જામનગરમાં વૈષ્ણવ સમાજ દ્વારા મહારાજ ફિલ્મ સામે ઉગ્ર વિરોધ ગુનો નોંધવા માંગ

વિશાલ જે હરવરા : જામનગર

જામનગરમાં વૈષ્ણવ સંપ્રદાયમાં પણ યશરાજ ફિલ્મની ઓટીટી પ્લેટફોર્મ પરની મહારાજ ફિલ્મ સામે ઉગ્ર રોશ સાથે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો આ મુદ્દા પર જામનગરની મોટી હવેલીના પૂજ્ય વલ્લભ રાયજી મહોદયની આગેવાની હેઠળ વિશ્વ હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ ભરતભાઈ મોદી, વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરિયા, હિંદુ જાગરણ મંચ નાં અધ્યક્ષ ભરતભાઈ ફલિયા, સામાજીક અગ્રણી ભરતભાઈ અનડકટ, હિંદુ સેના ગુજરાત પ્રમુખ પ્રતિકભાઈ ભટ્ટ, વૃજલાલ પાઠકદાદા, એડવોકેટ ધર્મેશભાઈ ગોંડલીયા,સામાજીક કાર્યકર પ્રદિપસિંહ રાઠોર,અમીબેન પરીખ તેમજ જામનગર નાં તમામ હિન્દુ સંગઠનો સાથે વિશાળ સંખ્યામાં વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓએ પોલીસ અધિક્ષકની કચેરી પર જઈ આવેદનપત્ર પાઠવી ને આ ફિલ્મ જેમના પરથી બની છે તે ફિલ્મ નાં લેખક સૌરભ શાહ પ્રકાશક આર આર શેઠ એન્ડ કંપની તેમજ ફિલ્મ બનાવનાર યશરાજ ફિલ્મ પ્રાઈવેટ લિમિટેડ અને પ્રદર્શિત કરનાર નેટ ફ્લિક્સ ઈન્ડિયા સામે હિંદુ ધર્મ ની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવા અંગે ગુનો નોંધવા માંગણી કરવામાં આવી હતી.

# સાવરકુંડલાના બાયપાસ નજીક 5 કરોડના ખર્ચે અમૃત સરોવરનું સ્વપ્ન થશે સાકાર

## સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ અમૃત સરોવરનું કર્યું ખાત મુહર્ત

(એજન્સી) સાવરકુંડલા । તા. 20

સાવરકુંડલા શહેરમાં હરવા ફરવા લાયક એકમાત્ર જાહેર જનતા બાગ સિવાય કશું ના હોવાથી સાવરકુંડલા માં આવતા મહેમાનો અને સાવરકુંડલા વાસીઓને વાર તહેવારે કે રવિવારે ક્યા જવું તેની મુશ્કેલીઓનો અંત ટુંક સમયમાં આવશે કેમ કે નિષ્ઠાવાન ધારાસભ્ય મહેશ કસવાળાની શહેરીજનો પ્રત્યેની લાગણીઓ અને વિકાસ તરફની રાજ્ય સરકારની સંવેદનશીલતાને લઈને સાવરકુંડલા મહુવા બાયપાસ ખાતે આવેલ પ્રખ્યાત આકાશી મેલડી મંદિર અને લીલાપીર નજીક નો ભેસાણ ડેમ સાઈટ પર 5 કરોડના ખર્ચે અમૃત સરોવર બનાવવાના આજે અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાના વરદહસ્તે ખાત મહૂર્ત કરવામાં



આવેલ હતું સાવરકુંડલા શહેરને નવું નજરાણું મળી રહે અને અમરેલી જિલ્લા માંથી અમૃત સરોવર નિહાળવા લોકો આવે તેવું અદભુત અમૃત સરોવર 5 કરોડના ખર્ચે બનવા જઈ રહ્યું હોય જેના ખાત મુર્હૂત પ્રસંગે જ સાંસદ સુતરીયા અને ધારાસભ્ય કસવાળાએ વધુ એક વિકાસની ભેટ સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આપી હોવાની પ્રતીતિ શહેરીજનો કરી રહ્યા હતા ને ખાત મુહર્ત પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# કરજણ ડેમ રિઝર્વમાં જૂનારાજ તરફ જવાના બોટિંગ પોઈટ ખાતે મોકડ્રીલ યોજાઈ



ભરત શાહ : રાજપીપળા

નાંદોદ તાલુકાના જુનારાજ ગામ તરફ જવાના રસ્તા પર કરજણ ડેમ રિઝર્વમાં (બોટિંગ પોઈન્ટ પાસે) ડૂબતા વ્યક્તિને બચાવવા અંગે સ્થાનિક તરવૈયાઓ તેમજ રાજપીપલા નગરપાલિકાની ફાયર ટીમ સાથે તાલુકા કક્ષાની મોકડ્રીલ યોજાઈ હતી. આ મોકડ્રીલ દરમિયાન ડીઝાસ્ટર મામલતદાર, નાંદોદના મામલતદાર તેમજ રાજપીપળા નગરપાલિકા ફાયર વિભાગની ટીમ, જૂનારાજ ગામના સરપંચની ઉપસ્થિતિ માં પુર માટેની મોકડ્રીલનું યોજાઈ હતી. જેમાં આપદા મિત્રો તેમજ ગ્રામ્ય કક્ષાના તરવૈયાઓ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી હતી.

# જાફરાબાદ ખાતે જોખમી રૂપે લટકતાં લાઈટના ટાવરને રીપેરીંગ કરતું પાલિકા



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ ખાતે ભરચક્ક વિસ્તારમાં આવેલા લાઈટના ટાવર નુ છાપામાં સમાચાર પ્રસિદ્ધ થતા તથા સોશ્યલ મીડિયામાં પ્રસિધ્ધ થતાં આજરોજ પાલિકા દ્વારા લાઈટના ટાવર નો ઉપલોભાગ લટકતો હોય તે રીપેરીંગ કરવામાં આવ્યો હતો ઘણા સમયથી લાઈટનો ટાવર બંધ હાલતમાં હતો અને તે નો ઉપલોભાગ મોતના માંચડા સમાન લટકતો અને હલકડુલ થતો હોય અને આ ટાવર ભરચક્ક વિસ્તારમાં હોય મોટી જાનહાનિ થાય તેવી સ્થિતિમાં તેનો ઉપલોભાગ લટકતો હોય તે બાબતના સમાચારપત્રોમાં રજુઆત થતાં પાલિકા જાગી કામે લાગી ગઈ હતી.

# દાહોદ જિલ્લાના 3,52,201 બાળકોને 23 જુન રવિવારના રોજ પોલિયો વિરોધી રસી અપાશે



દિપક રાવલ : દાહોદ

સામાન્ય રીતે બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી બચાવવા માટે રસીકરણ દ્વારા તેને આપણે સુરક્ષિત કરીએ છીએ. ૦ થી ૦૫ વર્ષના બાળકોને પોલીયો ટીપા પીવડાવી સુરક્ષિત રાખવાનું ઉમદા કાર્ય ૨૩ જૂનના રોજ, પોલિયો દિવસ નિમિત્તે દાહોદ જિલ્લામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે. પોલિયોનો કોઈ ઈલાજ નથી. દાહોદ જિલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત પોલિયો રવિવારના દિવસે ૩,૫૨,૨૦૧ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવશે. આ અંગે દાહોદ આરોગ્ય તંત્ર દ્વારા સંપુર્ણ આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ જિલ્લાના પાંચ વર્ષથી નીચેના ૩,૫૨,૨૦૧ બાળકોને રસી આપવા માટે ૧૪૦૯ રસીકરણ બૂથ તેમજ ૨૮૧૮ રસીકરણ ટીમો, બનાવવામાં આવી છે. પ્રત્યેક ટીમમાં આરોગ્ય કર્મચારીઓ, આશા, આંગણવાડી કાર્યકર તથા સ્વંયસેવકો ફરજ નિભાવશે. રસીકરણ એ પોલીયો નાબુદી માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. તે અંગેના તમામ આયોજનના અસરકારક અમલ માટે ૨૮૨ સુપરવાઈઝરો નીમવામાં આવ્યા છે. અંતરીયાળ વિસ્તારમાં કામગીરી કરવા માટે ૧૦ મોબાઈલ ટીમો અને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી સંખ્યામાં જ્યાં લોકો એકત્રિત થાય છે તેવી જગ્યાઓ માટે ૭૩ ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે. જેના મારફતે ૨૩ જુન રવિવારના રોજ પોલીયો બૂથ પર ટીપા પીવડાવવામાં આવશે.

# રાજુલા પીપાવાવ રેલ્વે ટ્રેક ઓળંગવા જતા એશિયાઈ સિંહોને વનકર્મીઓ દ્વારા બચાવી લેવામાં આવ્યા



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલા પીપાવાવ રેલવે ટ્રેક એશિયાઈ સિંહો માટે કાળમુખો સાબિત થઈ રહ્યો છે. ત્યારે, વનકર્મીઓ ની સખત મહેનત રંગ લાવી રહી છે. વનકર્મીઓ સિંહો ને રેલવે ટ્રેક પરથી ખસેડવા સતર્ક રહી સિંહો ને ટ્રેનની હડફેટે આવતા રોકી રહ્યાં છે. જે ખુબજ સરાહનીય કાર્ય છે. સિંહો ને બચાવનાર તમામ વનકર્મીઓ ને વનવિભાગ તથા સરકારે બિરદાવવા જ જોઈએ.

જો કે, રેલવે ટ્રેક પર સિંહો નાં મોત નાં મુદ્દે નામદાર ગુજરાત હાઈકોર્ટ આકરા પાણીએ છે. ત્યારે, વનકર્મીઓ ની સિંહો ને બચાવવા માટેની કવાયત ને પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્યાને લેશે. વનકર્મીઓ સતત સિંહોને બચાવવા મહેનત કરી રહ્યાં છે. ત્યારે, આ સમસ્યાનો કાયમી ઉકેલ પણ લાવવો જ રહ્યો. ફરીથી એકવાર વનકર્મીઓ ને ધન્યવાદ અને સિંહોને સુરક્ષિત રાખવા બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કરતા પર્યાવરણ પ્રેમીઓ.

# સામુહિક આરોગ્ય કેન્દ્ર, નેત્રંગમાં સાધનો અને સ્ટાફ મુકવા MLA ચૈતર વસાવાની આરોગ્ય મંત્રીને રજૂઆત

ભરત શાહ : રાજપીપળા

ભરૂચ જિલ્લા ના નેત્રંગ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં સાધનો અને ઘટતો સ્ટાફ મૂકવા ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા એ આરોગ્ય મંત્રી ને રજૂઆત કરી છે. ચૈતર વસાવા એ કરેલી રજુઆત માં જણાવ્યું છે કે ભરૂચ જિલ્લાના એક લાખ જેટલી વસ્તી ધરાવતા નેત્રંગ તાલુકાના લોકોની ફરિયાદોને ધ્યાને લઇ, તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ, તાલુકાની એક માત્ર સરકારી હોસ્પિટલ સામુહિક આરોગ્ય કેન્દ્ર નેત્રંગની રૂબરૂ મુલાકાત કરતા ગંભીર બાબતો ધ્યાને આવેલ છે. આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને અપૂરતા સ્ટાફ અને અપૂરતા સાધનોને કારણે ઘણી હાલાકીનો સામનો કરવો પડે છે. આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સોનોગ્રાફી મશીન છે. પણ આજદિન સુધી એક પણ દર્દીનો રિપોર્ટ કરેલ નથી. કેમકે ગાયનેક ડોકટર જ નથી. એક્સ-રે મશીનનો ટેકનીશિયન કાયમી નથી, અઠવાડીયે એકાદ વાર આવે-તો આવે, ન પણ આવે, લેબોરેટરી માટે લેબ ટેકનીશયન નથી. હાડકાના સર્જન નથી. અહી સ્વીપર ન હોવાના કારણે મૃતદેહ ને પીએમ કરાવવા મૃતકના સગા એ પોતે ગાડી ભાડે કરી, વાલીયા ખાતે લેવા-મુકવા જવું પડે છે. અને મૃતદેહ ના પીએમ માટે સ્વીપરને એક ડેડબોડી દીઠ ૩૦૦૦ રૂપિયાનો ચાર્જ ચૂકવવો પડે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### તાલાલા વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપને માત્ર 33 મતની લીડ મળી : 'જે ખાટા ઓડકાર આવ્યા છે તે હવે નહીં આવવા દઉં'

# ભાજપના સાંસદની ભાજપના જ કાર્યકરોને ચેતવણી

### રાજેશ ચુડાસમાએ કહ્યું 'પાર્ટી હિસાબ કરે કે ના કરે પણ મને જે નડ્યા છે એને હું મૂકવાનો નથી'



(એજન્સી) ગીર સોમનાથ (વેરાવળ) | | તા.20

વેરાવળના ડૉ. અતુલ ચગ આત્મહત્યા કેસમાં સાંસદ રાજેશ ચૂડાસમાનું નામ આવ્યું હોવાથી લોકસભાની ચૂંટણી સમયે જૂનાગઢની બેઠક ચર્ચામાં હતી. ત્યારે સાંસદના આભાર દર્શન કાર્યક્રમમાં રાજેશ ચુડાસમાના વિવાદિત નિવેદનથી ફરી ચર્ચામાં આવ્યા છે. જૂનાગઢ લોકસભા બેઠક પર ત્રીજી વાર વિજેતા બની હેટ્રિક લગાવનાર ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ જાહેરમંચ પરથી કહ્યું કે, 'આ લોકસભા ચૂંટણીમાં મને જે નડ્યા છે. તેનો ભારતીય જનતા પાર્ટી હિસાબ કરે કે ના કરે પરંતુ હું આગામી પાંચ વર્ષ કોઈને મૂકવાનો નથી'. સાંસદના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ખડભળાટ મચ્યો છે.
લોકસભા ચૂંટણીમાં વિજેતા બન્યા બાદ ગીર-સોમનાથ જિલ્લાની તાલાલા વિધાનસભા બેઠક પરના પ્રાચી મુકામે સાંસદ રાજેશ ચુડાસમાના આભાર દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આ આભાર દર્શન કાર્યક્રમમાં ભાજપના કાર્યકર આગેવાનોને સંબોધન કરતા જાહેરમંચ ઉપરથી રાજેશ ચુડાસમાનું વિવાદિત નિવેદન સામે આવ્યું છે.
રાજેશ ચુડાસમાએ જણાવ્યું હતું કે, છેલ્લી બે ટર્મનાં 10 વર્ષ દરમિયાન તમને જે ખાટા ઓડકારો આવ્યા છે એ હવે આગામી પાંચ વર્ષમાં એકપણ ખાટો ઓડકાર નહીં આવવા દઉં તે ભગવાન માધવરાયની સાક્ષીએ કહું છું. આ સાથે ભાજપ પાર્ટી હિસાબ કરે કે ના કરે પણ હું આગામી પાંચ વર્ષમાં મને જે આ ચૂંટણીમાં નડ્યા છે એને મૂકવાનો નથી. આવું જાહેરમંચ પરથી સાંસદનું વિવાદિત નિવેદન આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. અત્રે નોંધનીય છે કે, આ લોકસભાની ચૂંટણીમાં તાલાલા વિધાનસભા બેઠક પર ભાજપના રાજેશ ચુડાસમાને માત્ર 33 મતની જ લીડ મળી છે. તાલાલા વિધાનસભા બેઠકમાં ભાજપને ગત લોકસભા 2019માં 12 હજાર અને વિધાનસભા 2022માં 22 હજારની લીડ હતી. જેમાં ધરખમ ઘટાડો થયો છે. ભાજપ પાર્ટીમાં જૂથવાદની વિપરીત અસર લોકસભા ચૂંટણીમાં સામે આવી છે. આ પાછળનું કારણ એવું છે કે, ગત લોકસભા 2019 ચૂંટણીમાં તાલાલા વિધાનસભાના ધારાસભ્ય ભગવાન બારડ કોંગ્રેસના ધારાસભ્ય હતા એટલે કે રાજેશ ચુડાસમાની સામે હતા. તો પણ તાલાલા વિધાનસભા બેઠક પર 12 હજાર જેટલી લીડ મળી હતી. ત્યારબાદ ભગવાન બારડ પક્ષપલટો કરી ભાજપમાં ભરતી થાય છે.

## ન્યૂઝ કોર્નર

### રહેમતનગરમાંથી ડિગ્રી વગર ડોક્ટરને ઝડપી પડાયો...

પંચમહાલ | ગોધરા શહેરના રહેમતનગર ચિખોદ્રા પાસે ડિગ્રી વગર ગેરકાયદેસર દવાખાનું ચલાવતા એક બોગસ ડોક્ટર ઝડપાયો હતો. પંચમહાલ જિલ્લાના શહેરી વિસ્તારમાં માન્ય ડિગ્રી વગર ગેરકાયદે રીતે દવાખાનું ખોલી અને બોગસ ડોક્ટર લોકોની સારવાર કરી રહ્યો હોવાની બાતમી ગોધરા એસ.ઓ.જી. શાખાના અધિકારીઓ અને ગોધરા તાલુકા મહેલોલ પીએસસી સેન્ટર મેડિકલ ઓફિસરને મળી હતી. જે બાતમીના આધારે ડિગ્રી વગર ગેરકાયદે રીતે દવાખાનું ચલાવતા એક તબીબને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.
પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી પંથકના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ડિગ્રી વગરના બોગસ તબીબ બિન્દાસપણે પ્રેક્ટીસ કરી રહ્યાં હતા. કોઈપણ જાતની ડિગ્રી કે તબીબી અનુભવ વગરના આવા લેભાગુ તત્વો અંતરિયાળ અને શેહરી વિસ્તારમાં દવાખાનું ખોલી લોકોની સારવાર પણ કરી રહ્યાં હોવાની અવારનવાર લોક રજૂઆતો પણ ઉઠી હતી.

### સો. મીડિયામાં ફેમસ થવા સૂતાં સૂતાં બાઇક ચલાવી

મોરબી | સોશિયલ મીડિયામાં રિલ્સ બનાવવા માટે થઈને જાણે ઘેલછામાં લોકો પોતાનું જીવ પણ જોખમમાં મુકતા હોય છે. તેમ ઘણી વખત કાયદાનો ભંગ થતો હોય તેમ છતાં પણ હાઈવે રોડ ઉપર જોખમી સ્ટંટ કરીને રિલ્સ બનાવવામાં આવતી હોય છે. આવી જ રીતે વાંકાનેર તાલુકાના જાલીડા ગામના બોર્ડ પાસેથી નેશનલ હાઈવે રોડ ઉપર જોખમી સ્ટંટ કરતા એક બાળકિશોર બાઈક ઉપર નીકળ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને પોલીસે બાળકિશોરની પૂછપરછ કરવામાં આવી હતી અને તેના પિતાની ધરપકડ કરીને પોલીસે આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી હતી.

### દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો : કપરાડામાં દોઢ ઈંચથી વધુ ખાબક્યો, અંડરપાસમાં પાણી ભરાતાં વાહનચાલકો પરેશાન

# દ. ગુજરાતમાં ચોમાસું જામ્યું : વલસાડમાં ધોધમાર વરસાદ

**વલસાડ | ગુજરાતમાં આ વર્ષે ચાર દિવસ વહેલું ચોમાસું પહોંચ્યું હતું. 11 જૂને દક્ષિણ ગુજરાતથી ચોમાસાનું આગમન થયું હતું. પરંતુ, ચોમાસાના વિધિવત્ આગમનના નવ દિવસ બાદ પણ ચોમાસું હજી પણ દક્ષિણ ગુજરાતમાં જ અટવાયું છે. તો સૌરાષ્ટ્રમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે, પરંતુ વરસાદી માહોલ બરાબર જામતો નથી. છેલ્લા 24 કલાકની વાત કરીએ તો રાજ્યના 35 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. તો છેલ્લા 4 કલાકમાં એટલે કે સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં રાજ્યના 17 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના કપરાડામાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.**

ભારે વરસાદના કારણે વલસાડ શહેરના MG રોડ ઉપર વરસાદી પાણીનો ભરાવો થતા દુકાનદારોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. વહેલી સવારથી જ પાણી ભરાઈ જતાં દુકાન ખોલવામાં પણ તકલીફ પડી રહી છે. તો શહેરના નીચાણવાળા વિસસ્તારો જેમ કે છીપવાડ રેલવે અંડરપાસ અને છીપવાડ દાણાબજારમાં વરસાદી પાણીનો ભરાવો થતાં વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. આજે સવારે 8 વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં રાજ્યના 9 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડા, વાપી અને ઉમરગામમાં અડધો ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આ સિવાય અન્ય તાલુકાઓમાં 1 થી 9 મિમી સુધીનો વરસાદ નોંધાયો છે. આજે સવારે 6 વાગ્યાથી 8 વાગ્યા સુધીમાં રાજ્યના 13 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડામાં સવા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તો નર્મદા જિલ્લાના નાંદોદમાં અડધા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં 1થી 9 મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.





**છેલ્લા 24 કલાકમાં ક્યાં કેટલો વરસાદ પડ્યો?** છેલ્લા 24 કલાકમાં રાજ્યના 35 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ત્રણ ઈંચ, વલસાડ શહેરમાં પોણા ત્રણ ઈંચ, સુરતના પલસાણામાં દોઢ પોણા બે ઈંચ, નવસારીના જલાલપોરમાં પોણા બે ઈંચ, નવસારી શહેરમાં દોઢ ઈંચ, વાપીમાં દોઢ ઈંચ, પારડીમાં દોઢ ઈંચ, ચીખલીમાં એક ઈંચ, ડાંગ-આહવામાં અડધો ઈંચ અને ભરૂચના વાલિયામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં 1થી 9 મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

### મંગળવારે રાજ્યના 34 તાલુકામાં વરસાદ નોંધાયો હતો....

રાજ્યમાં મંગળવારે 34 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં જૂનાગઢના વિસાવદરમાં 1 ઈંચ, વલસાડના ધરમપુરમાં 1 ઈંચ, વલસાડના કપરાડામાં 24 મિમી, સુરેન્દ્રનગરના થાનગઢમાં 21 મિમી, ભરૂચના અંકલેશ્વરમાં 19 મિમી, અમરેલીના રાજુલામાં 16, નવસારીના ખેરગામમાં 15 મિમી, વલસાડમાં 12 મિમી, ભાવનગરના પાલિતાણામાં 11 મિમી, વલસાડના ઉમરગામમાં 11 મિમી, અમરેલીના કુકાવાવમાં 10 મિમી અને બાબરામાં 10 મિમી વરસાદ નોંધાયો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં 1થી 9 મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

### ક્યાં વરસાદ પડશે?

હવામાન વિભાગ દ્વારા ગતરોજની આગાહી અનુસાર આજે દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતાઓ છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં પણ છૂટાછવાયાં સ્થળો પર હળવો વરસાદ વરસી શકે છે. મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે તાપમાનમાં ઘટાડો આવ્યો છે. પરંતુ હ્યુમિડિટીમાં વધારો થતાં શહેરીજનોને બફારાનો અનુભવ થઈ રહ્યો છે. જે આગામી બે દિવસ યથાવત્ રહેવાની શક્યતાઓ છે.

### દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો

આજે વહેલી સવારથી જ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો. ક્યાંક હળવો તો ક્યાંક ધોધમાર વરસાદ પડી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. તો છેલ્લા 2 કલાકમાં વલસાડ જિલ્લાના કપરાડામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત નવસારી જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. તો ભરૂચ અને નર્મદા જિલ્લામાં પણ હળવો વરસાદ પડી રહ્યો છે.
રાજ્યમાં બુધવારે 31 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં વલસાડના ઉમરગામમાં પોણા બે ઈંચ, સુરતના પલસાણામાં દોઢ ઈંચ, નવસારીમાં સવા ઈંચ, જલાલપોરમાં એક ઈંચ, વાપીમાં 19 મિમી, પારડીમાં 17 મિમી, ડાંગ-આહવામાં 13 મિમી અને ઓલપાડમાં 11 મિમી વરસાદ નોંધાયો હતો. આ સિવાય અન્ય તાલુકાઓમાં 1થી 10 મિમી સુધીનો વરસાદ નોંધાયો હતો.

## સુરતમાં પાડોશી યુવકે હોમવર્ક કરતી કિશોરી સાથે બળજબરી

(એજન્સી) સુરત | તા.20

સુરતમાં પાલનપુર જકાતનાકા ખાતે 14 વર્ષની કિશોરી પર નજીકમાં રહેતા એક યુવક દ્વારા ગળું દબાવી દુષ્કર્મનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દરમિયાન કિશોરીએ બૂમાબૂમ કરતા નરાધમે કિશોરીના માથામાં ગેસનો નાનો બાટલો મારી દીધો હતો. જેથી તે બેભાન થઈ ગઈ હતી. કિશોરી ફરી હોશમાં આવતા નરાધમે પાંખે લટકાવવાનો પ્રયાસ કરી દીવાલમાં માથું અથડાવતા કિશોરી ઢળી પડી હતી. ત્યારબાદ નરાધમ ભાગી ગયો હતો. કિશોરીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેનું મેડિકલ ચેકઅપ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ રાંદેર પોલીસે પીડિતાના પિતાની ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે. પાલનપુર જકાતનાકા ખાતે શ્રમજીવી પરિવાર રહે છે. આ પરિવારમાં એક 14 વર્ષની કિશોરી પણ છે, જે હાલ ધોરણ નવમાં અભ્યાસ કરી રહી છે. ગતરોજ (19 જૂન) સવારે પિતા દીકરીને સ્કૂલે મૂકી આવ્યા હતા, ત્યારબાદ બપોરે કિશોરી ઘરે આવી હતી. દરમિયાન કિશોરી ઘરે એકલી હતી અને પોતાનું સ્કૂલનું હોમવર્ક કરી રહી હતી. ત્યારે નરાધમ યુવકે ઘરમાં પ્રવેશી કિશોરી સાથે બળજબરી કરી હતી.

## સુરતમાં BRTS બસ સ્ટેશનમાં 3 શખસે ધોકાથી બસના કાચ ફોડ્યા

સુરત | સુરતના ઉન વિસ્તારમાં આવેલા બીઆરટીએસ બસ સ્ટેશનમાં ત્રણ લોકોએ બસ સ્ટેશનના કેશિયર સાથે ઝઘડો કરી બસનો કાચ અને સીસીટીવી કેમેરા તોડી નાખ્યા હતા. બાદમાં ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સોમવારે મોડીરાત્રે બનેલી આ ઘટનામાં બસ ઓપરેટ કરતી એજન્સીએ ત્રણ લોકો સામે ભેસ્તાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સોમવારે રાત્રે 8 વાગ્યાના અરસામાં સુરત ઉન વિસ્તારમાં આવેલા બીઆરટીએસ બસ સ્ટેશનમાં આસીફ પિંજરી નામનો વ્યક્તિ તેના બે મિત્રો સાથે ઘૂસી આવ્યો હતો. આસિફે જણાવ્યું હતું કે, તેના પોકેટમાંથી રૂપિયા બસ સ્ટેન્ડમાંથી ગુમ થયા છે અને આ આરોપ તેણે સિટી બસના કર્મચારી અફઝલ હુસેન પર મૂક્યો હતો. જેના કારણે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. મામલો ઉગ્ર બનતા આસિફે અફઝલને તમાચો મારી દીધો હતો. એટલું જ નહીં આસિફ સાથે આવેલા અન્ય એક વ્યક્તિએ લોખંડની પાઈપથી બસ સ્ટેન્ડના કાચના દરવાજા તોડી નાખ્યા હતા. સીસીટીવી કેમેરાને પણ આરોપીઓ દ્વારા સળિયો મારી નીચે પાડી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત આરોપીઓએ બસનો કાચ પણ ફોડી નાખી ત્યાંથી નાસી ગયા હતા. આ સમગ્ર ઘટના અંગે કર્મચારી અફઝલે પોતાના ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી.

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની સ્વસ્તિક ચાર રસ્તા શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જ્યાએ
તા. ૧૫મી જુલાઈ ૨૦૨૪થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ., સ્વસ્તિક ચાર રસ્તા શાખા,
ગ્રાઉન્ડ ફ્લોર, કલાપૂર્ણમ, મ્યુનિસિપલ માર્કેટ પાસે,
સીજી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ., એસબીઆર - વેસ્ટપોર્ટ શાખા
ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, વેસ્ટપોર્ટ, તાજ હોટેલની પાસે,
સિંધુ ભવન રોડ, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

**બ્રેકિંગ ન્યૂઝ**

## હાહાકાર: મોરબીની બે સોસાયટીમાં ત્રણ મકાનના નકુચા તોડીને ચોરી

મોરબી | મોરબીના સામાકાંઠે વિસ્તારમાં તસ્કરોએ ધામા નાખ્યા હોય તે રીતે જુદી જુદી બે સોસાયટીમાં ત્રણ જેટલા મકાનમાં દરવાજાના નકુચા તોડીને તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી હતી અને ઘરમાંથી રોકડા રૂપિયા, ઘડિયાળ સહિતની ચીજ વસ્તુઓની ચોરી કરવામાં આવી હતી. જેથી આ બનાવની મોરબી બી-ડિવિઝન પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી. મોરબીના રામકૃષ્ણનગરમાં વી-6 નંબરના બ્લોકમાં રહેતા પ્રકાશભાઈ નારણભાઈ લહેરુના રહેણાંક મકાનને તસ્કરોએ રાત્રિના બેથી ચાર વાગ્યાના અરસામાં નિશાન બનાવ્યું હતું.

## ઝૂંપડામાંથી અપહરણ કરી બોટાદના ફાર્મ હાઉસમાં ગોંધી રાખી, 3 મહિના દુષ્કર્મ આચર્યું

(એજન્સી) સુરત | તા.20

સુરતમાં ચકચાર મચાવતી દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ ઘટના એવી છે કે, રાંદેર વિસ્તારમાં ઝૂપડામાં એક શ્રમજીવી પરિવાર રહે છે. આ પરિવારમાં 16 વર્ષની એક દીકરી છે. આ દીકરી પર બીજા કોઈએ નહીં પરંતુ તેના જ બે મામાએ નજર બગાડી હતી. બે મામા સહિત ત્રણ શખસે ભાણેજનું અપહરણ કરી બોટાદના એક ફાર્મ હાઉસ લઈ ગયા હતા. અહીં સગીરાને ત્રણ-ત્રણ મહિના ગોંધી રાખી હતી અને અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં દીકરીને મોકો મળતા જ તેની માતાને ફોન કરી આખો બનાવ કહ્યો હતો. આથી માતા દીકરીએ જણાવેલી જગ્યાએ પહોંચી હવસખોરના ચુંગાલમાંથી છોડાવી હતી. જો કે, વારંવાર દુષ્કર્મનો ભોગ બનતા સગીરાને 6 સપ્તાહનો ગર્ભ રહી ગયો છે. આ અંગે માતાએ રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર મામલે રાંદેર પોલીસ મથક પાસેથી જાણવા મળતી વિગતો મુજબ, રાંદેર રોડ પર જૂના કપડાનું વેચાણ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા શ્રમજીવી પરિવારની 16 વર્ષની દીકરી ગત 29 માર્ચના રોજ પોતાના ઘરમાંથી ગુમ થઈ ગઈ હતી. તેની માતા અને પરિવારના સભ્યોએ દીકરીની શોધખોળ કરી હતી, પણ મળી આવી નહોતી.



જો કે, ગત 10 જૂનના રોજ તરુણીએ તેની માતાને ફોન કરીને એમ કહ્યું હતું કે, મને રવિ, મોહન મામા અને કિશન મામા (તમામ નામ બદલ્યા છે) સુરતથી બળજબરીથી કારમાં બેસાડીને બોટાદના એક ફાર્મમાં લઈ આવ્યા છે. અત્યારે દશરથ રાજપૂતની વાડીમાં મને રાખી છે. જેને પગલે તેની માતા તુરંત જ ખાનગી વાહનમાં દીકરીએ જે ફાર્મ કહ્યું હતું.

## હત્યાકેસમાં વચગાળાના જામીન બાદ 9 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

(એજન્સી) અમરેલી | તા.20

અમરેલી જિલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડવા માટે અમરેલી એસપી હિમકર સિંહ દ્વારા સૂચના અને માર્ગદર્શન આપતા અમરેલી એલસીબી પી.આઈ.અલ્પેશ પટેલ દ્વારા તપાસ શરૂ કરી મિલકત સબધિત ગુન્હાઓ આરોપીઓ જેલ માંથી પેરોલ ફર્લો વચગાળાના જામીન પરથી ફરાર થયેલા કેદીઓ અંગે તપાસ કરતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુન્હામાં દેવકુ ધીરૂભાઈ બાવળા ચિતલના રહેવાસી આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના કેદી નામદાર હાઈકોર્ટના હુકમ આધારે તારીખ 31/10/2015ના વચગાળામાં જામીન ઉપર મુક્ત થયા બાદ કેદીને તારીખ 07/12/2015ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ જેલમાં હાજર થવાના બદલે ફરાર થયા હતા છેલ્લા 9 વર્ષથી નાસ્તો ફરતો હતો જેને અમરેલી એલસીબી સુરત શહેર માંથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી અને હાલમાં રાજકોટ જેલ હવાલે મોકલી કાર્યવાહી હાથ ધરી છે. એલસીબી પી. આઈ.અલ્પેશ પટેલની ટીમના મહેશભાઈ સરવૈયા, ભગવાનભાઈ, અજયભાઈ સોલંકી, કિશનભાઈ આસોદરીયા, તુષારભાઈ પાચાણી, ઉદયભાઈ મેણીયા સહિત પોલીસ કર્મચારીઓને સફળતા મળી છે.

# પશ્ચિમ કચ્છમાં ગળાફાંસો ખાઈ આપઘાતના 4 બનાવ

ભુજ | પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુના અલગ અલગ ચાર બનાવોમાં મહિલા સહિત ચાર લોકોના જીવનનો અંત આવ્યો છે. જેમાં મોટી ખાખરની વાડીમાં પરિણીતાએ અને મોટી વિરાણી યુવાને વાડીમાં ઝાડ પર જ્યારે શેખપરી અને મોટા કપાયા ગામે યુવકે આત્મહત્યા કરી ફાનિ દુનિયા છોડી દીધી છે. મુંદરાના મોટી ખાખર ગામે રહેતા જશુબેન દિનેશભાઈ આહિર (ઉ.વ.૩૩) નામના મહિલાએ ગામમાં દિલાવરસિંહની વાડીમાં બુધવારે સવારે આઠ વાગ્યાથી નવ વાગ્યા દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ઝાડની ડાળી પર રસ્સો વળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તો, ભુજ તાલુકાના શેખપીર પાસે રહેતા આલમ રહીમના સમા (ઉ.વ.૧૬) નામના કિશોરે મંગળવારે સવારે કોઈ અગમ્ય કારણોસર પોતાના પતરાના રૂમમાં લાકડાની આડી પર દોરી વળે ફાંસો ખાઇ લીધો હતો. જ્યારે મુળ મોરબીના હાલ મુંદરાના મોટા કપાયા ગામે યશપાલનગરમાં રહેતા ભરત કેશુભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ મંગળવારે સવાર પોતાના ઘરે હોલમાં પંખા પર દુપટ્ટો બાંધીને આત્મહત્યા કરી લીધી હતી.




### પાણીની લાઈનમાં ગટરના પાણી ભળતા સમસ્યાનો આક્ષેપ

# ઠાસરાના ઢુણાદરામાં રોગચાળો વકર્યો 2 દિવસમાં ઝાડા-ઉલટીના 24 કેસ

(એજન્સી) નડિયાદ | તા.20

છેલ્લા ચારેક દિવસથી માતરના રતનપુરામાં રોગચાળાએ માથું ઉચક્યું હતું અને તેમાં ૩ વ્યક્તિના શંકાસ્પદ મોતથી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. આ વચ્ચે હવે ઠાસરાના ઢુણાદરા ગામમાં પણ ઝાડા-ઉલટીના સામુહિક કેસો સામે આવતા હડકંપ મચ્યો છે. છેલ્લા બે દિવસમાં આ ગામમાં ૨૪ કેસો નોંધાતા હવે આરોગ્ય વિભાગની ટીમો આ ગામમાં પણ દોડતી થઈ ગઈ છે. ઠાસરા તાલુકાના ઢુણાદરા ગામે છેલ્લા બે દિવસથી ઝાડા, ઉલટીના ૨૪ કરતા વધારે કેસો મળી આવ્યા છે. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે.



ગ્રામજનોનો આક્ષેપ છે કે, પીવાના પાણીની લાઈનમાં ગટરના પાણી ભળતા આ ઝાડા, ઉલટીના કેસો જોવા મળ્યા છે. હાલ ગામમાં ઘેરઘેર ઝાડા, ઉલટીના વાવરથી ગ્રામજનો હેરાનપરેશાન થયા છે. અસરગ્રસ્ત દર્દીઓ જુદી જુદી જગ્યાએ સારવાર લઈ રહ્યા છે. જેમાં ઢુણાદરા આરોગ્ય કેન્દ્રમાં ૩, ઉમરેઠ હોસ્પિટલમાં 4 તેમજ ડાકોરની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ બનાવની જાણ તાલુકાના આરોગ્ય અધિકારીને થતા બનાવ સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. આ બનાવ મામલે ઢુણાદરાના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર ભગીરથસિંહ પરમારે કહ્યું કે, આજદિન સુધી ગામમાં કુલ ૨૪ ઝાડા-ઉલટીના કેસો નોંધાયા છે. ગામમાં આરોગ્યની ટીમો દ્વારા ઘેર ઘેર પહોંચી ૫૯૨ ઘરનો સર્વે કરાયો છે અને હાલ પરિસ્થિતિ કન્ટ્રોલમાં છે. તો બીજી તરફ આ બાબતે ડે.સરપંચ રવિન્દ્રસિહ પરમારે જણાવ્યું કે, પીવાનું પાણી તેમજ ગટર ડ્રેનેજનું પાણી મિક્સ થયું હોવાની જાણ થઈ હતી.

પરંતુ તપાસ કરતા આવુ કોઈ લીકેજ સામે આવ્યું નથી. ગામમાં થોડા ઘણા અંશે પીવાના પાણીનો પ્રશ્ન છે પણ હવે નવી લાઈન નખાશે આ સમસ્યાનું નિરાકરણ આવી જશે. માતરના રતનપુરામાં આજે કુલ ૧૨૯ ગ્રામજનોની ઓપીડી કરાઈ હતી.

આ પૈકી ૨૩ લોકોને દાખલ કરાયા છે, જ્યારે અન્ય લોકોને સારવાર આપી અને રજા આપી દેવાઈ છે. ગતરોજ ૨૩૬ જેટલા લોકોની ઓપીડી કરાઈ હતી. ત્યારે આજે ઓપીડીમાં અને દાખલ દર્દીઓમાં ઘટાડો થતા તંત્રએ રાહતના શ્વાસ લીધા છે. જો કે, હજુ સુધી આ મામલે તંત્ર દ્વારા સર્વે અને લોકોને સારવાર સહિત જાગૃત કરવાની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી વી.એસ. ધુરવે જણાવાયું છે.

## ભચાઉના ચોબારીમાં પ્રેમ પ્રકરણમાં યુવકની હત્યા

ગાંધીધામ | તા. 20

ભચાઉ તાલુકાના ચોબારી ગામે પ્રેમ સબંધ મામલે થયેલી તકરાર બાદ એક યુવકે અન્ય યુવકને ધારદાર હથિયારના ઘા મારી રહેંસી નાખ્યો હોવાની ઘટના બની હતી. હત્યાના પગલે સમગ્ર વાગડ વિસ્તારમાં ચકચાર પ્રસરી ગઈ હતી. આ અંગે ભચાઉ પોલીસના સૂત્રોએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભચાઉ તાલુકાના ચોબારી ગામે આવેલા મહાદેવ મંદિર નજીક રણછોડ અમરા ઢીલાના રહેણાંક મકાનના પ્રાંગણ માંથી ૨૧ વર્ષીય વિષ્ણુ મણવર (આહીર) નો મૃતદેહ પરોઢે ૫ ઇંચ વાગ્યે લોહી લુહાણ હાલતમાં મળ્યો હતો. ઘટનાની જાણ થતાં મૃતક વિષ્ણુને તેના મોટાભાઈ ભચાઉ સરકારી દવાખાને લઈ ગયા હતા, ફરજ પરના તબીબે વિષ્ણુને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતકની અંતિમવિધિ પૂર્ણ થયા બાદ હત્યા અંગે વિધિવત ફરિયાદ દાખલ થશે. હાલ ઘડી પ્રેમ પ્રકરણ બાબતે હત્યા કરાઈ હોવાનું જણાઈ આવ્યું છે.

### ફાયર સેફ્ટી, બી.યુ.પરમીશન સહિતના મામલે નોટિસ આપવાની કામગીરી યથાવત

# ફાયર સેફ્ટીના પ્રશ્ને શહેરની 44 સરકારી કચેરી સહિત 264 એકમને નોટિસ અપાઇ

(એજન્સી) ભાવનગર | તા.20

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ ભાવનગર મહાપાલિકાએ ગેમઝોનને સીલ માર્યા હતા અને ત્યારબાદ ફાયર સેફ્ટી, બી.યુ.પરમીશન સહિતના નિયમનુ પાલન ન થતુ હોય તેવા એકમોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેથી વેપારીઓમાં ગભરાટ ફેલાયો હતો, ત્યારબાદ વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને રજૂઆત કરી હતી, જેના પગલે સીલ મારવાની કામગીરીને બ્રેક લાગી હતી પરંતુ નોટિસ આપવાની કામગીરી યથાવત છે. હાલ સરકારી કચેરી સહિતને નોટિસ આપવામાં આવી રહી છે. ભાવનગર મહાપાલિકાએ ફાયર સેફ્ટી, બી.યુ. પરમીશન સહિતના પ્રશ્ને ૪૪ સરકારી કચેરી સહિત ૨૬૪ એકમને નોટિસ ફટકારી છે, જેમાં ભાવનગર યુનિવર્સિટી, કોલેજ, બહુમાળી ભવન સહિતની સરકારી કચેરી તેમજ ખાનગી બિલ્ડીંગ વગેરે એકમનો સમાવેશ થાય



છે તેમ આજે બુધવારે મહાપાલિકાના ફાયર વિભાગના અધિકારીએ માહિતી આપતા જણાવેલ છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકારની સૂચના મુજબ ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર અને જિલ્લામાં આવેલ ગેમીંગ ઝોન, હોટલ્સ, મોલ્સ, રેસ્ટોરન્ટ તથા બેન્કવેટ હોલ વગેરે જેવી જગ્યાઓ જ્યા નાગરિકો મોટા પ્રમાણમાં એકત્રીત થાય છે તેવી જગ્યાઓમાં ફાયર સેફટી અને તેને સંલગ્ન અન્ય બાબતોની ચકાસણી કરવા કમિટીની રચના કરવામાં આવી હતી. મહાપાલિકાએ અધ્યક્ષ સહિત ૭ સભ્યની કમિટી બનાવી હતી. આ કમિટિ દ્વારા તપાસ કરી ગેમઝોન સીલ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ શહેરમાં ફાયર સેફ્ટી, બી.યુ. પરમીશન સહિતના નિયમનુ પાલન ન થતુ હોય તેવા આશરે ૫૯ એકમને સીલ કરવામાં આવ્યા હતા તેથી વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

# મહુધા નડિયાદ રોડના થયેલા સમારકામથી અકસ્માતનો ભય

મહુધા | તા.20

મહુધા નડિયાદ રોડ ઉપર ૧૬ કિલોમીટરમાં ૨૧ સ્થળે સડક દુરસ્તી માટે બોક્ષ ખોદી કરવામાં આવેલા ડામર વર્ક જોખમી અને અકસ્માતને નોતરનારા બન્યા છે. ત્યારે તંત્ર યોગ્ય પગલા લે તેવી વાહનચાલકોમાં માંગણી ઉઠી છે. મહુધાથી નડિયાદનો સ્ટેટ હાઈવે માર્ગ ઠેક ઠેકાણે બેસી જતા વાહન ચાલકો મુશ્કેલી મુકાઈ રહ્યા હતા. જેથી થીગડા મારવા માટે આધુનિક રીતે બોક્ષનું ખોદકામ કરીને ત્રણ ઈંચ જેટલું મટિરિયલ નાખી ડામરથી પેવર કરવામાં આવી રહ્યું છે જે ખુબજ જોખમી જણાય છે. ચપ્પા કે તલવારની ધાર જેવા સડકની ડામરની ધાર ટૂ વહીલર વાહન ચાલકો માટે ખતરા સમાન છે. નડિયાદ જિલ્લા જેલથી મહુધા વચ્ચે ૨૧ સ્થળોએ પાંચ ફૂટથી માંડીને ૨૫ ફૂટ જેટલા બોક્ષ કટિંગ કરવામાં આવ્યા છે. જેમાં રોડ નિર્માણ મટીરીયલ સડકની વાત્સવિક સરફેશ કરતા એક ઈંચ જેટલું વધારે ઉપર નાખી દેવાયું છે,પરિણામે તેની ધારો વાહનચાલકો માટે ખતરા સમાન બની છે.

### દરખાસ્તને મંજૂર થયે ૩ વર્ષ વીત્વા છતાં કોઈ પરિણામ નહીં

# નડિયાદમાં પ્રગતિનગરને ધ્વસ્ત કરી નવા આવાસ બનાવવાની જાહેરાત અધ્ધરતાલ

(એજન્સી) નડિયાદ | તા. 20

નડિયાદના પ્રગતિનગરમાં વર્ષ-૨૦૧૯માં જર્જરિત ફ્લેટ ધરાશાયી થતા ૪ નાગરિકોના મોત થયા હતા. બાદમાં સરકાર દ્વારા પ્રગતિનગર-પુનેશ્વરવિસ્તારના આવાસોનું પુનઃ વિકાસ કરવાની દરખાસ્તને મંજૂરી અપાઈ હતી. જેને ૩ વર્ષ કરતા વધુ સમય વીતિ ગયો હોવા છતાં આ મંજૂરી હાલ અધ્ધરતાલ મૂકાઈ ગઈ છે. તંત્રએ જર્જરિત ઘરોએ નોટિસો ચોંટાડી સંતોષ માન્યો છે. તો બીજી તરફ અહીં રહેતા ૨૦ જેટલા પરિવારનોના માથે જીવનું જોખમ રહેલું છે. જે-તે સમયે પ્રગિતનગર-પુનેશ્વર વિસ્તારના આ અત્યંત જૂના અને જર્જરીત બનેલા ફ્લેટમાંથી એક ફ્લેટ તા. ૯ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ધારાશાયી થયો અને તેમાં ચારેક લોકોના મૃત્યુ થયા, આ વખતે જ આ જર્જરીત આવાસો ખાલી કરાવવા માટે નગરપાલિકા સહિતના પ્રશાસને કમર કસી હતી. પરંતુ અહીંયા રહેતા ગરીબ અને મધ્યમવર્ગના લોકો પાસે અન્ય કોઈ



વિકલ્પ નહોતો, જેથી આ બધા પરીવારો મોંઘવારીના સમયે ભાડે રહેવા ગયા હતા. જો કે, ભાડા ન પોસાતા સમાયાંતરે આ પરીવારો પુનઃ પોતાના આવાસોમાં આવીને રહેવા લાગ્યા છે. હાલ આ પ્રગતિનગર-પુનેશ્વર ફ્લેટમાં ૨૦ જેટલા પરીવારો વસવાટ કરી રહ્યા છે. જે સમયે ફ્લેટ ધરાશાયી થવાની ઘટના થઈ અને ત્યારબાદ રસ્તે આવી ગયેલા પરીવારોએ કાલાવાલાં કર્યા, બાદ રજૂઆતના પગલે ૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ તત્કાલિન મુખ્યમંત્રીએ આ આવાસોના પુનઃ વિકાસ માટેની દરખાસ્ત મંજૂર કરી હતી.આ જાહેરાતને આજે ૩ વર્ષ ૩ મહિના જેટલો સમય પૂર્ણ થઈ ગયો છે. આ સમયગાળામાં હજુ સુધી આ પ્રગતિનગરના જર્જરીત બનેલા ફ્લેટને ધ્વસ્ત પણ કરાયા નથી અને નવા આવાસ બનાવવાની પણ કોઈ જ પ્રકારની કામગીરી કરાઈ નથી. આ વચ્ચે જે ૨૦ પરીવારો અહીંયા વસવાટ કરી રહ્યા છે, તેમના જીવ જોખમમાં છે. નગરપાલિકાએ હાલ તો આ ફ્લેટની બહાર નોટીસો ચિપકાવી અને ખાલી કરી નાખવા જણાવ્યું છે.

### દારૂ અને વૈભવી કાર સહિત 31.93 લાખનો મુદ્દામાલ જપ્ત

# ફાર્મહાઉસમાં વિદેશી દારૂની મહેફીલ માણતી ચાર મહિલા સહિત 6 ઝડપાયા

(એજન્સી) આણંદ | તા. 20

આંકલાવ તાલુકાના મોટી સંખ્યાડ ગામ નજીક આવેલા એક ફાર્મહાઉસ ખાતે વિદેશી દારૂની મહેફીલ માણી રહેલા ચાર મહિલા સહિત ૬ શખ્સોને આણંદ એલસીબીએ ઝડપી પાડયા હતા. એલસીબીએ કુલ રૂા.૩૧.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા તમામ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આંકલાવના મોટી સંખ્યાડ ગામ તરફ જતા આવેલા રેહાન ઈરફાન ખાનના કબીર ફાર્મ હાઉસમાં કેટલાક યુવક-યુવતીઓ ભેગા મળી મ્યુઝીક સાથે વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યા હોવાની બાતમી આણંદ એલસીબીને મંગળવારે રાત્રે મળી હતી. જેના આધારે એલસીબીએ દરોડો કરી કબીર ફાર્મહાઉસ ખાતે દારૂની મહેફીલ માણી રહેલા રેહાન ઈરફાન ખાન (રહે.નીઝામપુરા, વડોદરા), નિયલ રાજેશભાઈ પટેલ (રહે.સુભાનપુરા, વડોદરા), પ્રિયા કૈલાશભાઈ મુલાની, શિવાની કૈલાશભાઈ મુલાની (બંને રહે.પ્રભાત કોલોની, વડોદરા), પ્રિયંકા ધરમશી ચૌહાણ (રહે.ડીફેન્સ કોલોની, વડોદરા) અને સારની સમશેર યાદવ (રહે.ન્યુ વીઆઈપી રોડ, વડોદરા)ને ઝડપી પાડયાં હતાં. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ તેમજ બે વૈભવી ગાડી મળી કુલ્લે રૂા.૩૧,૯૩,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા છ શખ્સો સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી ત્યારે શખ્સો લથડીયા ખાતા વાહનમાં પહોંચ્યા હતા. ઝડપાયેલા છ શખ્સો પૈકી કોઈની પાસે પણ પરમીટ ન હોવાથી આ વિદેશી દારૂ ક્યાંથી આવ્યો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### એજન્સીઓ દ્વારા સર્ચ ઓપરેશન યથાવત: વધુ ડ્રગ્સ મળવાની શક્યતા

# કચ્છના જખૌ કાંઠેથી અફઘાની ચરસના વધુ 60 પેકેટ મળ્યા

(એજન્સી) ભુજ | તા. 20

કચ્છ જિલ્લાની સાગર તટે માદક પદાર્થના પેકેટ મળવાનો સિલસિલો આજે બુધવાર સુધી યથાવત રહેવા પામ્યો છે.આજે જુદીજુદી એજન્સીઓના સર્ચ દર ૬૦ પેકેટ ચરસના મળી આવ્યા છે. ૧૨ દિવસમાં ૨૪૨ પેકેટ મળી આવ્યા છે. ગત ૮ જૂનથી કોટેશ્વર થી નારાયણ સરોવર સુધીના દરિયાઇ વિસ્તારમાંથી મળી રહેલા બિનવારસી ચરસના પેકેટનો આંક આ વર્ષે ૨૪૨ સુધી પહોંચ્યો છે. સતત મળી રહેલા નશીલા પેકેટના પગલે સલામતી દળો અને સુરક્ષા એજન્સીઓએ સઘન પેટ્રોલીંગની પ્રક્રિયા વધારી દીધી છે. ગત ૮ જૂનથી દરિયાઈ વિસ્તારમાં બિનવારસુ ડ્રગ્સ મળી આવવાનો સિલસિલો શરૂ થયો છે. આજે અબડાસા તાલુકાના પિંગલેશ્વર અને નાયરો નદી વચ્ચેના સમુદ્રી વિસ્તારમાંથી સવારે ૬.૫૦ના અરસામાં વધુ ચરસના વધુ ૮ બિનવારસુ પેકેટ મળી આવ્યા છે.સીમા સુરક્ષા દળ દ્વારા જખૌ વિસ્તારમાં ૪૨ પેકેટ જયારે નેવી ઈન્ટેલીજન્સ યુનિટ જખૌ નજીક ૧૦ પેકેટ મળી આવ્યા છે.આજે ૬૦ પેકેટ મળી આવ્યા છે.



હાલ પણ દરિયાઈ વિસ્તારમાં સર્ચ ઓપરેશન યથાવત રહેવા પામ્યું છે ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો છે .જેમ રઈશ ફિલ્મમાં દરિયાનો દારૂની હેરાફેરી માટે ઉપયોગ કરાયો હતો હવે આ દરિયો ડ્રગ્સની હેરાફેરી માટે જાણીતો બન્યો છે કારણકે પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓને બોટ સાથે ઝડપી કરોડો રૂપિયાનું ડ્રગ્સ શોધી લેવામાં એટીએસ અને કોસ્ટગાર્ડને સફળતા મળી જ છે સાથે હવે બિનવારસુ ડ્રગ્સ મળી આવે છે સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટાભાગનું ડ્રગ્સ પાકિસ્તાન તરફથી આવે છે. પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓ માછીમારી બોટમાં પેડલરો મારફતે ડ્રગ્સ મોકલતા હોય છે દરિયામાં કોસ્ટગાર્ડ કે અન્ય એજન્સીની બોટ જોઈ જાય તો આ પેડલરો ડ્રગ્સના કોથળા દરિયામાં ફેંકી દે છે. ચરસ સહિતના કેફી દ્રવ્યને પેકીંગ એવી રીતે કરવામાં આવે છે કે,દરિયાના ખારા પાણીમાં પેકેટ પડયા હોય તેમ છતાં નુકશાન થતું નથી. દરિયો કોઈપણ વસ્તુ સમાવતો નથી એટલે કિનારા પર ફેકી દે છે જ્યાં એજન્સીઓના હાથે બિનવારસુ ડ્રગ્સ પકડાઈ જાય છે.


## ઉતરસંડા-ફતેપુરા રોડ ઉપર માટીના થર અકસ્માત નોતરશે


નડિયાદ | નડિયાદ તાલુકાના ઉતરસંડામાં તંત્રની રહેમ નજર હેઠળ ગેરકાયદે માટી ખનન કરી માટીનું વહન કરતા ડમ્પરોના કારણે ઉતરસંડાથી ફતેપુરા રોડ પર માટીના થર પથરાઈ ગયા છે. ચોમાસાના આગમનની તૈયારીઓ છે, ત્યારે વરસાદ પડયા બાદ રોડ પરની માટી ચિકણી બનશે અને રોડ લપસણાં થતાં અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. ઉતરસંડાથી ફતેપુરાને જોડતા માર્ગ પર સીમ વિસ્તારમાં માટીના થર બાઝી ગયા છે. સ્થાનિક હોદ્દેદારોની રહેમનજર હેઠળ માટીની ખનન પ્રવૃત્તિઓ બેફામ બની હોવાના આક્ષેપો ઉઠયા છે. ભૂમાફિયાઓ કોઈપણ ડર વિના ગેરકાયદે ખનન કરેલી માટી ભરેલા ડમ્પરો આ રોડ પર દોડાવે છે. ડમ્પરોમાંથી માટી રોડ પર પડતા માટીના થર જામ્યા છે. ચોમાસામાં વરસાદ પડતાં જ આ રોડ લપસણા બનશે. જેને લઈ અકસ્માતની સંભાવનાઓ વધતા વાહનચાલકોના માથે સંકટ તોળાઈ રહ્યું છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા રસ્તા પરથી માટીના થર દૂર કરવામાં આવે તેમજ તંત્રની રહેમ નજર હેઠળ ગેરકાયદે પ્રવૃત્તિઓ કરતા ભૂમાફિયાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી આસપાસના ગ્રામજનોમાંથી માંગ ઉઠી છે.


## બોગસ માર્કશીટ-સર્ટિ.ના આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ


આણંદ | આણંદ એસઓજીએ મંગળવારે આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલી એક ઓવરસીઝની ઓફીસમાંથી રાજ્યની વિવિધ શૈક્ષણિક સંસ્થાની બનાવટી ૯૦ માર્કશીટો તથા સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે અમદાવાદના એક શખ્સને ઝડપી પાડી આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય બે શખ્સોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલા ક્રિષ્ના સફર કોમ્પ્લેક્ષના ચોથા માળે કાર્યરત એસપી સ્ટડી પ્લાનર એલએલપી નામની ઓવરસીઝમાં અમદાવાદનો સિધ્ધિક શાહ નામનો શખ્સ વિદેશ જવા ઈચ્છતા ગ્રાહકોને બનાવટી માર્કશીટ તથા દસ્તાવેજો બનાવી વિદેશના વીઝા મેળવી વિદેશ મોકલવાની ઓફિસ ચલાવતો હોવાની બાતમી આણંદ એસઓજીને મળી હતી. જેના આધારે એસઓજીએ એસપી સ્ટડી પ્લાનર ઓવરસીઝ ખાતે છાપો માર્યો હતો. જેમાં સિધ્ધિક ઉર્ફે રીકી રશ્મિકાંત શાહ મળી આવ્યો હતો. એસઓજીએ તેની કેબિનમાં ફાઈલો તપાસતા વિદેશ જવા ઈચ્છુક ગ્રાહકોના સર્ટિફીકેટો તથા દસ્તાવેજી કાગળો મળી આવ્યા હતા. અલગ અલગ સરકારી શૈક્ષણિક સંસ્થાઓના સર્ટિફીકેટ તથા માર્કશીટો અંગે સિધ્ધિક શાહની પૂછપરછ કરતા તમામ અલગ અલગ સરકારી શૈક્ષણિક સર્ટિફીકેટો તેમજ માર્કશીટો બનાવટી હોવાનું ખુલવા પામ્યું હતું.


## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો। આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો.



**વૃષભ (બ,વ,ઉ)**
વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.



**મિથુન (ક,છ,ઘ)**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.



**કર્ક (ડ,હ)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજના દિવસે લાભ થવાની શક્યતા છે. દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.



**સિંહ (મ,ટ)**
શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો.



**કન્યા (પ,ઠ,ણ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આ રાશિના વેપારીઓને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.



**તુલા (ર,ત)**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.


**વૃશ્ચિક (ન,ય)**
પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.


**ધન (ભ,ધ,ફ)**
જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી.


**મકર (ખ,જ)**
આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે.


**કુંભ (ગ,શ,સ)**
તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય.


**મીન (દ,ચ,ઝ,થ)**
તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે.

## કૃત્રિમ હીરાના ભાવમાં ઘટાડાથી સુરતના 4 લાખ શ્રમિકો પર આફત

સુરત | સુરતના હીરા બજાર માટે ફરી એક વખત કપરા ચઢાણો સર્જાયા છે. આ શહેરમાં ચાર લાખ કામદારો લેબ-ગ્રોન ડાયમંડ (એલજીડી) (કૃત્રિમ રીતે બનતાં હીરા)ના કામ સાથે જોડાયેલા છે. પણ હવે લાખોની સંખ્યામાં રહેલા આ શ્રમિકોની રોજી-રોટીનો પ્રશ્ન પેદા થયો છે. કુત્રિમ ડાયમંડની કિંમતોમાં તીવ્ર ઘટાડો નોંધાતા લાખો પરિવારોની હાલત કફોડી બની છે. સ્થિતિ એટલી પ્રતિકૂળ છે કે, આ કામદારોને પોતાના પગાર માટે વલખાં મારવા પડી રહ્યા છે. એટલું જ નહીં જો કિંમત નહીં ઊંચકાય તો ગમે તે ઘડીએ તેમનું રોજગાર છીનવાઈ જવાની તલવાર પણ લટકી રહી છે. બીજી તરફ એક્સપોર્ટ થતાં એલજીડી અંગે પણ ધાર્યા પરિણામો પ્રાપ્ત નહીં થતા શ્રમિકોની હાલત પડયા પર પાટા જેવી થઈ છે. તાજેતરના વર્ષોમાં એલજીડી ક્ષેત્રનું વિસ્તરણ થવાથી ભાવમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. કામદારોના પગારમાં દર મહિને 20 દિવસનો વિલંબ થઈ રહ્યો છે, એવું કામદાર યૂનિયને જણાવ્યું છે. વર્ષ 2023માં એલજીડીના એક્સપોર્ટ વોલ્યૂમમાં વધારો થયો હતો પણ સામે મૂલ્યમાં ઘટાડો થતાં તેનો લાભ આ ક્ષેત્ર કે તેના કામદારોને થઈ શકયો ન હતો. ગત કેલેન્ડર વર્ષની વાત કરવામાં આવે તો ભારતથી નિકાસ થતાં પોલિશ્ડ કરેલા કુત્રિમ હીરાના જથ્થાના કદમાં 50 ટકાનો વધારો થયો હતો.

## સેબી ડેરિવેટિવ્ઝ-સેગમેન્ટમાં થતાં ટ્રેડિંગ માટે માર્જિનની રકમ વધારે એવી શક્યતા

મુંબઇ | હાલ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા ફ્યૂચર્સ એન્ડ ઓપશન્સ (એફ એન્ડ ઓ) માટે દિશા-નિર્દેશો કડક બનાવવાની કામગીરી ચાલી રહી છે. માર્જિનની જરૂરિયાતમાં વધારો, કડક પાત્રતા માપદંડ, રોકાણકારો માટે નેટ વર્થનો ખુલાસો જેવા નિયમોને નવા સુધારામાં સામેલ કરી શકાય છે. કેપિટલ માર્કેટમાંથી રિટેલ રોકાણકારોનું ડેરિવેટિવ્સ માર્કેટ તરફ વળવાનું વલણ અવિરત રહેતા બજાર નિયમનકાર દ્વારા એફ એન્ડ ઓ માટે નવા સુધારા કરવાની આવશ્યકતા જન્મી છે. આ ઘટનાક્રમમાં ગત સપ્તાહે માર્કેટ નિયમનકારે એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એએમએફઆઈ)ને પત્ર લખ્યો હતો. જેમાં ડેરિવેટિવ્સ ટ્રેડિંગ માટેના હયાત દિશા-નિર્દેશો અંગે ઈન્ડ્રસ્ટ્રીઝ બોડી પાસેથી પ્રતિક્રિયાઓ જાણવાનું જણાવાયું હતું. આ સાથે એવું પણ પૂછવામાં આવ્યું હતું કે, હાલના ડેરિવેટિવ્સ ટ્રેડિંગ નિયમોને કેવી રીતે કડક બનાવી શકાય તે અંગેના અભિપ્રાયો સુપરત કરે. વધુમાં આ મામલે એક કમિટિ પણ બનાવવામાં આવી છે.

## ક્રોમાએ ભારતમાં 500 સ્ટોર્સનું સીમાચિહ્ન હાંસલ કર્યું

મુંબઇ | ક્રોમાએ તેના 500માં સ્ટોરના શુભારંભ સાથે કંપનીની વૃદ્ધિ અને વિસ્તરણની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. તેની સાથે 'હેપ્પી 500 ટુ યુ' કેમ્પેઇનના લોંચ સાથે ઉજવણી કરાઇ રહી છે. તે દેશભરમાં ગ્રાહકોના આધારમાં સતત વિસ્તરણ માટે ઉચ્ચ-ગુણવત્તાયુક્ત ઈલેક્ટ્રોનિક્સ અને ઉત્કૃષ્ટ ગ્રાહક સેવા પ્રદાન કરવાની ક્રોમાની અતૂટ કટીબદ્ધતા ઉપર ભાર મૂકે છે. આ નોંધપાત્ર સિદ્ધિના ભાગરૂપે ક્રોમાએ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરવા માટે વિશેષ પ્રમોશન લોંચ કર્યું છે. 19 જૂનથી 23 જૂન દરમિયાન ક્રોમા સ્ટોર્સ, Croma.com અને ટાટા ન્યૂ ઉપર તમામ ગ્રાહકો ચેકઆઉટ પર કૂપન કોડ 'H500TU'નો ઉપયોગ કરીને તેમની ખરીદી ઉપર 10 ટકા ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. આ મર્યાદિત સમયની ઓફર દ્વારા ક્રોમા વર્ષો દરમિયાન ગ્રાહકોના નિરંતર સહયોગ અને વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરી રહ્યું છે. મહત્વપૂર્ણ છે કે આ પ્રમોશન વધુ વિશેષ છે કારણકે તેના ઉપયોગ ઉપર કોઇ નિયંત્રણ નથી અને તે ક્રોમા સ્ટોર, Croma.com અને ટાટા ન્યૂ સહિતની તમામ સેલ્સ ચેનલ ઉપર લાગુ છે. ક્રોમા ઈન્ફિનિટી-રિટેઈલ લિમિટેડના ડેપ્યુટી સીઈઓ શિબાશિષે આ સીમાચિહ્ન વિશે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, "અમારા 500માં સ્ટોરની શરૂઆત ખૂબજ વિશેષ છે કારણકે તે ગ્રાહકોની વધુ નજીક પહોંચવાની અમારી કટીબદ્ધતાને દર્શાવે છે.

# કોકાકોલા બોટલિંગ પ્લાન્ટના રૂપિયા 10,000 કરોડના હિસ્સા માટે 4 બિઝનેસ ફેમિલી રેસમાં

(એજન્સી) મુંબઇ | તા.20



Coca-Cola offers a $1-billion swig to India Inc Families: વિશ્વની નામાંકિત બ્રાન્ડ કોકા-કોલા ભારતના ટોચના ચાર બિઝનેસ ફેમિલી સાથે એક અબજ ડોલરનો સૂચિત સોદો કરી રહ્યું છે. મળતી માહિતી અનુસાર કોકા-કોલાએ ભારતના ટોચના ચાર બિઝનેસ ફેમિલીનો સંપર્ક કર્યો છે અને તે લોકો કંપનીમાં એક અબજ ડોલર જેટલું રોકાણ કરે તેમ ઈચ્છે છે. મળતી માહિતી અનુસાર કોકા-કોલા ભારતમાં તેનો બિઝનેસ વ્યાપ વધારવા માંગે છે. એક આર્થિક બાબતોના અખબારના અહેવાલો અનુસાર કોકા-કોલા તેની માલિકીનો બોટલીંગ બિઝનેસ હિન્દુસ્તાન કોકા-કોલા બિવરેજીસ(HCCB)નો કેટલોક હિસ્સો દેશના ટોચના ચાર બિઝનેસ ફેમિલીને વેચવા માંગે છે. જે ટોચના ચાર બિઝનેસ ફેમિલીનો કોકા-કોલાએ સંપર્ક કર્યો છે તેમાં જ્યુબીલીયન્ટ ગૃપ, ડાબરનું બર્મા ફેમિલી, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીનું પારેખ ફેમિલી તેમજ એશિયન પેઈન્ટ્સના પ્રમોટરનો સમાવેશ થાય છે. કોલા કંપનીનો મૂળ આશય પોતાનો બિઝનેસ વધારવા જોઈતી એક અબજ ડોલર જેટલી રકમ પર છે. કંપનીના તેના એક્સપાન્સન પ્લાન્ટ માટે આઈપીઓ પણ લાવવા માંગે છે. કોકા-કોલા ભારતમાં લાંબા ગાળાનું રોકાણ કરવા આગળ વધી રહ્યું છે. ગયા જાન્યુઆરી માસમાં પોતાની વહિવટી અને વેચાણની કામગીરી રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પૂર્વમાં સ્થાનિક પાર્ટનરને સોંપવામાં આવી છે. HCCBની 16 ફેક્ટરી ભારતભરમાં પથરાયેલી છે. 2023ના નાણા વર્ષમાં આ ફેક્ટરીઓની આવક 40 ટકા વધીને 12,840 કરોડ પર પહોંચી હતી. 2024ના 29 માર્ચ સુધીમાં કંપનીએ ફિલિપીન્સ તેમજ દેશના અન્ય ભાગોમાં ફ્રેન્ચાઈઝી બદલીને 599 મિલિયન ડોલરની આવક મેળવી હતી.

## AIનો જમાનો આવી ગયો, આ બની દુનિયાની સૌથી વેલ્યુએબલ કંપની, માઈક્રોસોફ્ટ-એપલને પણ પછાડી

(એજન્સી) મુંબઇ | તા.20

Nvidia Became Most Valuable Company: AI ચિપ્સ બનાવતી અમેરિકન કંપની Nvidia વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે. કંપનીએ માઈક્રોસોફ્ટને પાછળ છોડીને આ સિદ્ધિ મેળવી છે. માઈક્રોસોફ્ટ હવે 3.32 લાખ કરોડ ડોલર સાથે વિશ્વની બીજી સૌથી મૂલ્યવાન કંપની છે. એપલ 3.27 લાખ કરોડ ડોલર સાથે ત્રીજા સ્થાને પહોંચી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ કંપનીએ ભારત અને એશિયાના સૌથી ધનિક મુકેશ અંબાણી કરતાં આગળ વધી છે. એઆઈ ચિપ્સ બનાવતી આ અમેરિકન કંપની Nvidia બે મહિના પહેલાં જ 2022માં પ્રથમ વખત આઈફોન અને અન્ય ડિવાઈસ બનાવતી કંપની એપલ કરતાં આગળ નીકળી હતી. અમેરિકાની આ કંપની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સેમીકંડક્ટર અને જીપીયુ (ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ) બનાવે છે. જેનો ઉપયોગ કોમ્પ્યુટરથી માંડી લેપટોપ, સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ, 2ડી, અને 3ડી એનિમેશનની ડિસ્પ્લે બનાવવામાં થાય છે. સામાન્ય ભાષામાં ગ્રાફિક્સ કાર્ડ અને વીડિયો કાર્ડ પણ કહે છે. આ ચિપ્સનો ઉપયોગ એઆઈ આધારિત ડિવાઈસ બનાવવામાં થાય છે. જેની માગ વિશ્વભરમાં વધી રહી છે. પરિણામે કંપનીની આવક પણ સતત વધી છે.

## અદાણી જુથ એનર્જી ટ્રાન્સમિશનમાં 100 અબજ ડોલરનું રોકાણ કરશે

(એજન્સી) મુંબઇ | તા.20

અદાણી જુથના ચેરમેન ગૌતમ અદાણીએ આજે જણાવ્યું હતું કે અદાણી જૂથ એનર્જી ટ્રાન્સમિશન પ્રોજેક્ટ્સ અને ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે જરૂરી તમામ મોટા ઉપકરણોની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે આગામી દસકામાં 100 અબજ ડોલર એટલે કે રૂ. 8.35 લાખ કરોડનું રોકાણ કરશે. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક ઉર્જા ક્ષેત્ર સંબંધિત કાર્યક્રમને સંબોધતાં ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે સૌર ઉર્જા તથા પવન ઉર્જાના ઉત્પાદન માટે સોલાર પાર્ક અને વિન્ડ ફાર્મની સ્થાપના કરવા ઉપરાંત અદાણી જુથ ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે ઈલેક્ટ્રોલાયઝરનું, વિન્ડ ટર્બાઈન્સનું અને સોલાર પેનલ્સનું ઉત્પાદન કરવા માટે પણ મોટો પ્લાન્ટની સ્થાપના કરશે. એનર્જી ટ્રાન્સમિશન અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ ટ્રિલિયન ડોલરનો કારોબાર આપે એવો અવકાશ ધરાવે છે અને આ કારોબારના વિકાસથી ભારત સ્થાનિક અને વૈશ્વિક સ્તરે મોટું સ્થાન પ્રાપ્ત કરશે. આગામી દસકામાં અદાણી જુથ એનર્જી ટ્રાન્સમિશન ક્ષેત્રે 100 અબજ ડોલરનું રોકાણ કરશે. હાલમાં જુથ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સંકલિત વેલ્યુ ચેઈન ધરાવે છે તેનો વિસ્તાર કરીને ગ્રીન એનર્જીના ઉત્પાદન ક્ષેત્રે તમામ પ્રકારના મોટો ઉપકરણોનું ઉત્પાદન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવામાં આવશે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. કોલથી માંડીને પોર્ટ ક્ષેત્રે કારોબાર ધરાવતું અદાણી જુથ વિશ્વની સૌથી સસ્તી ગ્રીન એનર્જી ઉત્પાદન શક્ય બનાવવાનો ઈરાદો ધરાવે છે.

# ઓટો ઉધોગનું કદ 19 ટકા વધી રૂપિયા 10.60 લાખ કરોડની સપાટીએ પહોંચ્યું

(એજન્સી) મુંબઇ | તા.20



મંદ માગને પરિણામે દેશના ઓટો ઉદ્યોગ માટે વર્તમાન નાણાં વર્ષમાં ભાવમાં વધારો કરવાનો અવકાશ સરેરાશ પાંચ ટકા સુધી મર્યાદિત જોવાઈ રહ્યો છે. ગયા નાણાં વર્ષમાં વાહનોની કિંમતમાં સરેરાશ આઠ ટકા વધારો જોવા મળ્યો હતો. વોલ્યુમની દ્રષ્ટિએ વૃદ્ધિ દર મંદ રહેવા ધારણાં છે પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ ઓટો ઉદ્યોગનો વૃદ્ધિ દર વર્તમાન નાણાં વર્ષમાં મજબૂત રહેવા અપેક્ષા છે. નાણાં વર્ષ ૨૦૨૩માં ઓટો ઉદ્યોગનું કદ જે રૂપિયા ૮.૬૦ લાખ કરોડ રહ્યું હતું તે નાણાં વર્ષ ૨૦૨૪માં ૧૯ ટકા વધી રૂપિયા ૧૦.૬૦ લાખ કરોડ જોવા મળ્યું હતું. નાણાં વર્ષ ૨૦૨૪માં ઉત્પાદન વોલ્યુમમાં દસ ટકા વધારો જોવા મળ્યો હતો એમ એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. દેશમાં વાહનોના રજિસ્ટ્રેશનના આંકડાને ધ્યાનમાં રાખતા ચીન તથા અમેરિકા બાદ ભારતની ઓટોમોબાઈલ માર્કેટ ત્રીજી મોટી માર્કેટ બની રહી છે. એકદમ વિક્સિત દેશોની સરખામણીએ ભારતમાં વાહનોની સરેરાશ કિંમત નીચી રહી છે. ૨૦૨૩માં વૈશ્વિક ઓટો ઉદ્યોગમાં વેચાણની દ્રષ્ટિએ ૧૨ ટકા વૃદ્ધિ જોવા મળી છે. વપરાશકારો દ્વારા ઊંચા સેગમેન્ટને પસંદગીને પરિણામે નાણાં વર્ષ ૨૦૨૪માં યુટિલિટી વ્હીકલ્સ તથા સ્પોર્ટસ યુટિલિટી વ્હીકલ્સ સેગમેન્ટમાં વોલ્યુમની દ્રષ્ટિએ ૨૩ ટકા અને મૂલ્યની દ્રષ્ટિએ ૩૯ ટકા વૃદ્ધિ જોવા મળી છે. ભારતમાં ટુ વ્હીલર્સની વાત કરીએ તો વોલ્યુમની દ્રષ્ટિએ ૧૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે જ્યારે ભાવમાં સરેરાશ ત્રણ ટકા વધારો થયો છે.

## ઘરઆંગણે કિંમતી ધાતુમાં સુધારો જોવાયો

(એજન્સી) મુંબઈ | તા.19

જૂનટીન્થની રજાને કારણે વિશ્વ બજારમાં સોનાચાંદીમાં પાંખા કામકાજે ભાવ પ્રમાણમાં સ્થિર રહ્યા હતા, પરંતુ રૂપિયા સામે ડોલરમાં મજબૂતાઈથી ઘરઆંગણે કિંમતી ધાતુમાં સુધારો જોવા મળ્યો હતો. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વર્તમાન વર્ષે એક જ કપાત આવવાની શકયતા બાદ ડોલર સતત ઊંચો જોવા મળી રહ્યો છે. અમેરિકામાં ક્રુડ તેલનો સ્ટોકસ અપેક્ષા કરતા વધીને આવ્યો હતો પરંતુ માગ મજબૂત રહેવાની ધારણાંએ ક્રુડ તેલના ભાવ ઊંચા મથાળે સ્થિર રહ્યા હતા. વૈશ્વિક ચલણો સામે રૂપિયામાં નબળાઈ જોવા મળી હતી. સ્થાનિક મુંબઈ ઝવેરી બજારમાં સોનુ ૯૯.૯૦ દસ ગ્રામના જીએસટી વગરના ભાવ રૂપિયા ૪૧૫ જેટલા વધી રૂપિયા ૭૧૭૦૪ રહ્યા હતા. ૯૯.૫૦ના જીએસટી વગરના દસ ગ્રામના ભાવ રૂપિયા ૭૧૪૧૭ મુકાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગરના ભાવ રૂપિયા ૬૪૦ જેટલા વધી ફરી રૂપિયા ૮૮૦૦૦ને પાર કરી ગયા હતા.

## એક જ દિવસમાં બોન્ડમાં બે અબજ ડોલરનો ઈન્ફલો ઠલવાય તેવી શકયતા

(એજન્સી) મુંબઈ | તા.20



૨૮ જૂનના જ્યારે ભારતીય બોન્ડસને જેપી મોર્ગન ઈન્ડેકસમાં સમાવી લેવાશે ત્યારે તે એક જ દિવસમાં ભારતીય બોન્ડસમાં બે અબજ ડોલરનો ઈન્ફલોસ જોવા મળવાની શકયતા છે. આ ઈન્ફલોસ એક દાયકાની ઊંચી સપાટીએ હશે. આ અગાઉ ક્રેડિટ રેટિંગમાં સુધારાની અપેક્ષાએ ભારતીય બોન્ડસમાં ૨૦ ઓગસ્ટ, ૨૦૧૪ના એક જ દિવસે ૨.૭૦ અબજ ડોલરના બોન્ડસનો ઈન્ફલોસ જોવા મળ્યો હતો. જેપી મોર્ગનના ઊભરતી બજાર ઈન્ડેકસમાં ભારત તેનું વેઈટેજ ૨૦૨૫ના માર્ચ સુધીમાં ૧૦ ટકા સુધી પહોંચવા અપેક્ષા છે, જે દસ મહિનાના ગાળામાં ઓછામાં ઓછા ૨૦ અબજ ડોલરના લાંબા ગાળાના ઈન્ફલોસ જોવા મળવાના સંકેત આપે છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા જે રૂપિયાને તૂટતો અટકાવવા ચાંપતી નજર રાખી રહી છે તે આ ઈન્ફલોસને પણ ધ્યાનમાં લેશે. આ ઈન્ફલોસ રૂપિયા માટે તથા દેશના ફોરેકસ રિઝર્વ માટે સાનુકૂળ બની રહેવા ધારણાં હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.

## કપાસના પાક માટે પ્રિ-ઈમર્જન્ટ નિંદામણનાશક મહત્વનુ: ગોદરેજ એગ્રોવેટ

નવી દિલ્હી | તા.20



ભારત 120.69 લાખ હેક્ટર્સને આવરી લેતાં કુલ 333 લાખ હેક્ટર વિસ્તારમાં કપાસની ખેતી સાથે વૈશ્વિક સ્તરે કપાસના ઉત્પાદનમાં ટોચનું સ્થાન ધરાવે છે. જો કે, એક અભ્યાસ મુજબ, ખેતી દરમિયાન નીંદણના ઉપદ્રવોની સમસ્યાઓના કારણે કપાસના વાવેતર 40થી 85 ટકા સુધી ઘટી જાય છે. ગોદરેજ એગ્રોવેટ લિમિટેડના ક્રોપ પ્રોટેક્શન બિઝનેસ સીઈઓ રાજવેલુ એનકેએ જણાવ્યું હતું કે, પ્રારંભિક તબક્કામાં કપાસની વૃદ્ધિ ખૂબ ધીમા ધોરણે થઈ રહી છે. બીજી બાજુ આ સમય દરમિયાન કપાસના બે રોપા વચ્ચે અંતર વધુ હોવાથી વિવિધ જાતના નીંદણ ઉગી નીકળે છે., જેના લીધે કપાસના પાકને જરૂરી પાણી,પોષક તત્વો અને પ્રકાશની અછત સર્જાય છે." આ સમસ્યાને ઉકેલવા કંપનીએ ગતવર્ષે મેક્સકોટ રજૂ કરી હતી. પ્રિ-ઈમર્જન્સ નિંદામણનાશક મેક્સકોટ કપાસના પાકના આવા નકામા નીંદણનો ઉદ્દભવ થતાં પ્રથમ દિવસથી જ અટકાવે છે. તેમજ પાકને 25થી 30 દિવસમાં નીંદણમુક્ત બનાવે છે. જે પારંપારિક પદ્ધતિઓની સરખામણીએ સસ્તી અને નીંદણ પર અસરકારક નિયંત્રણ કરનારો ઉકેલ સાબિત થઈ છે. રાજવેલુ એનકેએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતમાં કપાસના ખેડૂતો નીંદણના અનિચ્છનીય ઉપદ્રવો અને મજૂરોના વધતા ખર્ચની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

## ટોચની ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓની ઓર્ડર બુકમાં 18 ટકાનો નોંધપાત્ર વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

રિબાઉન્ડિંગ અર્થતંત્ર અને પ્રોજેક્ટ ખર્ચમાં તીવ્ર વધારો સાથે અનુસંધાનમાં, નાણાકીય વર્ષ ૨૪ માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓની ઓર્ડર બુક ૧૮.૩ ટકા વધી છે અને આ વેગ ચાલુ રહેવાની ધારણા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર અને કેપિટલ ગુડ્ઝમાં ૨૫ ટોચની કંપનીઓની કુલ ઓર્ડર બુક ૩૧ માર્ચ સુધીમાં વધીને રૂ. ૧૨.૨૨ લાખ કરોડ થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૩-૨૩ના અંતે રૂ. ૧૦.૩૩ લાખ કરોડ હતી. એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન કંપની લાર્સન એન્ડ ટુબ્રો રૂ. ૪.૭૫ લાખ કરોડની ઓર્ડર બુક પોઝિશન સાથે ચાર્ટમાં ટોચ પર છે, જે ગયા વર્ષે નોંધાયેલા રૂ. ૩.૯૯ લાખ કરોડથી ૧૯.૧% વધુ છે. ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ, રૂ. ૧.૩૧ લાખ કરોડ (૪૪.૧% વૃદ્ધિ)ની ઓર્ડર બુક પોઝિશન સાથે બીજા ક્રમે આવી છે, ત્યારબાદ હિન્દુસ્તાન એરોનોટિક્સ રૂ. ૯૪,૦૦૦ કરોડ (૧૪.૯% વધી) છે.

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થાળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની નટુભાઈ સર્કલ, વડોદરા શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૧૫મી જુલાઈ ૨૦૨૪થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ., નટુભાઈ સર્કલ, વડોદરા શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, પેલિકન બિલ્ડીંગ, અભિષેક કોલોની,**
**રેસકોર્સ ટાવર સામે, ગોત્રી રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ., સારાભાઈ કમ્પાઉન્ડ શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૦૧ અને ફર્સ્ટ ફ્લોર દુકાન નં.૧૦૧**
**અને ૧૦૨,"નેપ્ચ્યુન ટ્રાયોન", નેપ્ચ્યુન કેમ્પસ, ગેંડા સર્કલ પાસે,**
**સારાભાઈ કમ્પાઉન્ડ, ગોત્રી - એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦૦૦૭.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

## ICAR-NBSS&LUPએ મહારાષ્ટ્રમાં ખેડૂતો માટે સોઇલ ટેસ્ટ આધારિત પોષણ માર્ગદર્શિકા બનાવવા માટે કોરોમંડલ ઇન્ટરનેશનલ સાથે એમઓયુ કર્યો

નવી દિલ્હી | તા.20



આઈસીએઆર-નેશનલ બ્યૂરો ઓફ સોઈલ સર્વે એન્ડ લેન્ડ યુઝ પ્લાનિંગ (NBSS&LUP), નાગપુર, ખાતર, પાકનું રક્ષણ કરતા રસાયણો અને સ્પેશિયલ્ટી ન્યૂટ્રીઅન્ટ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડ સાથે 13 જૂન, 2024ના રોજ સમજૂતીપત્ર (એમઓયુ) કર્યો છે. આ સહયોગનું લક્ષ્ય મહારાષ્ટ્ર, ખાસ કરીને વિદર્ભ અને મરાઠાવાડા પ્રદેશોમાં ખેડૂતોને લાભ થાય તે માટે સુધારેલા સોઈલ-ટેસ્ટ આધારિત ક્રોપ ન્યૂટ્રિશન મેનેજમેન્ટ આપવામાં વધારો કરવાનો છે. આ ભાગીદારી વધુ સારા જમીન આરોગ્ય તથા પ્રદેશની પાક ઉત્પાદકતા વધારવા માટે કોરોમંડલ દ્વારા પૂરા પાડવામાં આવતા શ્રેષ્ઠ ન્યૂટ્રીશનલ મેનેજમેન્ટ સોલ્યુશન્સ અને NBSS&LUP દ્વારા આપવામાં આવતા સોઈલ ટેસ્ટ-આધારિત ડેટાસેટ્સ પર ધ્યાન આપશે. આ ભાગીદારીનું લક્ષ્યાંક ખેડૂત સમુદાય માટે સારા સહયોગ, રિસર્ચ એક્સચેન્જ અને સપોર્ટ વધારવાનું છે. એમઓયુ પર હસ્તાક્ષર કરવાના કાર્યક્રમ દરમિયાન નાગપુરની ICAR-NBSS&LUPના ડિરેક્ટર ડો. એન. જી. પાટિલે તેના પાંચ રિજનલ સેન્ટર્સમાં બ્યૂરોના મેન્ડેટ અને પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે લેન્ડ રિસોર્સ ઈન્વેન્ટ્રી (એલઆરઆઈ) તરફથી સોઈલ ડેટાનો ઉપયોગ કરીને લેન્ડ પાર્સલ ઈન્ફોર્મેશન આધારિત એડવાઈઝરી ખેડૂતોને આપવા માટે લક્ષ્યાંક-કેન્દ્રિત ડેવલપમેન્ટ અપ્રોચ પર ભાર મૂક્યો હતો.

## વિવિધ ઉધોગ સંગઠનો દ્વારા કર સુધારા માટે કરાયેલી રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી | તા.20

મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રા સાથે પ્રિ-બજેટ ચર્ચા દરમિયાન ઉદ્યોગ સંગઠનોએ ભારતના કર પ્રણાલીમાં ફેરફારો સૂચવ્યા છે. ઈન્ડસ્ટ્રી બોડી કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી, PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ અલગ-અલગ બેઠક યોજી આગામી બજેટ માટે સૂચનો રજુ કર્યા હતા. ૨૦ લાખ સુધીની કરપાત્ર રકમ પર આવકવેરામાંથી થોડી રાહત મળવી જોઈએ.

## નિવૃત્તિ બાદ ટેન્શન ફ્રી જીવવું હોય તો આ 5 સ્કીમ ઘણી કામની, દર મહિને સારૂ એવુ પેન્શન મળશે

(એજન્સી) નવી દિલ્હી| તા.20

1. સિનિયર સિટિજન સેવિંગ સ્કીમ એકાઉન્ટઃ પોસ્ટ ઓફિસની આ સ્કીમમાં વાર્ષિક 8.20 ટકા વ્યાજ મળે છે. ઓછામાં ઓછું રૂ. 1000નું રોકાણ કરી આ સ્કીમનો લાભ મેળવી શકો છો. મહત્તમ તેમાં રૂ. 30 લાખ સુધીનું રોકાણ શક્ય છે. આ સ્કીમમાં એકસામટુ રોકાણ કરવાનું હોય છે. જેમાં પાંચ વર્ષની મુદ્દત પર દરમહિને આવક મળે છે. જમા રકમ પર આવકવેરા અધિનિયમની કલમ 80 (સી) અંતર્ગત રૂ. 1.50 લાખની છૂટ મળે છે.2. અટલ પેન્શન યોજનાઃ આ સ્કીમ વરિષ્ઠ નાગરિકોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવી છે. જેમાં રોકાણના આધારે 60 વર્ષ બાદ દરમહિને રૂ. 1000થી રૂ. 5000 સુધીનું પેન્શન મળવા પાત્ર છે. આ યોજનાનો લાભ લેવા 18થી 40 વર્ષની વયમર્યાદામાં અરજી કરવાની હોય છે. 3. મંથલી ઈનકમ સ્કીમઃ પોસ્ટ ઓફિસની આ મંથલી ઈનકમ સ્કીમ છે. જેમાં એકસામટું રોકાણ કરી પાંચ વર્ષ સુધી માસિક ધોરણે પેન્શન મેળવી શકાય છે. પાંચ વર્ષ બાદ જમા રકમ પરત કરવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક 7.4 ટકા વ્યાજ મળે છે. જે દરમહિને પેન્શન સ્વરૂપે આપવામાં આવે છે. જેમાં વ્યક્તિગત ધોરણે વધુમાં વધુ રૂ. 9 લાખ અને દંપત્તિ માટે રૂ. 15 લાખની રોકાણ મર્યાદા છે. જેમાં વ્યક્તિગત ધોરણે રૂ. 5550 પ્રતિ માસ અને દંપત્તિને રૂ. 9250 પ્રતિ માસ પેન્શન મળે છે. 4. મ્યુચ્યુલ ફંડમાં સિસ્ટેમેટિક વિડ્રોઅલ પ્લાનઃ સિસ્ટેમેટિક વિડ્રોઅલ પ્લાન (SWP) મારફત માસિક આવકની સુવિધા મેળવી શકો છે. જેમાં તમારે મ્યુચ્યુઅલ ફંડની હાઈબ્રિડ સ્કીમમાં એકસામટુ રોકાણ કરવાનું હોય છે. જે ફંડમાંથી તમને દરમહિને નિશ્ચિત રકમનું પેન્શન મળે છે. જો કે, માર્કેટ સાથે સ્કીમ જોડાયેલી હોવાથી મૂડીમાં વધ-ઘટ થતી રહે છે. 5. ફિક્સ્ડ ડિપોઝિટઃ પોસ્ટ ઓફિસ અને બેન્ક વિવિધ મુદ્દત માટે ફિક્સ્ડ ડિપોઝીટની સુવિધા આપે છે. એફડી પર જમા રકમ તમને માસિક, ત્રિમાસિક, છ માસિક અને વાર્ષિક ધોરણે વ્યાજ મળે છે. વરિષ્ઠ નાગરિકોને સામાન્ય નાગરિક કરતાં 0.25 ટકા વધુ વ્યાજ મળે છે.




## પ્રથમ વિશ્વ યોગ દિવસની ભારતમાં અનોખી ઉજવણી

ભારતની પહેલ પર સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના પગલે પ્રથમ વિશ્વ યોગ દિવસની ઉજવણી ભારતમાં અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં 21 જૂન, 2015ના રોજ પીએમ મોદીના નેતૃત્વમાં 35 હજારથી વધુ લોકો અને 84 દેશોના પ્રતિનિધિઓએ દિલ્હીના રાજપથ પર યોગના 21 આસન કર્યા હતા. આ મેગા યોગ ઈવેન્ટને 'ધ ગિનીસ બુક ઓફ રેકોર્ડ્સ'માં સ્થાન આપવામાં આવ્યું હતું. જેમાં 84 દેશોના 35,985 લોકોએ આ આયોજનમાં એક સાથે ભાગ લેવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

## યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે

યોગ એ એક પ્રાચીન શારિરીક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહીં પણ આપણો ભારત દેશ છે. યોગ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનું પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે.

## 21 JUNE INTERNATIONAL Yoga Day

# શું તમે જાણો છો વિશ્વ યોગ દિવસનો આ ઈતિહાસ?

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 11 ડિસેમ્બર 2014ના રોજ 21 જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે જેનો ઉદ્દભવ ભારતમાં થયો છે. યુનેસ્કોએ 21 જૂનને વિશ્વ યોગ દિવસતરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. જેમાં પીએમ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા( UNESCO )માં 27 સપ્ટેમ્બર 2014ના રોજ વિશ્વભરમાં યોગ દિવસ મનાવવાનું આહ્વાન કર્યું હતું. જેની બાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા( UNESCO )એ 11 ડિસેમ્બર 2014ના રોજ 21 જૂનને વિશ્વ યોગ દિવસ( World Yoga Day ) તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે જેનો ઉદ્દભવ ભારતમાં થયો છે.

### ભારતમાં પણ પીએમ મોદીના નેતૃત્વમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાય છે

આ ઉપરાંત ભારતમાં પણ પીએમ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં અનેક સ્થળોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેમજ યોગના ફાયદા જણાવવા માટે યોગ સાથે જોડાયેલી વિવિધ સંસ્થાઓ પણ યોગ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવે છે. તેમજ નિઃશુલ્ક યોગ અભ્યાસનું પણ આયોજન કરે છે. યોગ એ ચેતનાનું વિજ્ઞાન છે.

## દર વર્ષે 21 જૂનના રોજ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે

આમ પ્રથમવાર વિશ્વ યોગ દિવસ 21 જૂન 2015ના રોજ વિશ્વના 170 દેશોએ ઉજવ્યો હતો. આ દિવસે વિશ્વભરના લોકો યોગ દિવસ તરીકે ઉજવે છે. આ દિવસે વિશ્વના લોકો યોગના માધ્યમથી શારીરિક, માનસિક સ્વાસ્થ્ય સાથે આધ્યાત્મિક ચેતના અંગે જાગૃતિ ફેલાવે છે. આંતરાષ્ટ્રીય યોગ દિવસે યોગ વિશેની ચર્ચા, શિબિર, યોગ સ્પર્ધા, સામૂહિક યોગાભ્યાસ વગેરેનું આયોજન કરાય છે. જેની બાદ દર વર્ષે 21 જૂનના રોજ વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



# આ યોગ કરવાથી મહિલાઓ વૃદ્ધાવસ્થામાં પણ ફિટ રહી શકે છે

દર વર્ષની જેમ આ વર્ષે પણ 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. યોગ દરેક વ્યક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કહેવાય છે કે યોગથી રોગો દૂર થાય છે. ખરેખર, આજની ભાગદોડ વાળી જીવનશૈલી વચ્ચે લોકોને પોતાના માટે તો સમય નથી મળતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. યોગ દરેક વ્યક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કહેવાય છે કે યોગથી રોગો મટે છે. આજની ભાગદોડ વાળી જીવનશૈલી વચ્ચે લોકોને પોતાના માટે તો સમય નથી મળતો. જેમ-જેમ સ્ત્રીઓ મોટી થાય છે તેમ-તેમ તેમના શરીરમાં ઘણા ફેરફારો થાય છે. ઘણા પ્રકારના હોર્મોનલ બદલાવ આવે છે જેના કારણે મહિલાઓ ઘણી બીમારીઓનો શિકાર બને છે. ઘણી વખત ખરાબ આહાર અને જીવનશૈલીને કારણે હોર્મોનલ ફેરફારો થાય છે.

## ભુજંગાસન

જેમજેમવ્યક્તિનીઉંમરમાંવધારોથાયછેતેમ તેમવ્યક્તિએઆઆસનચોક્કસપણેકરવું જોઈએ.ખાસકરીને30પછીનીઉંમરનીદરેક મહિલાએ આ આસન શરૂ કરવું જોઈએ. તે શરીરનાઉપરનાભાગનેજસ્ટ્રેચનથીકરતું પરંતુ ચહેરા પર ચમક પણ લાવે છે.

## ચક્કી ચાલનાસન

આ યોગ કરવાથી ગભાશય, અંડાશય, કિડની સહિત શરીરના ઘણા ભાગો મજબૂત બને છે.



## ધનુરાસન

વ્યક્તિએઆઆસનચોક્કસપણે કરવુંજોઈએ.જેમહિલાઓનુંવજન વધારે છે તેમણે આ યોગ અવશ્ય કરવો. તેનાથી શરીરની મુદ્રા પણ યોગ્યરહેછે.આખુંશરીરયોગ્યરીતે ખેંચાય છે.

ઘણા પ્રકારના હોર્મોનલ બદલાવ આવે છે જેના કારણે મહિલાઓ ઘણી બીમારીઓનો શિકાર બને છે

## બાલાસન

આઆસનકરવાથીઆખુંશરીરખેંચાઈજાયછે.જેનાકારણેદદરમાં રાહતઅનુભવાયછે.તેનાથીસ્ટ્રેસઅનેટેન્શનપણઓછુંથાયછે.



## ઉત્કટાસન

આ કસરત કમર, હિપ્સ અને જાંઘ માટે શ્રેષ્ઠ કસરત છે. આ પગને મજબૂત બનાવે છે અને તેમને આકારમાં રાખે છે.




## સેતુ બંધાસન

તેશરીરનાનીચેનાભાગને મજબૂત બનાવે છે. તે જ સમયે, તે કમર અને હિપ્સનાદુખાવામાંપણ ઘટાડો કરે છે અને ઘણી રાહત આપે છે.

## તિતલી આસન

જે મહિલાઓને પીરિયડ્સ સંબંધિત સમસ્યા હોય તેમણે આ આસન નિયમિત કરવું જોઈએ. આનાથી જાંઘ અને પગના સ્નાયુઓ મજબૂત થાય છે.



# મદારી બંદરના આનંદી તોફાની નેચરને પારખીને...



ચુંટણીના ગણિત

- રુપાલી દવે

સેક્રેટરીની પોસ્ટ માટે ક્લબ ની ચૂંટણી માં મોટાભાગના નવયુવાન તરવરિયા ઉભા હતા,બધાના મનનું એક જ સપનું સેક્રેટરી બનીશ તો રોફ રહેશે.આમ તો મોટાભાગ ની ક્લબો એ મધ્યમ વર્ગીય કે ગરીબો માટેની નથી હોતી ત્યાં ફાલતુ સમયમાં રમી કે પાર્ટીઓ થતી હોય છે. આ પાર્ટી કલ્ચર એટલે શું? પાર્ટી કલ્ચર એટલે બીજેપી વિરુદ્ધ ઈન્ડી એરલાઈન્સ પાર્ટી કલ્ચર બિલકુલ નહિ. આ વર્ષે તો ગજબ નું થયું ૪૦૦પ્લસ ને પડકારી કોંગ્રેસ ૯૯ સીટ લાવી.ડબલ ડીઝીટ ની બોલબાલા તો એવી કે રાહુલજી રાત દિવસ મોદીજી ના કાન માં સાંઠીકડા ખોસ્યા કરે છે, ગાલમાં ઊંડા ખંજન પડતાં કહે છે કે પપ્પુ પાસ હો ગયા ઔર પપ્પી ધારાસભ્ય બનને જા રહી હૈ.દીનો ફુલ્લી પાસ હો ગયે,આપ કે ૪૦૦પ્લસ કા હુવા? હવા ખા ગઈ કી ધરતી કહા ખો ગયા ૪૦૦પ્લસ? બોલો પી.એમ જી. એક જંગલ મા નાનકડો તોફાની વાંદરો હતો એ એટલો તોફાની હતો ને કે બંદર પાર્ટી ના અધ્યક્ષ ને મનોમન થતું હતું કે આ બંદર ને પ્રવાસ દરમિયાન વન વગડા માં ભૂલી જાવ પણ તોફાની બંદર ની મમ્મી એ અધ્યક્ષ ની ધર્મ પત્ની. દુનિયામાં માણસ કે પ્રાણી બન્નેનું પત્ની આગળ "મેરા નામ જોકર" જેવું સમજો.ઘણી ઘણી વખત પત્ની દૂર દૂર અન્ય બચ્ચા ને લઈને નીકળી ગઈ એવું લાગે ત્યારે અધ્યક્ષ તોફાની નાનકડા બંદર ને મૂકીને છટકવાનો પ્રયાસ કરતા હતા.પરંતુ પત્નીના દૂર થી ઘૂર્કીયા દેખીને ચૂપચાપ તોફાની બંદર ને મહા પ્રયત્ન થી ખેંચીને સાથે લઈ જવો પડતો હતો. અચાનક એક દિવસ એ નાનકડું તોફાની બંદર જંગલમાં ખોવાઈ ગયું ને સીધું મદારીના હાથમાં આવ્યું.મદારી બંદર ના આનંદી તોફાની નેચર ને પારખી ને નક્કી કર્યું કે આને ચિલા ચાલુ દાવ માં લગાડવા કરતા કઈક નવું કરું,પણ શું? મદારી ની પત્ની એ કીધું રાજકારણની રમતમાં બંદર ખૂબ કમાવી આપશે. ત્યારથી આ તોફાની બંદર નેતાજી નમસ્તે ના નામે ઓળખાય છે. જેવું મદારી ડુગડુગી બજાવી ને બોલે ને કે કૈસે હો નેતાજી? ત્યારે બંદર માથા પરની ટોપી ઊંચી નીચી કરીને બધાને "નમસ્તે" કરતો હતો.

સાચું કહું રાજકારણ માં કાયમી કોઈ કોઈનો મિત્ર કે કોઈનો દુશ્મન નથી હોતા.બધુજ સ્વાર્થની ઠેકાણ ગાડી ની જેમ ચાલતું હોય છે.વિચાર આવે કે ચૂંટણી ના ગણિત કેમ વિખરાયા? ને ચૂંટણી પૂરી થઈ ને "હમ તુમ સબ એક હે" સલોગ સાથે સપથ વિધિ સાથે બીજેપી એ એના એલાઈન્સ સાથે સરકાર પણ બનાવી નાખી. દેશમાં ફરી રાજા કરે રાજ ને પ્રજા કરે કામ ના નીતિનિયમો મુજબ સરકાર ચાલવા પણ લાગી. પરંતુ વારંવાર ૪૦૦પ્લસ ની રામ કથા માં પરેશાન મોદીજી એ ફરમાન કર્યું કે ભૂલ થી પણ ફરી ૪૦૦પર શબ્દો બોલ્યા તો ગબ્બર આ જાયેંગે.યુ.પી માં ભયાનક કાળઝાળ ગરમી મા પ્રજા બફાઈ રહી છે ને ફૂલ બહુમતી થી ચૂંટાયેલ ધારાસભ્યો ગરમી થી બચવા વેકેશન માં ટૂર પર રવાના થઈ ગયા છે.

અત્યારે રૂલિંગ પાર્ટીનું ખારું ખટ મન પ્રજાના વિરુદ્ધ ના વલણ થી દર્દ માં ૪૦૦પ્લસ માં સમીક્ષા કરવામાં બીઝી છે. રુલિંગ પાર્ટી નું માનવું છે કે વિપક્ષ એ કાસ્ટ નો દાવ એવો રમ્યો છે કે જેથી પ્રજા ફરી કાસ્ટ ની રાજનીતિમાં વિખરાઈ ગઈ છે. ઉતર ભારતની રાજનીતિ યુગોથી એકસરખી ચાલી રહી છે. યુ.પી માં માફિયા રાજ માં જનતા રૂપિયાના જોરે બધુંય ભૂલીને એની સાથે ઊભી થઈ શકે છે.આ સત્ય બીજેપી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ની હવામાં વીસરી ચૂકી હતી. ત્યાં આજ નહિ યુગોથી રાજનીતિની રમત માં બધું ઉપર નીચે થયા કરતું હોય છે. સમાજવાદી જેવી માફિયા ગીરો વાળી પાર્ટી ને ત્યાંની જનતા એ ફૂલ બહુમતીથી ઘણીવાર વિજયી બનાવી છે.અટલ બિહારી વાજપેયીની વિચાર સરણી સેક્યુલર હતી કદાચ બાજપાઈજી જેવી સેક્યુલર વિચારસરણી વિપક્ષ ના આજના એકપણ નેતાની નથી. આમ છતાંય અટલ બિહારી વાજપેયી ભારત ના વડાપ્રધાન પદે કેટલી વાર હતા? એ સમયે પણ ચૂંટણી નું ગણિત યુ.પી જ વારંવાર બગાડી નાખતું હતું. ચૂંટણી ના ગણિત એ ભલભલા રાજકારણીઓને ઉંધે કાન નાખી શકે છે.

૨૦૨૪ ની ચૂંટણી નું પરિણામ પાંચ વર્ષ જેવું કેમ ના આવ્યું? આ વર્ષે તો ભવ્ય રામમંદિર બીજેપી એ અયોધ્યામાં બનાવ્યું હતું.આ કારણોસર તો યુ.પી ની પૂરેપૂરી બેઠક બીજેપી ને આવવી જોઈતી હતી.દેશ દુનિયા ને ખબર છે કે અયોધ્યામાં રામ મંદિર નું નિર્માણ મોદીજી ના અથાગ પ્રયત્નો અને રાજનીતિ થી શક્ય બન્યું છે પરંતુ યુ.પી ની પ્રજા આ વાત માનવા તૈયાર નથી થયુ.ત્યાંના લોકોનું માનવું છે કે રામ મંદિર એકના એક દિવસ રામ લલ્લલા બનાવવાના જ હતા એમાં મોદીજી નો શું રોલ? આ વાતને વિપક્ષ એ તાકાત બનાવી ને ચૂંટણી માં અયોધ્યા ના ગામ ગામ માં પ્રચાર થયો કે રામ મંદિર ના નિર્માણ માં જેણે વરસો ના વરસ મહેનત કરી હતી એને મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા માં નિમંત્રણ આપ્યું નહતું એનાથી રામ લલ્લા દુઃખી છે.સાધુ સંતો કે જેને મંદિર ના સ્થાપના માં આમંત્રિત નહતા કરવામાં આવ્યા એનો પણ વિપક્ષ ને બહુમતી અપવવામાં મોટો ફાળો સમજો. ના સમજાય એવી મોટી વાત જનતાની નબળી વિચારસરણી ની.બેત્રણ ટાઈમ ના રોટલા કરતા પણ વધારે પ્રદેશની આર્થિક સામાજિક અને રાજકીય તાકાત જરૂરી છે આ તાકાત ના લીધે જ સમાજની સ્ત્રીઓ બાળકો સુરક્ષિત સફળ જીવન જીવી શકે છે. પરંતુ જ્યાં સમાજ જ લાલચ માં માથું ડુબાડી જીવવા માંગતો હોય ત્યાંથી નીકળીને ભગવાન જેવા ભગવાન ને પણ "દ્વારિકા નગરી" નું નિર્માણ કરવુ પડે છે.

૨૦૨૪ ના ચૂંટણીના પરિણામ આટલા બધા વિચિત્ર આવતા વિચારકો,ઓપીનીયન પોલ સર્જકો,પોલિટિકલ વિદ્વાનો આટ આટલી ચર્ચાઓ શું કામ કરે છે? તો એની પાછળ નું મુખ્ય કારણ યુ.પી ના પરિણામો ની સૌથી વધારે અસર દેશની રાજનીતિમાં થઈ છે.દેશમાં વિકાસ ની ગતિ છેલ્લા દસ વર્ષમાં પુર ઝડપે દોડતી થઈ છે ને બીમારું રાજ્યો માં પાયા ની જરૂરિયાત થી લઈને રોડ રસ્તા વીજળી પાણી વગેરે કાર્યો મોટાપાયે સતત થયા છે. અવિકસિત રાજ્યો મા મૂળ થી અવ્યવસ્થાઓ દૂર કરીને ત્યાં ઔધોગિક વિકાસ ને ગતિ આપી છે જેથી બધાને રોજગાર સાથે જોડી શકાય. સ્કૂલો,કોલેજો અને ઉચ્ચ એજ્યુકેશન માટે દૂર જવું ના પડે એટલે દરેક ગામડામાં પણ વિકાસ કર્યો હતો.કદાચ પાક્કા રોડ અને ચોવીસ કલાક વીજળી એ દેશની આઝાદી બાદ યુપી એ ક્યારેય પામ્યું પણ નહતું.છેલ્લા દસ વર્ષમાં મોદીજી એ યુ.પી ના વિકાસમાં એકપણ કસર છોડી નથી એટલે તો રાજ્ય વિકસિત બન્યું છે.

વાસ્તવિકતા તો એ છે કે આપણા દેશના લોકોને વરસો ના વરસ ગુલામ બન્યા બાદ ગુલામી ની આદત પડી ગઈ છે.દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધી પ્રત્યેક પાર્ટીઓ ના ચૂંટણી ના ગણિત ક્યારેય સીધા પડ્યા નથી. એનું મુખ્ય કારણ છે કે શકુનિ ના પાસા માં શતરંજ ની રમત બદલવાની તાકાત છે. આ પાસા સતત અંધ ધૃતરાષ્ટ્ર ના પતન માટે ફેંકાયા છે..કેમ?.. ગાંધાર નરેશ ના ધૃતરાષ્ટ્ર સાથેના વેરનો બદલો નાનો દીકરો શકુનિ બહેન ગાંધારીના સંસાર ને નષ્ટ કરવા માટે તત્પર રહેતો હતો. ભારત આઝાદ થયું યુગોથી છતાંય આજ પણ વિદેશી અદ્દ્રશ્ય આક્રમણ ભલભલા ચૂંટણી પરિણામ બદલવામાં સક્ષમ રહે છે

# સુનીલ શેટ્ટી પોતાને મોટો બિઝનેસમેન નથી માનતા



## કહ્યું, 'લોકોએ ખોટું વિચારી લીધું છે, બે વર્ષથી એક જ કાર ચલાવી રહ્યો છું'

એક્ટર સુનીલ શેટ્ટી પોતાને મોટો બિઝનેસમેન નથી માનતા. તેઓ માત્ર એટલા પૈસા ઈચ્છે છે કે તેઓ અને તેમનો પરિવાર જીવન સારી રીતે જીવી શકે. સુનીલ શેટ્ટીએ કહ્યું કે તે કોઈ સામ્રાજ્ય બનાવવા માગતા નથી. લોકો તેમના ભવ્ય ખંડાલા ફાર્મહાઉસ વિશે વાત કરે છે.

સુનિલે કહ્યું કે તેમણે વર્ષો પહેલા ખૂબ જ સમર્પણ સાથે તેને ખરીદ્યું હતું. સ્થિતિ ગમે તે હોય તેઓ તેને ક્યારેય વેચશે નહીં. સુનીલ શેટ્ટી કહે છે કે તેને એક સાથે ચાર વાહનો સાથે મુસાફરી કરવાનો શોખ નથી, તે એક વાહનથી પણ સંતુષ્ટ છે. સુનિલે કહ્યું કે જીવન વધુ સારું જાય તે મહત્ત્વનું છે, દેખાડો કરવાનો કોઈ અર્થ નથી.

સુનીલ શેટ્ટી વિશે એવું કહેવામાં આવે છે કે તે એક્ટર હોવા ઉપરાંત એક મોટા બિઝનેસમેન પણ છે. કહેવાય છે કે દર વર્ષે તે માત્ર બિઝનેસથી જ કરોડો રૂપિયા કમાય છે. આ અંગે કોમેડિયન ભારતી સિંહ અને તેના પતિ હર્ષ લિમ્બાચિયા સાથે વાત કરતા સુનિલે કહ્યું,'મારા વિશે એવું કહેવાય છે કે હું મોટો બિઝનેસમેન છું. જો કે, તે સાચી વાત નથી.'

તમે મને ક્યારેય ચાર વાહનો લઈને જતા જોશો નહીં. હું બે વર્ષથી એક જ કાર ચલાવી રહ્યો છું અને મને તેનાથી કોઈ સમસ્યા નથી. જ્યાં સુધી ઘર ખરીદવાની વાત છે, હું તેમાં ત્યારે જ રોકાણ કરીશ જ્યારે મને ખરેખર લાગશે કે મારે આવું કરવું જોઈએ. હું ક્યારેય કોઈ સાધારણ વસ્તુમાં પૈસા રોકીશ નહીં. ઘર એવી વસ્તુ છે જ્યાં આપણે મોટાભાગે રહીએ છીએ, તેથી તે શ્રેષ્ઠ હોવું જોઈએ.'

### 16 વર્ષ પહેલાં ફાર્મ હાઉસ બનાવ્યું, ત્યાં 400 વૃક્ષો વાવ્યાં'

સુનીલ શેટ્ટીએ વધુમાં કહ્યું હતું કે, 'આજે લોકો કહે છે કે,સુનીલ શેટ્ટીનું ફાર્મ હાઉસ જુઓ. મેં તેને 16 વર્ષ પહેલાં ખરીદ્યું હતું. તે સમયે તેની કિંમત કદાચ એટલી ન હતી. ફાર્મ હાઉસ બનાવવાનું એકમાત્ર કારણ એ હતું કે હું ત્યાં મારી પત્ની અને બાળકો સાથે શક્ય તેટલો સમય પસાર કરવા માંગતો હતો.'

'મારે ત્યાં વીકએન્ડમાં જવું હતું અને ખેતી પણ કરવી હતી. જે જગ્યાએ પહાડો હતા ત્યાં આજે મેં 400 વૃક્ષો વાવ્યા છે. હવે તે ઘરની કિંમત ઘણી વધારે છે, તે એક અલગ વાત છે.'

સુનીલે કહ્યું કે તે ક્યારેય તેનું ખંડાલા ફાર્મ હાઉસ કે તેનું મુંબઈનું ઘર વેચશે નહીં. આ તેમના માટે ઈમોશનલ ઈન્વેસ્ટમેન્ટ છે, નાણાકીય નહીં. આ બંને ઘર તેમના માટે કિંમતી છે.

# પુત્રીને જીવનસાથી પસંદ કરવાનો અધિકાર છે: સોનાક્ષીના લગ્નમાં જશે શત્રુઘ્ન

## ફેક રિપોર્ટ્સ પર કહ્યું- 'ખામોશ, તમારા પોતાના કામ પર ધ્યાન આપો'



બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષી સિંહા આ રવિવારે એટલે કે 23 જૂને તેના બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરવા જઈ રહી છે. જ્યારથી તેમના લગ્નના સમાચાર સામે આવ્યા છે ત્યારથી એવી પણ ચર્ચા થઈ રહી છે કે સોનાક્ષીના પિતા શત્રુઘ્ન સિંહા અને પરિવારના બાકીના સભ્યો આ લગ્નથી ખુશ નથી.

ઘણા અહેવાલોમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે શત્રુઘ્ન તેમની પુત્રીના લગ્નમાં હાજરી આપશે નહીં. જો કે, હવે એક ઈન્ટરવ્યૂમાં અભિનેતાએ આ અહેવાલો પર પૂર્ણવિરામ મૂક્યું છે.

### મારી પુત્રીને તેનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર છે: શત્રુઘ્ન

ઝૂમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં શત્રુઘ્ને કન્ફર્મ કર્યું કે તે તેની દીકરીના લગ્નમાં ચોક્કસ હાજરી આપશે. પીઢ અભિનેતાએ એમ પણ કહ્યું કે તેની પુત્રીને તેનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર છે અને ઝહીર સાથે તેની જોડી સારી લાગે છે. ઈન્ટરવ્યૂમાં શત્રુઘ્ને કહ્યું, 'મને કહો, આ કોનું જીવન છે? આ મારી એકમાત્ર પુત્રી સોનાક્ષીનું જીવન છે, જેના પર મને ખૂબ ગર્વ છે અને હું જેને ખૂબ પ્રેમ કરું છું. તે મને શક્તિનો સ્તંભ કહે છે. આ લગ્નમાં હું ચોક્કસ હાજર રહીશ.અને મારે શા માટે ન રહેવું જોઈએ? મારી ખુશી તેની ખુશીમાં છે. સોનાક્ષીને પોતાનો જીવનસાથી અને લગ્ન સાથે જોડાયેલી દરેક વસ્તુ પોતે પસંદ કરવાનો અધિકાર છે.'

શત્રુઘ્ને વધુમાં કહ્યું, 'હું અત્યારે મુંબઈમાં છું. હું અહીં માત્ર મારી પુત્રીની શક્તિ તરીકે જ નહીં પરંતુ તેની વાસ્તવિક ઢાલ તરીકે પણ ઊભો છું. સોનાક્ષી અને ઝહીરે પોતાનું જીવન એકસાથે વિતાવવું છે અને તેઓ એકસાથે ખૂબ જ સુંદર લાગે છે.'

નકલી અહેવાલો વિશે વાત કરતી વખતે, શત્રુઘ્ને કહ્યું, 'હું મારા સિગ્નેચર ડાયલોગ 'ખામોશ...' કહીને તેમને સાવચેત કરવા માગું છું. હું તેમને કહીશ કે આ તમારું કામ નથી. ફક્ત તમારા પોતાના કામ પર ધ્યાન આપો.'

આ પહેલા જ્યારે સોનાક્ષી અને ઝહીરના લગ્નના સમાચાર સામે આવ્યા હતા ત્યારે શત્રુઘ્ને કહ્યું હતું કે તેમને આ લગ્ન વિશે કોઈ માહિતી નથી. અભિનેતાએ એમ પણ કહ્યું હતું કે 'આજકાલ બાળકો તેમના માતાપિતાની સંમતિ લેતા નથી, તેઓ ફક્ત તેમને જાણ કરે છે. અમે પણ રાહ જોઈ રહ્યા છીએ કે અમને આ લગ્ન વિશે ક્યારે જાણ કરવામાં આવશે.'- આવી સ્થિતિમાં એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે શત્રુઘ્ન આ સંબંધથી ખુશ નથી. આ ઉપરાંત તેની પુત્રી સાથેના સંબંધો પણ સારા નથી ચાલી રહ્યા.

**લગ્ન 23 જૂને મુંબઈમાં થશે:** સોનાક્ષી અને ઝહીર 23 જૂને મુંબઈમાં લગ્ન કરશે. આ કપલ સવારે રજિસ્ટર્ડ મેરેજ કરશે. સાંજે, બંને તેમના મિત્રો અને પરિવાર માટે ભવ્ય રિસેપ્શનનું આયોજન કરશે. આ સેલિબ્રેશન મુંબઈના બાસ્ટન રેસ્ટોરન્ટમાં થશે, જેની માલિકી બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીની છે. આ પહેલા સોનાક્ષી અને ઝહીરે સોમવારે રાત્રે બેચલર પાર્ટીની મજા માણી હતી. બંનેએ આ પાર્ટીની કેટલીક તસવીરો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી છે. આ પાર્ટીમાં સોનાક્ષીની નજીકની મિત્ર અને અભિનેત્રી હુમા કુરેશીએ પણ હાજરી આપી હતી.

# 'શ્રદ્ધા કપૂર મારો ક્રશ, રાત્રે ઊંઘી ન શક્યો', આ અભિનેતાએ ખુલ્લેઆમ કર્યું પ્રપોઝ...

બોલીવુડ સ્ટાર શ્રદ્ધા કપૂરે રાહુલ મોદી સાથેના તેના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા છે. અભિનેત્રીએ બુધવારે સવારે પોતાના બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે એક ફોટો શેર કર્યો હતો અને તેમના સંબંધમાં હોવાનો સંકેત આપ્યો હતો. આ દરમિયાન એક અભિનેતાએ શ્રદ્ધા કપૂર પર પોતાનો ક્રશ જાહેર કર્યો અને ખુલ્લેઆમ તેને નેશનલ ક્રશનું બિરુદ આપ્યું હતું.



અમે વાત કરી રહ્યા છીએ એક્ટર રોહિત સરાફની. જેણે 'ધ સ્કાય ઈઝ પિંક' અને 'લુડો' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. આ દિવસોમાં તે તેની આગામી ફિલ્મ ઈશ્ક વિશ્ક રિબાઉન્ડનું પ્રમોશન કરી રહ્યો છે. તેમાં પશ્મિના રોશન, જીબ્રાન ખાન અને નૈલા ગ્રેવાલ પણ છે. તેણે પોતાના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેને રિયલ લાઈફમાં કોઈના પ્રત્યે ક્રશ છે. જેના જવાબમાં રોહિતે શ્રદ્ધા કપૂરનું નામ લીધું હતું. આ વિશે વાત કરતાં અભિનેતાએ કહ્યું હતું કે, અત્યારે મને શ્રદ્ધા કપૂર પર ખરેખર ક્રશ છે.

એક ઘટનાને યાદ કરતાં તેણે કહ્યુ હતું કે શ્રદ્ધાએ હાલમાં એક સેલ્ફી પોસ્ટ કરી હતી અને તેની સાથે તેની ફિલ્મનું ગીત 'સોની સોની' પણ ઉમેર્યું હતું. રોહિતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેની પોસ્ટ શેર કરી હતી.

અભિનેતાએ જણાવ્યું હતું કે શ્રદ્ધાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી રીપોસ્ટ કરી અને તેને ટેગ કરીને લખ્યું હતું કે, 'કિલર મૂવ્સ.' રોહિત સરાફે વધુમાં જણાવ્યું કે તેણે તરત જ અભિનેત્રીનો આભાર માન્યો અને તે દિવસે તે 3 કલાક સુધી ઉંઘી ન શક્યો હતો.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, રોહિતની નવી ફિલ્મ 'ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ' 21 જૂનના રોજ રીલિઝ થઈ રહી છે. આ સિવાય તેની પાસે જાહ્નવી કપૂરની તુલસી કુમારી અને વરુણ ધવનની આગામી ફિલ્મ સની સંસ્કારી પણ છે. પણ નેશનલ ક્રશ વાત કહીને રોહિતે રાહુલ મોદીને ટેન્શનમાં મૂકી દીધો હશે. શ્રદ્ધા અને તેનો સંબંધ હમણાં જ શરૂ થયો છે.

# ભલે સૌ મને રોમેન્ટિક હીરો કહે પણ હું પ્રેમમાં અનલકી...'

કાર્તિક આર્યન બોલિવૂડના કેટલીક સેલિબ્રિટીની જેમ પોતાની લવ લાઈફને પ્રાઈવેટ રાખે છે પરંતુ ઘણી અભિનેત્રીઓ સાથે તેમનું નામ જોડાયું. 'લવ આજ કલ' ની શૂટિંગ દરમિયાન સારા અલી ખાન સાથે લિંકઅપના સમાચાર આવ્યા હતા, પરંતુ ફિલ્મ રિલીઝ પહેલા બંનેનું બ્રેકઅપ થયાના સમાચાર પણ મળ્યા હતા. સારા અલી ખાન પછી જાહન્વી કપૂર અને અનન્યા પાંડેની સાથે પણ તેનું નામ જોડાયું હતું.

ચંદુ ચેમ્પિયનના અભિનેતાએ એક ઈન્ટરવ્યુમાં તેની આશિકમિજાજ ઈમેજ વિશે વાત કરી અને કહ્યું કે તે સિંગલ છે. કાર્તિકે આ દરમિયાન સ્પષ્ટતા કરી, 'મારું અંગત જીવન એક સમયે સૌથી વધુ ચર્ચિત વિષય બની ગયું હતું અને ત્યારથી આજ સુધી એવું જ ચાલે છે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, 'તો શું તમે હવે



જાહેરમાં ડેટ ન કરવાનો પાઠ શીખી લીધો છે?' આનો જવાબ મજાકનાં અંદાજમાં કહ્યું કે, 'હું તો પ્રાઈવેટલી પણ ડેટ નથી કરી રહ્યો. હું કદાચ ડરી ડરીને ફરી રહ્યો છું.' કાર્તિક કહે છે કે, 'જ્યારે તમે ફેમસ થઈ જાઓ છો ત્યારે તમે ઘણાં ઓછા લોકોથી મળો છો. હું હમણાં કોઈને ડેટ નથી કરી રહ્યો, મને સૌ કોઈ રોમેન્ટિક હીરો બોલાવે છે પરંતુ હું પ્રેમમાં ઘણો અનલકી છું.'

# રણવીર-દીપિકા બેબીમૂન મનાવવા લંડન ગયા...!

## 'કલ્કિ' ઈવેન્ટમાં હીલ્સ પહેરવા બદલ ટ્રોલ થઈ એક્ટ્રેસ, સપ્ટેમ્બરમાં આપી શકે છે બાળકને જન્મ



બોલિવૂડ પાવર કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ગુરુવારે સવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. અહીં રણવીર પહેલાં કારમાંથી નીચે ઉતર્યો અને પછી પત્ની દીપિકાને કારમાંથી બહાર નીકળવામાં મદદ કરી.

જો રિપોર્ટ્સનું માનીએ તો આ કપલ બેબીમૂન સેલિબ્રેટ કરવા લંડન રવાના થઈ ગયું છે. આ કપલના ઘરે સપ્ટેમ્બર માસમાં કિલકારી ગુંજે એવી શક્યતા છે એરપોર્ટ પર બંને બ્લેક આઉટફિટમાં જોવા મળ્યા હતા. જ્યાં રણવીર બ્લેક ટી-શર્ટ, ડેનિમ અને વ્હાઈટ શૂઝમાં જોવા મળ્યો હતો. દીપિકા બ્લેક બોડીકોન ડ્રેસમાં જોવા મળી હતી. તેમણે બ્લેક સ્વેટર સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો.અગાઉ, અભિનેત્રી બુધવારે સાંજે મુંબઈના જુહુમાં નોવોટેલ હોટેલમાં આયોજિત ફિલ્મ 'કલ્કિ 2898 એડી'ની પ્રી-રિલીઝ ઈવેન્ટમાં પણ પહોંચી હતી. આ ઈવેન્ટમાં ફિલ્મની સ્ટાર કાસ્ટમાંથી અમિતાભ બચ્ચન, પ્રભાસ અને કમલ હાસન સુપરસ્ટાર્સે હાજરી આપી હતી.

### કો-સ્ટાર્સ અભિનેત્રીને સંભાળતા જોવા મળ્યા હતા

અહીં અમિતાભ બચ્ચને સ્ટેજ પર ચડતી વખતે ગર્ભવતી દીપિકા પાદુકોણને સપોર્ટ કર્યો હતો. જ્યારે દીપિકા સ્ટેજ પરથી નીચે આવી ત્યારે પ્રભાસ તેને સંભાળતો જોવા મળ્યો હતો. આ દરમિયાન અમિતાભ બચ્ચન મસ્તીથી ભરપૂર સ્ટાઈલમાં પણ જોવા મળ્યા હતા.

દીપિકા આ ઈવેન્ટમાં હાઈ હીલ્સ પહેરીને પહોંચી હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સે ટ્રોલ પણ કરી હતી. એક યુઝરે લખ્યું- પ્રેગ્નેન્સી દરમિયાન આવી હાઈ હીલ્સ જોખમકારકક છે. અન્ય એક યુઝરે કમેન્ટ કરી- તમે ગમે તેટલા સુંદર દેખાવા માગતા હો તમારે આ સમયે હાઈ હીલ્સ ન પહેરવી જોઈએ.

### પ્રભાસે સેટ દીપિકાને ખૂબ જ ખવડાવ્યું હતું

ઈવેન્ટમાં ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ જણાવતા દીપિકાએ કહ્યું કે, 'આ ફિલ્મના શૂટિંગ દરમિયાન પ્રભાસે મને જે ભોજન ખવડાવ્યું તેના કારણે હું આવી દેખાઈ રહી છું. દરરોજ, ટાઈમસર તેમનું જમવાનું આવી જતું હતું, એવું લાગતું હતું કે તેમનો ખોરાક ઘરેથી નહીં પરંતુ કોઈ સેવા કેન્દ્રમાંથી આવતો હોય. પ્રભાસ, દીપિકા, અમિતાભ અને કમલ હાસન સ્ટારર 'કલ્કિ 2898 એડી' 27 જૂને રિલીઝ થશે. આ ફિલ્મમાં પ્રભાસ ભૈરવના રોલમાં જોવા મળશે. અમિતાભ બચ્ચન તેમાં અશ્વત્થામાનો રોલ કરી રહ્યા છે. આ સાયન્સ ફિક્શન ફિલ્મને સાઉથ ડિરેક્ટર નાગ અશ્વિને પૌરાણિક કથાઓ સાથે જોડીને ડિરેક્ટ કરી છે. હિન્દીની સાથે તે તમિળ, તેલુગુ, મલયાલમ, કન્નડ અને અંગ્રેજીમાં પણ રિલીઝ થશે.

# અજય ઓટીટી પ્લેટફોર્મ માટે ક્રાઈમ થ્રીલર સીરિઝ બનાવશે



મુંબઇ : અજય દેવગણ પ્રોડયૂસર તરીકે એક ક્રાઈમ થ્રીલર વેબ સીરિઝ બનાવી રહ્યો છે. જોકે, આ સીરિઝમાં તે પોતે અભિનય કરશે કે કેમ અથવા તો અન્ય કયા કલાકારો હશે તે હજુ પ્રગટ થયું નથી.

અજય દેવગણની નિર્માણ કંપની એક પછી એક ફિલ્મો અને વેબ-સીરિઝનું નિર્માણ કરી રહી છે. અજય દેવગણના પ્રોડકશન હાઉસ હેઠળ બનેલી 'શૈતાન' ફિલ્મ સફળ થઇ હતી. આ પછી તેના બેનર હેઠળ બે પ્રોજેક્ટ બની રહ્યા છે, જેમાં તેની 'સિંઘમ અગેઇન' અને કાજોલની એક હોરર ફિલ્મનો સમાવેશ થાય છે. હવે આ યાદીમાં એક વેબ સીરીઝનો ઉમેરો થયો છે. આ થ્રિલર વેબ સીરીઝનું દિગ્દર્શન હની ત્રેહાન કરશે. હાલ આ સીરીઝની વાર્તા લખાઇ રહી છે અનેઆ વરસના અંતમા તેનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. હની ત્રેહાને અગાઉ 'રાત અકેલી હૈ' ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું.

# Bollywood : પ્રિયંકા ચોપરા ધ બ્લફ મૂવીના સ્ટન્ટ સીન શૂટ કરતા ઘાયલ થઈ

પ્રિયંકા ચોપરા તેની આગામી ફિલ્મ 'ધ બ્લફ'ને લઈને ચર્ચામાં છે. અભિનેત્રી ઘણીવાર તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર શૂટિંગ દરમિયાનની તસવીરો પોસ્ટ કરે છે, તાજેતરમાં એક તસવીર પોસ્ટ કરી છે જેમાં તે ઈજાગ્રસ્ત દેખાઈ રહી છે. પ્રિયંકા હાલમાં ઓસ્ટ્રેલિયામાં 'ધ બ્લફ'નું શૂટિંગ કરી રહી છે. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર જે તસવીર શેર કરી છે તેમાં તેની ગરદન પર એક મોટું કટનું નિશાન સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.



ફોટો શેર કરતી વખતે, અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, મારા પ્રોફેશનલ ફ્રન્ટનું આ એક મોટું જોખમ છે. આની આગળ ફિલ્મનું નામ લખતાં તેણે જણાવ્યું કે તેને સ્ટન્ટ કરતી વખતે આ ઈજા થઈ હતી. પ્રિયંકા ચોપરાની આ ફિલ્મનું શૂટિંગ અત્યારે ઓસ્ટ્રેલિયામાં ચાલી રહ્યું છે.હાલમાં પ્રિયંકા તેની આગામી ફિલ્મ ધ બ્લફના શૂટિંગમાં વ્યસ્ત છે અને તેણે આ ફિલ્મના શૂટિંગનો એક ફોટો શેર કર્યો છે. પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો આ ફોટો શેર કર્યો છે, જેમાં તેની ગરદન પર ડીપ કટ જોઈ શકાય છે. પ્રિયંકાએ પોસ્ટમાં જણાવ્યું હતું કે એક એક્શન સિક્વન્સના શૂટિંગ દરમિયાન તેને આ ઈજા થઈ હતી. પ્રિયંકાનો આ ફોટો સામે આવ્યા બાદ દેશી ગર્લના ફેન્સ ટેન્શનમાં છે. ઘાયલ પ્રિયંકા ચોપરાની આ તસવીર સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. ફોટો જોઈને ચાહકો પ્રિયંકાને સાવચેત રહેવા અને પોતાનું ધ્યાન રાખવાનું કહી રહ્યા છે.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે પ્રિયંકા ફિલ્મના શૂટિંગ દરમિયાન ઘાયલ થઈ હોય. અભિનેત્રી અગાઉ 'સિટાડેલ'ના શૂટિંગ દરમિયાન પણ ઘાયલ થઈ હતી.ધ બ્લફ વિશે વાત કરીએ તો, તે 19મી સદીના કેરેબિયનમાં એક મહિલા ચાંચિયાની વાર્તા છે. પ્રિયંકા આ ફિલ્મમાં ચાંચિયાની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં, પ્રિયંકાનું પાત્ર તેના પરિવારને બચાવવા માટે પ્રવાસ પર નીકળે છે જ્યારે તેના ભૂતકાળની કેટલીક ઘટનાઓ ફરી પાછી તેના પરિવારની પાછળ પડી જાય છે. આ ફિલ્મનું શૂટિંગ થોડા દિવસ પહેલાં જ ઓસ્ટ્રેલિયામાં શરૂ થયું છે.

## દલજીત-નિખિલ પટેલ પોતાના અંગત જીવનને કારણે ચર્ચામાં : નિખિલ તેના નામનો ઉપયોગ કરીને પ્રખ્યાત થવા માંગે છે : દલજીત

# નિખિલ પટેલે આ કારણે દલજીત કૌર સાથે કર્યા લગ્ન! કર્યો ચોંકાવનારો ખુલાસો



ટીવી અભિનેત્રી અને બિગ બોસ ફેમ દલજીત કૌર ફરી એકવાર ચર્ચામાં છે. આ દિવસોમાં દલજીત પોતાના અંગત જીવનને કારણે ચર્ચામાં છે. અભિનેત્રી અને તેના બિઝનેસમેન પતિ નિખિલ પટેલ વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. દલજીત અને નિખિલ હવે કાયદાકીય માધ્યમથી આ વિવાદનું સમાધાન કરી રહ્યા છે.

અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે ધ્યાન દોર્યું છે કે તેના પતિએ તેની સાથે લગ્ન કર્યા કારણ કે તે ભારતમાં જાણીતું નામ છે. એટલે કે નિખિલે દલજીત સાથે લગ્ન કર્યા જેથી તે ભારતમાં ફેમસ થઈ શકે અને દલજીતના સેલિબ્રિટી સ્ટેટસનો લાભ લઈ શકે. 41 વર્ષીય દલજીત કૌર તેના પતિ નિખિલ પટેલ પર છેતરપિંડીનો આરોપ લગાવતી તસવીરો અને વીડિયો શેર કરી રહી છે અને તેના લગ્નનો અંત લાવવાનું વિચારી રહી છે. તેણી તેના લગ્નને લઈને ભારત અને કેન્યામાં તેના અધિકારો માટે લડી રહી છે.

દલજીત કહે છે કે નિખિલ તેના નામનો ઉપયોગ કરીને પ્રખ્યાત થવા માંગે છે, તેથી જ તેણે આ કર્યું છે. દલજીતે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરીને આવો દાવો કર્યો છે. અભિનેત્રીના કહેવા પ્રમાણે, નિખિલે ભારતમાં એક PR એજન્ટ પણ રાખ્યો છે. દલજીત કહે છે કે ફેમસ થવા માટે નિખિલે તેના નામનો ઉપયોગ ન કરવો જોઈએ, પરંતુ તેની સાથે સીધી વાત કરવી જોઈએ.

**દલજીતે નિખિલ પર એક્સ્ટ્રા મેરિટલ અફેરનો આરોપ લગાવ્યો :** દલજીત કૌરે ગયા વર્ષે જ કેન્યા સ્થિત બિઝનેસમેન નિખિલ પટેલ સાથે લગ્ન કર્યા હતા. લગ્ન પછી અભિનેત્રીએ પોતાનું કામ છોડી દીધું અને પુત્ર સાથે કેન્યા શિફ્ટ થઈ ગઈ. પરંતુ, લગ્નના થોડા મહિના પછી તે ભારત પાછી આવી ગઈ. આ પછી અભિનેત્રીએ કેટલીક પોસ્ટ શેર કરી, જેની સાથે તેણે દાવો કર્યો કે તેનો પતિ નિખિલ તેની સાથે છેતરપિંડી કરી રહ્યો છે. દલજીતે સોશિયલ મીડિયા પર બેક ટુ બેક પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે દાવો કર્યો છે કે તેના પતિનું એક્સ્ટ્રા મેરિટલ અફેર છે. બીજી તરફ નિખિલે પણ કેટલાક ઈન્ટરવ્યુમાં દલજીત કૌરના આરોપો પર પ્રતિક્રિયા આપી છે.અહેવાલમાં જણાવવામાં આવ્યું છે .

# સુપર-8માં ઇંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટે રગદોળી નાખ્યું

## 17.3 ઓવરમાં ટાર્ગેટ ચેઝ કરી લીધો; ફિલ સોલ્ટે રોમારિયો શેફર્ડની ઓવરમાં 30 રન ફટકારીને બાજી પલટી



અમેરિકા તા 20

T20 વર્લ્ડ કપની સુપર-8ની બીજી મેચમાં ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટે હરાવ્યું છે. વેસ્ટ ઈન્ડિઝે આપેલા 181 રનના ટાર્ગેટને ઈંગ્લિશ ટીમે 17.3 ઓવરમાં જ ચેઝ કરી લીધો હતો. ટીમ તરફથી ફિલ સોલ્ટ 47 બોલમાં 87* રન અને જોની બેયરસ્ટોએ 26 બોલમાં 48* રન બનાવ્યા હતા. બન્ને વચ્ચે 97* રનની ભાગીદારી થઈ હતી. કેપ્ટન જોસ બટલરે 25 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી રોસ્ટન ચેઝ અને આન્દ્રે રસેલે 1-1 વિકેટ લીધી હતી. ફિલ સોલ્ટને તેની શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઑફ ધ મેચનો અવોર્ડ મળ્યો હતો. અગાઉ ઈંગ્લેન્ડે ટૉસ જીતીને બોલિંગ લેતા કેરેબિયન ટીમ પહેલા બેટિંગ કરવા ઉતરી હતી. વેસ્ટ ઈન્ડિઝે 20 ઓવરમાં 4 વિકેટે 180 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જ્હોન્સન ચાર્લ્સ 38 રન, નિકોલસ પૂરન અને રોવમેન પોવેલે 36-36 રન અને અંતમાં શેરફેર રધરફર્ડે 28 રન બનાવ્યા હતા. તો બ્રેન્ડન કિંગ 23 રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો હતો. ઈંગ્લેન્ડ તરફથી આદિલ રાશિદ, મોઈન અલી, જોફ્રા આર્ચર અને લિયામ લિવિંગસ્ટને 1-1 વિકેટ લીધી હતી. ફિલ સોલ્ટે રોમારિયો શેફર્ડની ઓવરમાં 30 રન ફટકાર્યા

16મી ઓવર નાખવા આવેલા રોમારિયો શેફર્ડને ફિલ સોલ્ટે ધોની નાખ્યો હતો. સોલ્ટે તેની ઓવરમાં કુલ 30 રન ફટકારીને બાજી પલટી દીધી હતી. સોલ્ટે શેફર્ડે પહેલા બોલે ચોગ્ગો ફટકારીને પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. આ પછી બીજા બોલે છગ્ગો, ત્રીજા બોલે ચોગ્ગો, ચોથા અને પાંચમા બોલે છગ્ગો અને છેલ્લા બોલે ફરી ચોગ્ગો ફટકાર્યા હતા. આમ તેણે એક ઓવરમાં 30 રન ફટકાર્યા હતા.

ઈંગ્લેન્ડે આઠમી ઓવરમાં પહેલી વિકેટ ગુમાવી હતી. રોસ્ટન ચેઝે કેપ્ટન જોસ બટલરને LBW આઉટ કર્યો હતો. રોસ્ટન ચેઝે લો ફૂલ ટૉસ નાખ્યો, જેને બટલર ચૂકી ગયો. વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓએ અપીલ કરી અને અમ્પાયરે આઉટ આપ્યો. ઈંગ્લેન્ડના ઓપનર બટલર રિવ્યૂ લીધો, પણ થર્ડ અમ્પાયરે પણ આઉટ આપ્યો હતો. બટલર 22 બોલમાં 25 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. બટલર અને સોલ્ટ વચ્ચે 67 રનની ભાગીદારી થઈ હતી.વેસ્ટ ઈન્ડિઝ તરફથી જ્હોન્સન ચાર્લ્સ 38 રન, નિકોલસ પૂરન અને રોવમેન પોવેલે 36-36 રન અને અંતમાં શેરફેર રધરફર્ડે 28 રન બનાવ્યા હતા.

# અમેરિકાને ક્રિકેટનું ઘેલું લાગ્યું, ચાહકો વધુ હોય ત્યાં હવે નવા સ્ટેડિયમ બનવા માંડ્યાં

ન્યૂયૉર્ક તા 20

આખા અમેરિકામાં ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની પરવાનગીના કિસ્સા વધ્યા ટી-20 જેવી ક્રિકેટ લીગની સફળતાથી અમેરિકાને નવું બિઝનેસ મોડેલ મળ્યું છે. મોટા રોકાણકારો હવે 'મેચ રમાડો, પૈસા કમાઓ'ની નીતિ અપનાવીને વધુ ને વધુ ચાહકો મેચ જોવા આવી શકે તે માટે દક્ષિણ એશિયાના વિસ્તારોમાં નવાં સ્ટેડિયમ બનાવડાવી રહ્યાં છે. મેચોમાં મનોરંજન, કાર રેન્ટલ, હોસ્ટેલો, ડાઈનિંગમાં સ્થાનિક અર્થતંત્રને પણ પ્રોત્સાહન મળવા લાગ્યું છે. ક્રિકેટપ્રેમની આ શરૂઆત 4 વર્ષ પહેલાં થઈ હતી. તે સમયે ટેક્સાસના ગ્રાન્ડ પ્રેયરીમાં નહિવત્ ઉપયોગમાં લેવાતા માઈનર લીગ બૉલપાર્કને ક્રિકેટ સ્ટેડિયમમાં ફેરવી




નાખવાનો વિચાર મુકાયો હતો. ત્યારે શહેરના મૅનેજર બિલ હિલ્સ મોટા ભાગના અમેરિકનોની જેમ ક્રિકેટથી અજાણ હતા. ગત વર્ષે ગ્રાન્ડ પ્રેયરીનું 7200 પ્રેક્ષકની ક્ષમતા ધરાવતું સ્ટેડિયમ ટેક્સાસ સુપર કિંગ્સનું નવું હોમ ગ્રાઉન્ડ બન્યું હતું. ગયા અઠવાડિયા આ સ્ટેડિયમ પર અમેરિકા-પાકિસ્તાન મેચ રમાઈ હતી. થોડા દિવસો પહેલાં લોન્ગ આયલૅન્ડમાં હંગામી મેદાન પર 34 હજાર ચાહકો સામે ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું. આ મેચ જોવા પહોંચેલી ભીડ દર્શાવે છે કે બીજી સૌથી ચર્ચિત રમત અમેરિકામાં ધાક જમાવી રહી છે.આ જ રમતમાં કૂદી પડ્યા છે. માઈક્રોસૉફ્ટના સીઈઓ અને સિએટલ ઓર્કર્સ ટીમના માલિક સત્ય નડેલા સ્ટેડિયમની પરવાનગી લેવામાં વ્યસ્ત થયા છે. ટીમે વૉશિંગ્ટનના રેડમંડસ્થિત મેરીમૂર પાર્કમાં મોટું સ્ટેડિયમ બનાવવાની યોજના ઘડી કાઢી છે. આ જગ્યા માઈક્રોસૉફ્ટ કૅમ્પસ અને બેલેવ્યૂ સિટી પાસે છે. લોસ એન્જેલસ નાઈટ રાઈડર્સે કેલિફોર્નિયાના ઈરવિનમાં જગ્યા શોધી છે.

# પંતની ઈજાને લઈને આવ્યું મોટું અપડેટ

એજન્સી અમેરિકા તા 20

ભારતીય ટીમ T20 વર્લ્ડ કપના સુપર-8 તબક્કામાં તેની પ્રથમ મેચ રમવા માટે તૈયાર છે. આ મેચ અફઘાનિસ્તાન સામે થશે. આ મેચ પહેલા ટીમ ઈન્ડિયા અને ફેન્સ વચ્ચે અચાનક તણાવ વધી ગયો હતો. અહેવાલો સામે આવ્યા છે કે સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત પ્રેક્ટિસ સેશનમાંથી ગાયબ છે. આ પછી, એવી અટકળો શરૂ થઈ હતી કે કદાચ પંત ઈજાગ્રસ્ત છે. જો કે, જ્યારે તે લાંબા સમય પછી પ્રેક્ટિસ સેશનમાં પાછો ફર્યો ત્યારે રોહિત શર્મા અને કોચ રાહુલ દ્રવિડે રાહત અનુભવી હતી. હવે પંતની ઈજાને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. પંતને અંગૂઠા અને હાથમાં ઈજા થઈ હતી રિપોર્ટ અનુસાર ઋષભ પંતને પગના અંગૂઠા અને હાથ પર ઈજા થઈ છે. હવે તેણે નેટ્સ પર બેટિંગ કરવાનું ચાલુ રાખ્યું છે. ઋષભ પંત પ્રેક્ટિસ સેશનમાં કેટલાક બોલ મારતો જોવા મળ્યો હતો. તેની કેટલીક તસવીરો પણ સામે આવી છે, જેમાં તે બેટિંગ કરતો જોવા મળી રહ્યો છે. કેટલીક તસવીરોમાં તે કોચ રાહુલ દ્રવિડ સાથે વાત કરતો જોવા મળ્યો હતો. જોકે, પંતને મેદાન પર પાછા ફરતા જોઈને ચાહકો ખુશ છે. તેને આશા છે કે ચેમ્પિયન અફઘાનિસ્તાન સામેની મેચમાં મોટી ઈનિંગ રમશે.



# રેન્કિંગમાં માર્કસ સ્ટોઇનિસનો જલવો

એજન્સી નવી દિલ્હી તા 20

ICCએ T20માં ઓલરાઉન્ડરોની રેન્કિંગ જાહેર કરી છે. નવા રેન્કિંગમાં ઘણા મોટા ફેરફારો જોવા મળ્યા છે. ટી20 વર્લ્ડકપમાં ખેલાડીઓના પ્રદર્શનની પણ રેન્કિંગમાં અસર પડી રહી છે. આ સીરીઝમાં ગ્રુપ સ્ટેજમાં શાનદાર પ્રદર્શન કરનાર ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસને રેન્કિંગમાં મોટો ફાયદો થયો છે. મોહમ્મદ નબીને નુકશાન થયું T20માં ઓલરાઉન્ડરોની રેન્કિંગમાં ટોચ પર રહેલા અફઘાનિસ્તાનના મોહમ્મદ નબીને મોટું નુકસાન થયું છે. તે નંબર વનથી સીધો ચોથા નંબર પર આવી ગયો છે. તેઓ ત્રણ સ્થાન હારી ગયા છે. હાલમાં તેનું રેટિંગ 213 છે. ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ પણ એક સ્થાન ગુમાવ્યું છે. તે હવે પાંચમા સ્થાને પહોંચી ગયો છે. તેનું રેટિંગ હાલમાં 210 છે.

# શું બદલાશે પાકિસ્તાની ટીમ? અપાશે અનેક સીનિયર્સને આરામ!



એજન્સી પાકિસ્તાન તા 20

T20 વર્લ્ડકપ ઝુંબેશ પછી ઘણા વરિષ્ઠ પાકિસ્તાની ખેલાડીઓને ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામેની હોમ ટેસ્ટ શ્રેણી માટે આરામ આપવામાં આવી શકે છે, જેમાં કેપ્ટન બાબર આઝમ, મોહમ્મદ રિઝવાન અને શાહીન શાહ આફ્રિદીનો સમાવેશ થાય છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) બાંગ્લાદેશ સાથેની શ્રેણીની યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે ટેસ્ટ કેપ્ટન શાન મસૂદ અને ઓસ્ટ્રેલિયાના નવા ટેસ્ટ મુખ્ય કોચ જેસન ગિલેસ્પીના સંપર્કમાં છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મસૂદ ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ટીમ યોર્કશાયરની કેપ્ટનશીપ કરી રહ્યો છે. પાકિસ્તાની ટીમ લીગ મેચમાં અમેરિકા અને કટ્ટર હરીફ ભારત સામે હાર્યા બાદ T20 વર્લ્ડકપના ગ્રુપ Aમાંથી બહાર થઈ ગઈ હતી. હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી એક સૂત્રના અનુસાર જાણવા મળ્યું કે, 'બાબર, શાહીન, રિઝવાન જેવા વરિષ્ઠ ખેલાડીઓને આરામ આપવા અને તેમની જગ્યાએ 'અનકેપ્ડ' અથવા કેટલીક આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા ખેલાડીઓને આ દરખાસ્તોમાંથી એક પ્રસ્તાવ પર વિચારણા કરવામાં આવી રહી છે. સૂત્રએ કહ્યું, 'પરંતુ હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી કારણ કે ટીમની પસંદગી અંગે અંતિમ નિર્ણય માત્ર મસૂદ અને ગિલેસ્પી જ લેશે. આગામી થોડા અઠવાડિયામાં રાષ્ટ્રીય પસંદગીકારોની સંખ્યામાં પણ ઘટાડો થઈ શકે છે અને PCB પસંદગી પ્રક્રિયાની જૂની સિસ્ટમ પર પાછા આવી શકે છે. સૂત્રએ એમ પણ કહ્યું કે પીસીબી આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાનારી ICC ચેમ્પિયન્સ ટ્રોફીની યોજના અંગે ગિલેસ્પી અને વ્હાઈટ બોલના મુખ્ય કોચ ગેરી કર્સ્ટન પાસેથી પણ સલાહ લેશે.

# સુપર-8ની પ્રથમ મેચમાં 370 રન બન્યા



એન્ટિગુઆ તા 20

લો સ્કોરિંગ મેચોના કારણે પ્રશ્નોથી ઘેરાયેલા T-20 વર્લ્ડ કપ માટે સુપર-8 રાઉન્ડ સારા સમાચાર લઈને આવ્યો છે. સુપર-8ની પ્રથમ મેચ દક્ષિણ આફ્રિકા અને અમેરિકા વચ્ચે વેસ્ટ ઈન્ડિઝના એન્ટિગુઆમાં રમાઈ હતી. આ મેચમાં 370 રન બનાવ્યા હતા, 43 બાઉન્ડરી ફટકારવામાં આવી હતી. ક્રિકેટ ચાહકોને વિસ્ફોટક બેટિંગ અને મેચ બદલી નાખતી બોલિંગ જોવા મળી. સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ જીત મેળવી હતી. દક્ષિણ આફ્રિકાએ બેટિંગ અને બોલિંગમાં પાવરપ્લે બતાવ્યો હતો. ક્વિન્ટન ડી કોકે 185ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા અને કાગીસો રબાડાએ 19મી ઓવરમાં બાજી પલટીને જીત પર મહોર મારી. પ્રથમ વખત વર્લ્ડ કપ અને સુપર-8 રાઉન્ડ રમી રહેલ અમેરિકા પણ સમાન રીતે લડ્યું. એન્ડ્રીસ ગૌસ અને હરમીત સિંહે 91 રનની ભાગીદારી કરીને જીતની આશા જગાવી હતી, પરંતુ છેલ્લી બે ઓવરમાં રમત બગડી હતી. અમેરિકાએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું અને દક્ષિણ આફ્રિકાને 195 રનનો ટાર્ગેટ આપ્યો. યુએસએના બેટર્સે 176 રન બનાવ્યા અને ટીમ 18 રનથી હારી ગઈ. છેલ્લી ઓવર સુધીની રસપ્રદ મેચનું એનાલિસિસ... દક્ષિણ આફ્રિકા જ્યારે બેટિંગ કરવા આવ્યું ત્યારે અમેરિકન બોલરોએ ચુસ્ત બોલિંગ કરી હતી. ટીમનો સ્કોર માત્ર 16 રન હતો ત્યારે રીઝા હેન્ડ્રીક્સ પાવરપ્લેમાં આઉટ થયો હતો. આ ત્રીજી ઓવર હતી, પરંતુ હેન્ડ્રિક્સના ગયા બાદ ક્વિન્ટન ડી કોકે ઝડપી બેટિંગ કરી હતી. પાવરપ્લેની બાકીની 3 ઓવરમાં તેણે 48 રન બનાવ્યા હતા. ડી કોકે 74 રનની ઈનિંગ રમી હતી. આ દાવને કારણે આવનારા બેટર્સને મુક્તપણે રમ્યા. ડી કોક મેન ઑફ ધ મેચ બન્યો હતો.

એડન માર્કરમ: જ્યારે ડી કોક ઝડપી બેટિંગ કરી રહ્યો હતો ત્યારે તેણે બીજી બાજુથી વિકેટ પડવા દીધી ન હતી. ડી કોક અને એડન માર્કરમ વચ્ચે 60 બોલમાં 110 રનની ભાગીદારી થઈ હતી. માર્કરમ બોલ ચૂક્યો ન હતો, તેણે 25 બોલમાં 36 રનની ઈનિંગ રમીને વચ્ચેની ઓવરોમાં ટીમને મજબૂતી આપી હતી. હેનરિક ક્લાસેન: ક્લાસેન જ્યારે ક્રિઝ પર આવ્યો ત્યારે દક્ષિણ આફ્રિકાની ટીમે એક જ ઓવરમાં માર્કરમ અને ડેવિડ મિલરની વિકેટ ગુમાવી દીધી હતી. જવાબદારી ટીમને મોટા સ્કોર સુધી લઈ જવાની અને રન રેટ પણ જાળવી રાખવાની હતી. ક્લાસેને 22 બોલમાં 36 રન બનાવ્યા હતા. જેમાંથી માત્ર 14 બોલમાં 31 રન બનાવ્યા હતા. ટ્રિસ્ટન સ્ટબ્સ સાથે 30 બોલમાં 53 રનની ભાગીદારી કરીને સ્કોર 194 સુધી પહોંચ્યો હતો.

# પાવો નૂરમી ગેમ્સમાં નીરજે પ્રથમ વખત ગોલ્ડ



એજન્સી અમેરિકા તા 20

85.97 મીટરના થ્રો સાથે નીરજ ટોચના ક્રમે રહ્યો, કેરામેને સિલ્વર જીત્યો 2022ની પાવો નૂરમી ગેમ્સમાં નીરજ 89 મીટરના થ્રો સાથે બીજા ક્રમે રહ્યો હતો નીરજ ઈજાના કારણે 2023ની આ ઈવેન્ટમાં ભાગ લઈ શક્યો નહોતો ભારતીય જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ પાવો નૂરમી ગેમ્સમાં ઈતિહાસ રચ્યો છે. તેણે પ્રથમ વખત આ ટૂર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. 2022ની પાવો નૂરમી ગેમ્સમાં નીરજ 89 મીટરના થ્રો સાથે બીજા ક્રમે રહ્યો હતો પરંતુ આ વખતે તેણે 85.97 મીટરનો થ્રો કરીને ગોલ્ડ પોતાના નામે કર્યો હતો. નીરજ ઈજાના કારણે 2023ની આ ઈવેન્ટમાં ભાગ લઈ શક્યો નહોતો. ટોક્યો ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકેલો નીરજ 26મી જુલાઈથી યોજાનારી પેરિસ ઓલિમ્પિકમાં પણ ગોલ્ડ મેડલ જીતવાનો ટાર્ગેટ રાખે છે. ફિનલેન્ડના ટોની કેરામેને 84.19 મીટરના થ્રો હતો. ઓલિવિયર હેલાન્ડરે 83.96 મીટરના પોતાના બેસ્ટ થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઈવેન્ટની પરંતુ ત્રીજા પ્રયાસમાં તેણે તમામને પાછળ રાખી દીધા હતા. બાકીના થ્રોમાં પણ હરીફ થ્રોઅર નીરજ કરતાં આગળ નીકળી શક્યા નહોતા.

# ક્રિકેટના મેદાનમાં યુવરાજ સિંહ-શાહિદ આફ્રિદીની થશે ટક્કર

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચે ચાહકોના મનમાં હંમેશા રોમાંચ પેદા કરી છે. હાલમાં જ ટી-20 વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા અને પાકિસ્તાન વચ્ચે રોમાંચક મેચ જોવા મળી હતી. જેમાં પાકિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે પાકિસ્તાનની ટીમ વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ છે. આ ટૂર્નામેન્ટમાં બંને ટીમો આમને-સામને નહીં આવી શકે, પરંતુ ભારત અને પાકિસ્તાનના દિગ્ગજો વચ્ચે જોરદાર સ્પર્ધા ચોક્કસપણે જોવા મળી શકે છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL) 3 જુલાઈથી શરૂ થઈ રહી છે. દિગ્ગજ ક્રિકેટરોની આ અનોખી લીગ 13 જુલાઈ સુધી ચાલશે. તેનું આયોજન યુકેની પ્રતિષ્ઠિત એજબેસ્ટન અને નોર્થમ્પટનશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબના મેદાન પર કરવામાં આવશે. જેમાં ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે પણ સ્પર્ધા થશે. આ મેચ 6 જુલાઈએ એજબેસ્ટન ખાતે રમાશે. જેમાં યુવરાજ સિંહ અને શાહિદ આફ્રિદી જેવા દિગ્ગજ ખેલાડીઓ મેદાનમાં જોવા મળશે.

# મહિલા વન-ડેમાં પ્રથમ વખત 4 સદી ફટકારી

એજન્સી બેંગલુરુ તા 20

ભારતીય મહિલા ટીમે દક્ષિણ આફ્રિકા સામે રમાઈ રહેલી 3 મેચની શ્રેણીની બીજી ODI 4 રને જીતી લીધી છે. બેંગલુરુમાં રમાયેલી આ મેચમાં રેકોર્ડબ્રેક બેટિંગ જોવા મળી હતી. પ્રથમ વખત મહિલા વન-ડે મેચમાં 4 સદી ફટકારવામાં આવી હતી. ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ 132 રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરે અણનમ 104 રન બનાવ્યા હતા. તે જ સમયે, દક્ષિણ આફ્રિકા માટે કેપ્ટન લૌરા વૂલવર્થે 135 રન અને ઓલરાઉન્ડર મેરિઝને કેપે 114 રન બનાવ્યા હતા. આ સાથે મંધાનાએ ભારત માટે સૌથી વધુ 7 સદી ફટકારવામાં મિતાલી રાજની બરાબરી કરી લીધી. દક્ષિણ આફ્રિકાએ ટૉસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ભારતે 50 ઓવરમાં 3 વિકેટે 325 રન બનાવ્યા હતા. આ પહેલીવાર હતું જ્યારે ભારતે હોમ ગ્રાઉન્ડ પર 300નો આંકડો પાર કર્યો હતો. પ્રથમ 16 ઓવરમાં ટીમનો સ્કોર 48/1 હતો. ટીમે છેલ્લી 10 ઓવરમાં 118 રન બનાવ્યા હતા. જેમાં 5 સિક્સ અને 14 ફોરનો



સમાવેશ થાય છે. મોટા ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની શરૂઆત કંઈ ખાસ રહી ન હતી. ટીમે પ્રથમ 16 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી કેપ્ટન લૌરા વૂલવર્થ અને ઓલરાઉન્ડર મેરિઝન કેપ વચ્ચે 184 રનની ભાગીદારી થઈ હતી. બંને ખેલાડીઓએ સદીની ઈનિંગ્સ રમી હતી. છેલ્લી ઓવરમાં માત્ર 11 રનની જરૂર હતી. પરંતુ પૂજા વસ્ત્રાકરે ઓવરના ત્રીજા અને ચોથા બોલ પર બે વિકેટ ઝડપી હતી અને ભારતે 4 રનથી મેચ જીતી લીધી હતી.મંધાનાએ 120 બોલમાં 136 રનની ઈનિંગ રમી હતી. આ સાથે તેણે તેની કારકિર્દીની 87 ઈનિંગ્સમાં 7 સદી પૂરી કરી અને સૌથી વધુ સદી ફટકારનાર મિતાલી રાજની બરાબરી કરી. આ પછી જ્યારે સાઉથ આફ્રિકા બેટિંગ કરવા ઉતર્યું ત્યારે મંધાનાએ બોલિંગમાં પણ શ્રેષ્ઠતા બતાવી. મંધાનાએ દક્ષિણ આફ્રિકાના ટોપ ઓર્ડર બેટર સૂન લુસની વિકેટ લીધી હતી. તે મંધાનાના બોલ પર વિકેટકીપર રિચા ઘોષના હાથે કેચ થઈ હતી. લુસ માત્ર 12 રન બનાવી શકી હતી. મંધાનાએ પ્રથમ વન-ડેમાં પણ 117 રન બનાવ્યા હતા. મેચમાં 23 ઓવર પછી, ભારતનો સ્કોર 100/2 હતો અને પછી હરમનપ્રીત કૌરે મંધાના સાથે ફરી દક્ષિણ આફ્રિકા પર એટેક કર્યો. દક્ષિણ આફ્રિકા પણ ફિલ્ડિંગમાં બેદરકાર હતું જ્યારે તેમની બોલિંગ પણ ઘણી વખત નબળી હતી. આનો ફાયદો ઉઠાવતા હરમનપ્રીત કૌરે તેની છઠ્ઠી સદી પણ 87 બોલમાં પૂરી કરી હતી. ભારતીય 4.ભારત એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સર ફટકારે છે. ભારતે આફ્રિકા સામે 325 રન બનાવ્યા હતા. આ દરમિયાન ટીમે કુલ 8 સિક્સર ફટકારી હતી. છેલ્લી 10 ઓવરમાં 5 સિક્સર આવી.

# દુનિયામાં ધોની સહિત આ ક્રિકેટર્સે મારી એન્ટ્રી

એજન્સી નવી દિલ્હી તા 20

ઘણીવાર ક્રિકેટરો અને ફિલ્મ સ્ટાર્સ વચ્ચેના અફેરના સમાચાર મીડિયામાં હેડલાઈન્સ બને છે. આ સિવાય ઘણા એવા ક્રિકેટરો હતા જેમણે ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ મનોરંજનની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આજે આ લેખમાં આપણે એવા ક્રિકેટરો વિશે વાત કરીશું જેઓ ક્રિકેટના મેદાનમાંથી બહાર આવ્યા અને મનોરંજનની દુનિયામાં પોતાને સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. શિખર ધવન આ સિરીઝમાં લેટેસ્ટ નામ છે ક્રિકેટર શિખર ધવનનું. શિખર ધવન ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ઓપનિંગ બેટ્સમેન રહ્યો છે. તેણે ઘણી વખત ભારત માટે શાનદાર ઈનિંગ્સ રમી છે અને ટીમને જીત તરફ દોરી છે. તાજેતરમાં જ તેણે તેના ચેટ શો 'ધવન કરેંગે' દ્વારા મનોરંજનની દુનિયામાં પ્રવેશ કર્યો છે. આ શોમાં તે હોસ્ટ તરીકે ફિલ્મ સ્ટાર્સ અને ક્રિકેટરોને હોસ્ટ કરતો જોવા મળ્યો છે. અભિનેતા અક્ષય કુમાર તેના શોના પહેલા એપિસોડમાં જોવા મળ્યો હતો, જેણે પણ આ શોમાં શિખર સાથે ખૂબ મસ્તી કરી હતી. દર્શકોને ધવનનો આ શો ઘણો પસંદ આવી રહ્યો છે. આ શો લોકપ્રિય OTT પ્લેટફોર્મ Jio Cinema પર ઉપલબ્ધ છે.

# કોહલીએ નં.-3 પર ન આવવું જોઈએ: હેડન

એજન્સી ઓસ્ટ્રેલિયા તા 20

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડી મેથ્યુ હેડને ભારતના વિરાટ કોહલીની ઓપનિંગનો બચાવ કર્યો હતો. તેણે કહ્યું કે વિરાટ એક અનુભવી ખેલાડી છે, તે આ સમયે ઓપનિંગમાં ટીમ માટે સર્વશ્રેષ્ઠ છે. તેણે ન્યૂયોર્કમાં ભલે રન બનાવ્યા ન હોય, પરંતુ તે વેસ્ટ ઈન્ડિઝમાં રન બનાવશે.

હેડને આ સવાલનો જવાબ T20 વર્લ્ડ કપના સુપર-8 સ્ટેજ માટે સ્ટાર સ્પોર્ટ્સ પ્રેસ રૂમ શોમાં આપ્યો. તેની સાથે ઈયાન બિશપ, મોર્ને મોર્કેલ, પીયૂષ ચાવલા અને કૃષ્ણમાચારી શ્રીકાંતે પણ કેટલાક મહત્વપૂર્ણ સવાલોના જવાબ આપ્યા હતા. જાણો તેણે શું કહ્યું...

ન્યૂયોર્કમાં વિરાટ નિષ્ફળ, શું વેસ્ટ ઈન્ડિઝની પિચ પર પણ થશે સમસ્યા? હેડને કહ્યું, 'વિરાટ કોહલી કોઈપણ સ્થિતિમાં વર્લ્ડ ક્લાસ પ્લેયર છે. વેસ્ટ ઈન્ડિઝમાં જવાબદાર ઈનિંગ્સ રમવાની જરૂર પડશે, અહીં 160-170નો સ્કોર પણ ઘણો પડકારજનક હશે. મને લાગે છે કે વિરાટ અત્યારે ખુશ છે અને સારી માનસિકતા સાથે બેટિંગ કરી રહ્યો છે. વિરાટ પહેલા પણ ખરાબ સમયમાંથી બાઉન્સ બેક કરી ચૂક્યો છે. તેથી મને નથી લાગતું કે તેના માટે વેસ્ટ ઈન્ડિઝમાં રન બનાવવા મુશ્કેલ હશે. વિરાટે નંબર 3 પર જવું જોઈએ? હેડને કહ્યું- 'વિરાટે IPLમાં ઓપનિંગ દરમિયાન ઘણા રન બનાવ્યા છે અને તે આ સ્થિતિમાં રન બનાવી શકે છે. મને નથી લાગતું કે વિરાટને નંબર 3 પર ફિલ્ડિંગ કરવું સારો નિર્ણય હશે. T20માં ઓપનરનું એકમાત્ર કામ છે એટેક કરવાનું જો તે આ કરતી વખતે નિષ્ફળ જાય છે તો મને નથી લાગતું કે તેમાં કંઈ ખોટું છે. પીયૂષ ચાવલાએ આના પર કહ્યું, 'જ્યારે ટીમ ઈન્ડિયાની પસંદગી કરવામાં આવી ત્યારે કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતું કે તે વેસ્ટ ઈન્ડિઝમાં જ જણાવશે કે તે 4 સ્પિનરો કેમ લઈ રહ્યો છે. તેણે સુપર-8 સ્ટેજનું સ્થળ જોઈને જ આ નિર્ણય લીધો હતો. અત્યાર સુધી ટીમે અક્ષર પટેલ અને રવીન્દ્ર જાડેજાના રૂપમાં 2 સ્પિન બોલિંગ ઓલરાઉન્ડરોને મેદાનમાં ઉતાર્યા છે.દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ખેલાડી મોર્ને મોર્કેલે કહ્યું, 'વેસ્ટ ઈન્ડિઝની પિચ ટર્નિંગ છે, અહીં 160થી 170નો સ્કોર મેચ વિનિંગ બની શકે છે. મોટાભાગની ટીમમાં ઓછામાં ઓછા બે સ્પિનરો છે, દક્ષિણ આફ્રિકાએ પણ તેના બે સ્પિનરો તબરેઝ શમ્સી અને કેશવ મહારાજનો ઉત્તમ ઉપયોગ કર્યો છે. તેથી, વેસ્ટ ઈન્ડિઝમાં હાઈ સ્કોરિંગ મેચ મળવાની આશા ઓછી છે.હવે સમય આવી ગયો છે કે કુલદીપને મોહમ્મદ સિરાજ અથવા અર્શદીપ સિંહમાંથી એકની જગ્યાએ તક મળવી જોઈએ. કારણ કે હવે તમામ મેચ વેસ્ટ ઈન્ડિઝમાં જ યોજાશે. અહીંની ધીમી પિચ પર કુલદીપ ભારતનો આ સવાલ પર વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ઈયાન બિશપે કહ્યું, 'મને નથી લાગતું કે 200+ સ્કોર બનાવવો મુશ્કેલ હશે.



સંક્ષિપ્ત સમાચાર

## ઈરાનને વધુ એક મોટો ઝટકો, અમેરિકા બાદ મળ્યો બીજો દુશ્મન

ઈરાન માટે કેનેડાએ બીજી મુશ્કેલી ઊભી કરી છે. પશ્ચિમી દેશો ઈરાન પર સતત પ્રતિબંધો લગાવી રહ્યા છે. ઈરાન માટે તેમની સાથે વ્યવહાર કરવો મુશ્કેલ બની રહ્યો છે. કેનેડાએ વધુ એક ઈરાન વિરુધ્ધ પગલું લેતા તેની પ્રાઈમ ફોર્સ IRGCને આતંકવાદી સંગઠનના લિસ્ટમાં સામેલ કરી છે. બીબીસીના સમાચાર મુજબ કેનેડાની સરકારે વિપક્ષ અને કેટલાક ઈરાની પ્રવાસીના દબાણમાં આવીને પગલું ભર્યું છે. ઘણા વર્ષોથી વિપક્ષ અને ઈરાની ડાયસપોરા માંગ કરી રહ્યા છે કે કેનેડાની સરકાર IRGCને આતંકવાદી સંગઠન જાહેર કરે. કેનેડાના આ પગલા બાદ IRGCના કોઈપણ અધિકારીને કેનેડા આવવા દેવામાં આવશે નહીં. અમેરિકા, સાઉદી અરબ, બહરીન અને સ્વીડન વગેરે IRGCને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરી ચૂક્યા છે. IRGC ઈરાનનું એક વિશેષ મિલેટ્રી, પોલિટિકલ અને ઈકોનોમિક ફોર્સ છે, જે સીધું ઈરાનના સર્વોચ્ચ લીડર અલી ખામેનેઈની સાથે જોડાયેલું છે. એક અનુમાન મુજબ IRGC પાસે લગભગ 190,000 એક્ટિવ સૈનિકો છે અને તેની પાસે ઈરાની સેનાથી અલગ પોતાની ગ્રાઉન્ડ ફોર્સ, નેવી અને એયરફોર્સ છે. ઈરાનના વિરોધીઓ મુજબ IRGC વિદેશમાં તેના પ્રોક્સીઓને પૈસા, હથિયારો, ટેક્નોલોજી, ટ્રેનિંગ અને સલાહ આપે છે. એવું માનવામાં આવે છે કે IRGC માત્ર મધ્ય પૂર્વમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા દેશોમાં તેના ઓપરેશન ચલાવી રહી છે. IRGC પર યમન હુથી, હમાસ, હિઝબુલ્લાહ અને ઈસ્લામિક રેઝિસ્ટન્સ ઈરાક વગેરેને મદદ કરવાનો આરોપ છે.

## ભારતીય મૂળના ડૉક્ટર ડેવિડ કૃષ્ણ મેનનને બ્રિટનનો પ્રતિષ્ઠિત CBE એવોર્ડ મળ્યો

ભારતીય મૂળના મગજના આઘાત નિષ્ણાત અને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં એનેસ્થેસિયાના પ્રોફેસર ડેવિડ ક્રિષ્ના મેનનને બ્રિટનના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને આ સન્માન 'ન્યુરોક્રિટિકલ કેરની સેવાઓ' માટે આપવામાં આવ્યું છે. પ્રોફેસર ડેવિડ ક્રિષ્ના મેનન કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં એનેસ્થેસિયા વિભાગના વડા છે. તેમને બ્રિટનનો પ્રતિષ્ઠિત એવોર્ડ 'કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર' (CBE) એનાયત કરવામાં આવ્યો હતો. હું સન્માનિત છું- પ્રોફેસર મેનન પ્રોફેસર મેનનને જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (JIPMER), પુડુચેરી ખાતે દવા, એનેસ્થેસિયા અને સઘન સંભાળની તાલીમ આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે કેમ્બ્રિજમાં એડનબ્રુકની નેશનલ હેલ્થ સર્વિસ (NHS) ટીચિંગ હોસ્પિટલમાં ન્યુરોસાયન્સ ક્રિટિકલ કેર યુનિટ (NCCU)ની સ્થાપના કરી. આ સન્માન પર ખુશી માટે નામાંકિત થવા બદલ હું સન્માનિત છું. મારી સાથે કામ કરનારા તમામ લોકો વતી હું આ સન્માન સ્વીકારું છું.

## બેઝામિન નેતન્યાહૂને હથિયાર ન મળતા નારાજ, બાઈડનને આવો સંદેશ આપ્યો

તેમણે બાઈડેન વહીવટી તંત્ર પર દારૂગોળો અને હથિયારો ન આપવાનો આરોપ લગાવ્યો છે. અમેરિકાને પોતાનો સૌથી નજીકનો મિત્ર ગણાવતા વડાપ્રધાન નેતન્યાહૂએ યુદ્ધમાં સાથ આપવા બદલ અમેરિકાની પ્રશંસા કરી હતી, જ્યારે તેમણે એવી ફરિયાદ પણ કરી હતી કે બાઈડેન પ્રશાસન છેલ્લા કેટલાક મહિનાઓથી શસ્ત્રો આપવામાં વિલંબ કરી રહ્યું છે, જે આશ્ચર્યજનક છે.ગત વર્ષે 7 ઑક્ટોબરથી ગાઝામાં ઈઝરાયેલના હુમલા ચાલુ છે. હમાસને ખતમ કરવાના નામે ઈઝરાયેલની સેના અત્યાર સુધીમાં 37 હજારથી વધુ પેલેસ્ટાઈનીઓને મારી ચૂકી છે. આ ટ્રેન્ડ હજુ પણ ચાલુ છે. મૃતકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. તેથી, આને ધ્યાનમાં રાખીને, બાઈડેન તંત્રએ ચિંતા વ્યક્ત કરી હતી અને પછી મે મહિનાથી તેઓએ હથિયારોની સપ્લાયમાં વિલંબ કરવાનું શરૂ કર્યું, જેનાથી નેતન્યાહૂ નારાજ થયા.

## આ દેશમાં અંતિમ સંસ્કાર પહેલાં મહિલા જીવતી નીકળી

ભારત સહિત વિશ્વના ઘણા દેશમાં મોત પછી કેટલીક વ્યકિત જીવતી હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે. તો ક્યારેક અંતિમ સંસ્કારની છેલ્લી ઘડીએ મૃત વ્યકિત ઊભી થતી જોવા મળે છે. બસ આવી જ એક ઘટના સર્જાઈ જેમાં તમામ લોકોએ મોંમાં આગળાં નાખી દીધા હતા. આવી જ એક ઘટના બની જગત જમાદાર એવા અમેરિકામાં. જ્યાં અંતિમ સંસ્કારની ગણતરી પહેલા મહિલા જીવતી થઈ ગઈ હતી. જેને તબીબોએ મૃત જાહેર કરી દીધી હતી. પરંતુ છતાં જીવતી હોવું અશક્ય છે. આમ છતાં અમેરિકામાં ઊલ્ટી ગંગા જેવી ઘટના બની ગઈ હતી. કોઈ પ્રિય વ્યક્તિના મૃત્યુ પછી, લોકો ઘણીવાર ઈચ્છતા હોય છે કે એક વખત પ્રિય વ્યક્તિ જીવિત હોય, તો તેઓએ તેને/તેણીને કેટલીક મહત્વપૂર્ણ બાબતો કહી હોત જે ચૂકી ગઈ હોય, પરંતુ એવું થતું નથી. અમેરિકાના એક ફ્યુનરલ હોમમાં પણ આવું જ થયું અને મહિલા ફરી જીવતી થઈ ગઈ.

### કુવૈત સરકાર મૃતકોના પરિવારજનોને 12.5 લાખ રૂપિયાનું વળતર આપશે

# કુવૈત આગ કેસમાં 3 ભારતીયો સહિત 8ની ધરપકડ



એજન્સી કુવૈત તા 20

કુવૈતમાં એક બિલ્ડિંગમાં લાગેલી ભીષણ આગના સંબંધમાં સત્તાવાળાઓએ 3 ભારતીયો, 4 ઈજિપ્તવાસીઓ અને 1 કુવૈતીની ધરપકડ કરી છે. 12 જૂનના રોજ વહેલી સવારે 6 માળની ઈમારતમાં લાગેલી આગમાં કુલ 50 લોકોના મોત થયા હતા, જેમાંથી 45 ભારતીય હતા. આ બિલ્ડિંગમાં 196 શ્રમીકો રહેતા હતા, જેમાંથી મોટાભાગના ભારતીય હતા. અરબ ટાઈમ્સના અહેવાલ મુજબ ધરપકડ કરાયેલા 8 લોકોને 2 અઠવાડિયાના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. તેની સામે બેદરકારી અને હત્યાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો છે. કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહે બુધવારે જાહેરાત કરી હતી કે મૃતકોના પરિવારોને 1.25 લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. કુવૈત સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રુપિયા વિદેશી શ્રમીકોના દૂતાવાસને આપવામાં આવશે, જ્યાંથી તેઓ તેમના પરિવારો સુધી પહોંચશે. મૃત્યુ પામેલા લોકોમાં ભારત ઉપરાંત ફિલિપાઈન્સના નાગરિકો પણ હતા.

### મલયાલી બિઝનેસમેને ઈમારત ભાડે લીધી હતી

NBTC ગ્રુપની માલિકી મલયાલી બિઝનેસમેન કેજી અબ્રાહમ પાસે છે. કેજી અબ્રાહમ કેરળના થિરુવલ્લાના એક બિઝનેસમેન છે. કેજી અબ્રાહમ, કેજીએ તરીકે પણ ઓળખાય છે, તે કેજીએ ગ્રુપના સ્થાપક અને ચેરમેન છે. આ કંપની 1977થી કુવૈતના ઓઈલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમી ભાગીદાર છે. કુવૈતના ગૃહમંત્રી શેખ ફહદ અલ-યુસુફ અલ-સબાહે બિલ્ડિંગના માલિકની ધરપકડ કરવાનો આદેશ આપ્યો હતો. અરબ ટાઈમ્સ અનુસાર, મૃત્યુ પામેલા લોકોની ઉંમર 20 થી 50 વર્ષની વચ્ચે હતી.

### 14 જૂને મૃતદેહો ભારત લાવવામાં આવ્યા હતા

અકસ્માત બાદ ભારતના વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ કુવૈત ગયા હતા. તેમણે 5 હોસ્પિટલોની મુલાકાત લીધી જ્યાં ઘાયલ ભારતીયોની સારવાર કરવામાં આવી રહી છે. દુર્ઘટનાના બે દિવસ પછી, 14 જૂને ભારતીય વાયુસેનાનું એક વિશેષ વિમાન 45 ભારતીયોના મૃતદેહોને લઈને ભારત પહોંચ્યું હતું.

**કુવૈતે આ મામલાની તપાસ માટે એક ટીમ પણ બનાવી:** તેને આગ લાગવાનું કારણ શોધવાની કામગીરી સોંપવામાં આવી છે. આ દુર્ઘટના બુધવારે (12 જૂન) કુવૈતના સમય અનુસાર સવારે 4.30 વાગ્યે થઈ હતી. કુવૈતી ફાયર ફોર્સના જણાવ્યા અનુસાર આગ ઈલેક્ટ્રિકલ સર્કિટના કારણે લાગી હતી. તે સમયે તમામ શ્રમીકો સૂતા હતા.આગને કારણે મચેલી નાસભાગ વચ્ચે ઘણા લોકો ગભરાઈને ઈમારતની બારીમાંથી કૂદી પડ્યા હતા. ઘણા લોકો બિલ્ડીંગની અંદર ફસાયા હતા અને ધુમાડામાં ગૂંગળામણને કારણે મૃત્યુ પામ્યા હતા. કુવૈતી મીડિયા અનુસાર, આ બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન કંપની NBTC ગ્રુપ દ્વારા ભાડે લેવામાં આવી હતી.અહીં કેરળથી 23 મૃતકોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી, તે જ દિવસે સાંજે બાકીના મૃતદેહો સાથે વિમાન નવી દિલ્હી પહોંચ્યું. કુવૈતની કુલ વસ્તીના 21% (10 લાખ) ભારતીયો છે. કુવૈતના કુલ કામદારોમાં ભારતીયોનો હિસ્સો 30% એટલે કે 9 લાખ છે.

# હિઝબુલ્લાએ કહ્યું- યુદ્ધ થશે તો ઇઝરાયલનો કોઈ ખૂણો નહીં છોડીએ

એજન્સી ઈઝરાયેલ તા 20

હિઝબુલ્લાના વડા હસન નસરલ્લાહે કહ્યું છે કે તેઓ કોઈપણ નિયમો અને મર્યાદા વિના યુદ્ધ લડવા માટે તૈયાર છે. લેબનાનના આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના વડા હસન નસરલ્લાહે બુધવારે ઈઝરાયલને ચેતવણી આપી હતી. નસરલ્લાહે કહ્યું કે જો ઈઝરાયલ સાથે યુદ્ધ થશે તો ત્યાં એક પણ ખુણો સુરક્ષિત નહીં રહે. આ સિવાય નસરલ્લાહે સાયપ્રસ પર હુમલો કરવાની પણ ધમકી આપી છે.

નસરાલ્લાહે કહ્યું કે જો ઈઝરાયલ હુમલો કરશે તો અમે તેમના પર જમીન, હવા અને પાણી ચારે બાજુથી હુમલો કરીશું. તેના કારણે ભૂમધ્ય સમુદ્ર પણ જોખમમાં આવી શકે છે. હિઝબુલ્લાહ કોઈપણ નિયમો અને મર્યાદા વિના લડવા માટે તૈયાર છે. અમારા દુશ્મનો જાણે છે કે તેમની કોઈપણ જગ્યા અમારા રોકેટથી સુરક્ષિત રહેશે નહીં. સાયપ્રસને યુદ્ધની ધમકી આપતાં નસરલ્લાહે કહ્યું કે તેણે યુદ્ધ દરમિયાન ઈઝરાયલને તેના એરપોર્ટ અને લશ્કરી મથકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. જો તેણે



લેબનોન પર હુમલો કરવામાં ઈઝરાયલને મદદ કરી તો પણ હિઝબુલ્લાહ તેને યુદ્ધનો એક ભાગ ગણશે. આ પછી તેને પણ હિઝબુલના હુમલાઓનો સામનો કરવો પડશે. નસરલ્લાહના ભાષણ પછી, સાયપ્રસના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમનો દેશ કોઈપણ રીતે યુદ્ધનો ભાગ નથી. સાયપ્રસ યુદ્ધમાં નહીં પરંતુ તેનો ઉકેલ શોધવાના અભિયાનમાં સામેલ છે. ઈઝરાયલની સેનાએ કહ્યું- હમાસ એક વિચારધારા છે, તેને યુદ્ધ દ્વારા ખતમ કરી શકાશે નહીં બીજી તરફ ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)ના પ્રવક્તા એડમિરલ ડેનિયલ હગારીએ કહ્યું છે કે અમારું યુદ્ધ હમાસને ખતમ કરવા માટે પૂરતું નથી. હમાસને ખતમ કરવાનો વિચાર ઈઝરાયલીઓની આંખમાં ધૂળ નાખવા જેવું છે. હમાસ એક વિચારધારા છે. તે પેલેસ્ટિનિયનોના હૃદયમાં વસે છે. કોઈપણ જે વિચારે છે કે તે હમાસનો નાશ કરી શકે છે તે ખોટું છે. હગારીએ ચેતવણી આપી હતી કે જો સરકાર ઝડપથી બીજો વિકલ્પ નહીં શોધે તો હમાસ હંમેશા અમારી વચ્ચે રહેશે. તેના જવાબમાં નેતન્યાહૂની ઓફિસે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે યુદ્ધમાં અમારું એક લક્ષ્ય હમાસની સૈન્ય ક્ષમતાને નષ્ટ કરવાનું છે. IDF આ માટે પ્રતિબદ્ધ છે. આ સિવાયનું કોઈપણ નિવેદન ધ્યેયથી ભટકવા જેવું ગણાશે. ઈઝરાયલમાં 9 મહિના અને 6 દિવસ પછી યુદ્ધ કેબિનેટનું વિસર્જન થયું

આ પહેલા 17 જૂને નેતન્યાહૂએ હમાસને ખતમ કરવા માટે રચાયેલ યુદ્ધ કેબિનેટનું વિસર્જન કર્યું હતું. 7 ઓક્ટોબર 2023ના રોજ હમાસના હુમલા બાદ 11 ઓક્ટોબરે કેબિનેટની રચના કરવામાં આવી હતી. કેબિનેટનું વિસર્જન કરતી વખતે નેતન્યાહૂએ કહ્યું હતું કે અમે ઘણા નિર્ણયો લીધા છે જેની સાથે સેના સહમત નથી.

## 7.6 કરોડ અમેરિકન લોકો ભીષણ ગરમીના સકંજામાં ફસાયા

એજન્સી ન્યૂયોર્ક તા 20

હીટડોમના કારણે 60 શહેરોમાં પારો વધ્યો અમેરિકાનાં 60થી વધુ શહેરો ભીષણ ગરમીના સકંજામાં આવી ગયાં છે. સ્થિતિને ધ્યાનમાં લઈને અધિકારીઓએ ઈમરજન્સીની જાહેરાત કરી દીધી છે. અમેરિકાના નેશનલ વેધર સર્વિસના કહેવા મુજબ અમેરિકાની 32 કરોડની વસતી પૈકી 7.6 કરોડ લોકો એટલે કે આશરે 20 ટકા લોકો ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે. આ સંખ્યા કેલિફોર્નિયા જેવા રાજ્યની વસતીની સરખામણીમાં બેગણી છે. શિકાગોમાં સોમવારે પારો 36.1 ડિગ્રી રહ્યો હતો. જેના કારણે મહત્તમ તાપમાનનો 1957નો રેકોર્ડ તૂટી ગયો હતો. કેટલાક વિસ્તારોમાં તો પારો 37.7 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જ્યારે ગરમ પવન ઉપર આવતા નથી ત્યારે હીટડોમ સર્જાય છે અમેરિકન નેશનલ વેધર સર્વિસના હવામાન નિષ્ણાત ફ્રેન્ક પરેરાએ કહ્યું કે અમેરિકામાં ભીષણ ગરમી માટે હીટડોમ જવાબદાર છે. પરેરાનું કહેવું છે કે જ્યારે ઉપરના વાયુમંડળમાં ઉચ્ચ દબાણ સર્જાય છે ત્યારે નીચેના ગરમ પવન નીચે જ રહી જાય છે. આના કારણે નીચેના વાયુમંડળમાં તાપમાન વધી જાય છે. ગરમ પવન ફેલાય છે. અને દુનિયામાં... કેનેડા, ગ્રીસ અને મક્કામાં પણ ભીષણ ગરમી.

મક્કામાં 550થી વધુ લોકોનાં મોત થયાં છે જ્યારે 2000થી વધુ લોકોની સારવાર ચાલી રહી છે. તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે. કેનેડાનાં ચાર રાજ્યો માટે ચેતવણી જારી કરવામાં આવી છે. ગ્રીસમાં હીટવેવથી સતત પ્રવાસીઓનાં મોત થઈ રહ્યાં છે. જેના કારણે મહત્તમ તાપમાનનો 1957નો રેકોર્ડ તૂટી ગયો હતો. કેટલાક વિસ્તારોમાં તો પારો 37.7 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

# મારી દીકરીઓ ક્યારેય રાજકારણમાં નહીં આવે':ઓબામા

એજન્સી અમેરિકા તા 20

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું કે, તેમની બંને દીકરીઓ ક્યારેય રાજકારણમાં નહીં આવે. શનિવારે લોસ એન્જલસમાં રાષ્ટ્રપતિ જો બાયડન સાથે સંકળાયેલા ફંડ એકત્રીકરણ કાર્યક્રમમાં તેમણે આ વાત કહી. બરાક ઓબામાએ કહ્યું કે, તેમની પત્ની મિશેલ ઓબામા નથી ઈચ્છતા કે તેમની દીકરીઓ આ ક્ષેત્રમાં આવે. તેણે પોતાની દીકરીઓને આ માટે માનસિક રીતે તૈયાર કરી છે કે, રાજકારણ તેમના માટે નથી.

બરાક અને મિશેલ ઓબામાને બે પુત્રીઓ છે, માલિયા (ઉં.વ.25) અને સાશા (ઉં.વ.22). કાર્યક્રમમાં બરાક ઓબામાને પૂછવામાં આવ્યું કે શું તેઓ તેમની પુત્રીઓને તેમના પગલે ચાલતી જોવા ઈચ્છશે?

તેના જવાબમાં બરાક ઓબામાએ કહ્યું કે, મારે આ પ્રશ્નનો જવાબ આપવાની કોઈ જરૂર નથી. કારણ કે મિશેલે તેને બાળપણમાં જ કહ્યું હતું કે, રાજકારણમાં જવું એક પ્રકારનું ગાંડપણ હશે. તો આવું ક્યારેય નહીં થાય. ફંડ એકત્રીકરણ કાર્યક્રમમાં યુએસ પ્રમુખ બાયડન સાથે ઓબામા. ઓબામાની પુત્રીએ તેના પિતાનું નામ છોડી દીધું તેમની માતાની સલાહને અનુસરીને, ઓબામા પરિવારની બંને પુત્રીઓએ રાજકારણ સિવાય અન્ય ક્ષેત્રોમાં કારકિર્દીની શોધ કરી છે. માલિયા ઓબામા 2021 માં હાર્વર્ડમાંથી સ્નાતક થયા પછી ફિલ્મ ઉદ્યોગમાં જોડાઈ હતી. તાજેતરમાં જ માલિયાની શોર્ટ ફિલ્મ 'ધ હાર્ટ'નું સનડાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રીમિયર થયું હતું.



## શું બ્લેકમાં અમેરિકા જનારા લોકોને નાગરિકતા મળશે?:યુએસ ચૂંટણી પહેલાં બાઇડનનો મોટો દાવ

એજન્સી અમેરિકા તા 20

'કેવી રીતે જઈશ'... લાખો ગુજરાતીઓ અને ભારતીયો જે દેશમાં સ્થાયી થવા માટે પોતાની જિંદગી પણ દાવ પર લગાવતા અચકાતા નથી. તે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનની એક પ્રપોઝલે બ્લેકમાં અમેરિકા ગયેલા લોકોને ખુશ કરતો એક નિર્ણય લીધો છે. આ નિર્ણયથી બ્લેકમાં અમેરિકા ગયેલા અને વર્ષોથી ગ્રીન કાર્ડની રાહ જોઇ રહેલા ભારતીયો સહિત ઈમિગ્રન્ટસમાં એક નવી આશા જાગી છે. નવેમ્બરમાં અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ પહેલા વ્હાઈટ હાઉસે જાહેરાત કરી હતી કે આગામી સમયમાં બાઇડન વહીવટીતંત્ર દસ્તાવેજો વિના રહેતા લોકોને અહીં સ્થાયી થવાની અને નાગરિકતા માટે અરજી કરવાની મંજૂરી આપશે. આનાથી 5 લાખથી વધુ ઈમિગ્રન્ટ્સને લાભ થઈ શકે છે. આ સ્કીમને પેરોલ-ઈન-પ્લેસ ગ્રીન કાર્ડ કહેવામાં આવે છે. યુએસ સરકારના ડેટા અનુસાર 10 લાખથી વધુ વ્યાવસાયિક ભારતીયો ગ્રીન કાર્ડની રાહ જોઈ રહ્યા છે. અન્ય દેશોના લોકો પણ અમેરિકન નાગરિકતા માટે લાંબી કતારોમાં ઉભા છે. દરમિયાન, રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા રાષ્ટ્રપતિ જો બાઇડન એક મોટો દાવ રમી રહ્યા હોય તેવું લાગે છે જેનાથી લાખો ઈમિગ્રન્ટ્સ માટે ગ્રીન કાર્ડનો માર્ગ સરળ બની જશે.

# ઈટલીમાં ભારતીય ખેત મજૂરનું મોત:ઘાસ કાપતી વખતે મશીન વડે હાથ કપાયો

એજન્સી ઈટલી તા 20

ઈટલીના લેટિના વિસ્તારમાં ખેતરમાં કામ કરતા 30 વર્ષીય ભારતીય કર્મચારી સતનામ સિંહનું બુધવારે અવસાન થયું હતું. ખેતરમાં ઘાસ કાપતી વખતે મશીન દ્વારા સતનામનો હાથ કપાઈ ગયો હતો. આ પછી તેના માલિકે તેને મદદ કરવાને બદલે તેને ઘરની નજીકના રસ્તા પર એકલો છોડી દીધો હતો. ત્યાર બાદ સતનામની પત્ની અને તેના મિત્રોએ પોલીસને જાણ કરી હતી. ત્યાર બાદ ભારતીય કર્મચારીને એર એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે રાજધાની રોમની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જો કે અહીં તેનું મોત નીપજ્યું હતું. ઈટલીના ટ્રેડ યુનિયને કહ્યું છે કે, અકસ્માત બાદ સતનામને કચરાની જેમ ફેંકી દેવામાં આવ્યો હતો. તે એક હોરર ફિલ્મ જેવું હતું. સરકારે કહ્યું- ઘટના ક્રૂરતાનું ઉદાહરણ છે, દોષિતોને સજા થશે

ઈટલીના શ્રમ મંત્રી મરિના કાલ્ડરોને આ ઘટનાની નિંદા કરી છે. સંસદમાં આને લગતા



પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, આ ઘટના ક્રૂરતાનું ઉદાહરણ છે. ભારતીય કામદાર ગંભીર હાલતમાં એકલા પડી ગયા હતા. અધિકારીઓ આ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છે અને દોષિતોને વહેલી તકે સજા કરવામાં આવશે. ઈટલીમાં ભારતીય દૂતાવાસે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે, તેને આ મામલાની માહિતી મળી છે. એમ્બેસી પ્રાદેશિક અધિકારીઓના સંપર્કમાં છે. અમે સતનામના પરિવારનો સંપર્ક કરીને દરેક શક્ય રીતે મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સતનામને ઈટલીમાં કામ કરવાની પરવાનગી નહોતી સતનામ સિંહ ઈટલીના લેટિના વિસ્તારમાં કામ કરતો હતો. આ એક ગ્રામીણ વિસ્તાર છે, જ્યાં હજારો ભારતીયો કામની શોધમાં આવે છે. સતનામ પાસે ખેતરોમાં કામ કરવા માટે કાયદાકીય દસ્તાવેજો નહોતા. ઈટલીની મધ્ય-ડાબેરી ડેમોક્રેટિક પાર્ટીએ સતનામ સાથેના દુર્વ્યવહારની નિંદા કરી છે. તેણે તેને માનવતાની હાર ગણાવી છે. જાન્યુઆરી 2023ના આંકડા મુજબ 1 લાખ 67 હજારથી વધુ ભારતીયો ઈટલીમાં રહે છે. 2023માં અહીં 8 હજાર ભારતીય કામદારો હતા. 2025 સુધીમાં આ સંખ્યા 12 હજારને પાર કરી જશે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ભારતે ઈટલી સાથે માઈગ્રેશન એગ્રીમેન્ટ પાસ કર્યું હતું. આ અંતર્ગત ભારત દર વર્ષે 20 હજાર કામદારોને ઈટલી મોકલશે.

### ઈજિપ્તના 600, ભારતમાંથી 68; આ વર્ષે 1.75 લાખ ભારતીયો હજ પર ગયા હતા

# સાઉદીમાં ગરમીના કારણે 922 હજ યાત્રીઓના મોત



એજન્સી દુબઈ તા 20

હજ માટે સાઉદી અરેબિયા પહોંચેલા હજયાત્રીઓ ગરમીના કારણે મૃત્યુ પામી રહ્યા છે. મૃતકોમાં ઈરાન, ભારત, ઈન્ડોનેશિયા, ઈજીપ્ત અને ટ્યુનિશિયાના નાગરિકો છે. સાઉદી અરેબિયાના મક્કામાં હજ કરવા ગયેલા 922 લોકોના ગરમીના કારણે મોત થયા છે. ન્યૂઝ એજન્સી એએફપીએ અલગ-અલગ દેશોના ડેટાના આધારે આ જાણકારી આપી છે. એક અરબ રાજદ્વારીએ જણાવ્યું કે, માર્યા ગયેલા લોકોમાં લગભગ 600 શ્રદ્ધાળુઓ તો ખાલી ઈજિપ્તના હતા અને 1400 લોકો હજુ પણ ગુમ છે. જો કે, સાઉદી અરેબિયાથી વિપરીત મૃત્યુની સંખ્યા અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. મધ્ય પૂર્વમાં આકરી ગરમી વચ્ચે મક્કામાં 17 જૂને તાપમાન 51.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે 18મી જૂને ગરમીનો પારો 47 ડિગ્રીએ રહેતાં થોડી રાહત મળી હતી. અહેવાલ મુજબ, 12 થી 19 જૂન સુધી ચાલનારી હજ દરમિયાન 68 ભારતીય હજયાત્રીઓના પણ મોત થયા છે. હજ કમિટી ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર આ વર્ષે મહત્તમ 1,75,000 ભારતીયો હજ યાત્રા માટે મક્કા પહોંચ્યા હતા. કેરળના હજ મંત્રી અબ્દુરહીમાને બુધવારે કેન્દ્ર સરકારને ભારતીયોની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માગ કરી હતી.એએફપીના જણાવ્યા અનુસાર મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓમાં ઈન્ડોનેશિયા, જોર્ડન, ઈરાન અને ટ્યુનિશિયાના નાગરિકો છે. સાઉદી રાજદ્વારીઓએ સમાચાર એજન્સી એએફપીને જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલા લોકોમાં ઈજિપ્તીયન યાત્રાળુઓની સંખ્યા વધુ છે કારણ કે તેમાંથી ઘણાએ હજ માટે નોંધણી કરાવી ન હતી.મંત્રી અબ્દુરહીમાને લખ્યું છે કે, જેદ્દાહ પહોંચ્યા બાદ હજયાત્રીઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તેમને 30 કિમી દૂર અસિસી જવા માટે કલાકો સુધી રાહ જોવી પડી. આ સિવાય ત્યાં રહેવાની વ્યવસ્થા પણ યોગ્ય રીતે કરવામાં આવી ન હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ માટે તેણે વિદેશ મંત્રી એસ જયશંકર અને જેદ્દાહમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસને પત્ર લખ્યો હતો. કેરળના લગભગ 18 હજાર 200 હાજીઓ સાઉદી અરેબિયા ગયા હતા. હજયાત્રીઓ વિઝા વગર પણ હજ માટે સાઉદી પહોંચે છે દર વર્ષે હજારો હજયાત્રીઓ હજ પર જાય છે, જેમની પાસે તેના માટે વિઝા નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### ભયંકર લઠ્ઠાકાંડ, 25નાં મોત, 60ની હાલત ગંભીર, તમિલનાડુના CM-રાજ્યપાલ પણ આઘાતમાં

તમિલનાડુ | તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી 25 લોકોનાં મોતના અહેવાલથી ખળભળાટ મચી ગયો છે. આ ઘટનામાં 60 થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાની પણ માહિતી છે. તેમાંથી અનેકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાનો ભય છે.
કલ્લાકુરિચી જિલ્લા કલેક્ટર એમએસ પ્રશાંતે ઘટનાની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે મૃત્યુઆંક વધી શકે છે. તેમણે જિલ્લાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા લોકોને મળ્યા હતા.
આ કેસમાં 49 વર્ષીય (ગેરકાયદે દારૂ વેચનાર) કે. કન્નુકુટ્ટીની ધરપકડ કરવામાં આવી હતી અને તેની પાસેથી આશરે 200 લિટર ગેરકાયદેસર દારૂ પકડાયો હતો. પરીક્ષણમાં જાણવા મળ્યું છે કે તેમાં જીવલેણ 'મિથેન' ઉમેરાયું હતું.
મુખ્યમંત્રી એમકે સ્ટાલિને મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે આ ઘટનાને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી છે. સ્ટાલિને X પર એક પોસ્ટમાં કહ્યું, 'કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીનારા લોકોના મોતના સમાચાર સાંભળીને હું આઘાતમાં અને દુ:ખી છું. આ કેસમાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઘટનાને રોકવામાં નિષ્ફળ ગયેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. તમિલનાડુ રાજભવને રાજ્યપાલ વતી એક પોસ્ટ શેર કરી અને કહ્યું, 'મને એ જાણીને ખૂબ દુખ થયું છે કે કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. અન્ય ઘણા લોકોની હાલત ગંભીર છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના અને હોસ્પિટલમાં દાખલ થયેલા લોકો ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

### પ્રદૂષણ : 2021માં ભારતમાં 21 લાખ લોકોનાં મોત, દુનિયા સામે વિકટ સ્થિતિ

આજે ભારત સહિતના વિશ્વના દેશો પ્રદૂષણની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. આ સમસ્યાની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વર્ષ 2021માં વાયુ પ્રદૂષણને કારણે 81 લાખ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતાં.
યુનિસેફ સાથે મળીને અમેરિકા સ્થિત એક સ્વતંત્ર શોધ સંગઠન હેલ્થ ઈફેક્ટ્સ ઇનસ્ટીટયૂટ (HEI)એ એક રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે ત્રણ વર્ષ પહેલા એટલે કે 2021માં ચીનમાં 23 લાખ અને ભારતમાં 21 લાખ લોકોએ વાયુ પ્રદૂષણને કારણે પ્રાણ ગુમાવ્યા હતાં. વાયુ પ્રદૂષણની અસર બાળકો ઉપર પણ છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના 1,69,400 બાળકોનાં મોત થયા હતાં. ત્યારબાદ નાઈજિરિયામાં 1,14,100, પાકિસ્તાનમાં 68,100, ઈથોપિયામાં 31,100 અને બાંગ્લાદેશમાં 19,100 બાળકોનાં મોત થયા હતાં. દક્ષિણ એશિયામાં મોત થવાનું મુખ્ય કારણ વાયુ પ્રદૂષણ છે. ત્યારબાદ હાઇ બ્લડ પ્રેશર, આહાર અને તમાકુ જેવા પરિબળો મોતનું કારણ બની રહ્યાં છે.
વર્ષ 2021માં કોઇ પણ ગત વર્ષના અંદાજની સરખામણીમાં વાયુ પ્રદૂષણ સાથે જોડાયેલ વધારે મોત જોવા મળ્યા હતા. એક અબજથી વધુ વસ્તી ધરાવતા ભારત અને ચીન બંને મળીને કુલ વૈશ્વિક રોગનો 54 ટકા હિસ્સો ધરાવે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પીએમ 2.5 અને ઓઝોનને કારણે થનારા વાયુપ્રદૂષણને કારણે 2021માં 81 લાખ લોકોનાં મોત થવાનો અંદાજ છે. જે કુલ વૈશ્વિક મોતના લગભગ 12 ટકા છે.

### પંજાબના ખેડૂત સંગઠનોએ ફરી એકવાર ફરી આંદોલનના મૂડમાં, ભાજપનું ટેન્શન વધશે

પંજાબના ખેડૂત સંગઠનોએ ફરી એકવાર ગુરુવારથી શંભુ બોર્ડર પર રેલ્વે ટ્રેક બ્લોક કરવાની અને ધરણા કરવાની જાહેરાત કરી છે. ખેડૂત નેતા સલવિંદર સિંહે કહ્યું કે શંભુ બોર્ડર પર હડતાળને લગભગ ચાર મહિના વીતી ગયા છે, પરંતુ હજુ સુધી સરકારે અમારી માંગણીઓ સ્વીકારી નથી.
હાલમાં પણ કેટલાક ખેડૂતો ફેબ્રુઆરીથી શંભુ અને ખનૌરી બોર્ડર પર બેઠા છે. આ રીતે પંજાબમાં ખેડૂતોનું આંદોલન ફરી વેગ પકડી રહ્યું છે. એટલું જ નહીં ચૂંટણી રાજ્ય હરિયાણામાં ખેડૂત સંગઠનો પણ સક્રિય થવા જઈ રહ્યા છે. ખેડૂત સંગઠન સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે ચૂંટણી પહેલા સમગ્ર હરિયાણામાં યાત્રા કાઢવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ યાત્રામાં ખેડૂતોને તેમની સમસ્યાઓથી વાકેફ કરવામાં આવશે. આ સિવાય સૌથી મહત્વની માંગ MSPની કાનૂની ગેરંટી છે, જેના પર ખેડૂતો પાસેથી સમર્થન માંગવામાં આવશે. જ્યારે રાજ્યમાં ઓક્ટોબરમાં જ ચૂંટણીની જાહેરાત થવાની છે.
ખેડૂત સંગઠનોનું કહેવું છે કે હરિયાણામાં ચૂંટણી યોજાવાની છે ત્યારે આ શ્રેષ્ઠ સમય છે. આવી સ્થિતિમાં આંદોલન શરૂ કરીને રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકારો પર દબાણ બનાવવામાં આવી શકે છે. શંભુ અને ખનૌરી બોર્ડર પર એકઠા થયેલા ખેડૂતોને રોકવા માટે હરિયાણા સરકારે બેરિકેડિંગ પણ કર્યું છે જેથી આ લોકો દિલ્હી ન પહોંચી શકે.
લોકસભા ચૂંટણીમાં હરિયાણા અને પંજાબમાં ભાજપના પ્રદર્શનને જોતા ખેડૂત સંગઠનો પણ ઉત્સાહિત છે. તેમને લાગે છે કે આ ચળવળને કારણે ભાજપ હરિયાણામાં માત્ર 5 અને પંજાબમાં માત્ર એક બેઠક મેળવી શક્યું હતું.

### પૂર્વ ડે.સીએમના પર્સનલ સેક્રેટરીએ માસ્ટરમાઈન્ડ માટે રૂમ બુક કરાવ્યો, બિહારના Dy.CM વિજય સિન્હાનો દાવો

# NEET પેપર લીકના તાર તેજસ્વી યાદવ સાથે જોડાયા!

(એજન્સી) પટના | તા. 20

બિહારમાં NEET પેપર લીકના સંદર્ભમાં, શિક્ષણ મંત્રાલયે બિહાર પોલીસના આર્થિક અપરાધ એકમ પાસેથી વિગતવાર અહેવાલ માગ્યો છે. શિક્ષણ મંત્રાલયે એમ પણ કહ્યું કે NEET સંબંધિત ગ્રેસ માર્ક્સનો મુદ્દો ઉકેલાઈ ગયો છે. અહીં, બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ દાવો કર્યો છે કે આ કેસના તાર તેજસ્વી યાદવ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. ઉમેદવારો જે ગેસ્ટ હાઉસમાં રોકાયો હતો, તે રૂમ તેજસ્વીના પીએસ પ્રિતમે બુક કરાવ્યો હતો.
પટનામાં પરીક્ષામાં થયેલી ગેરરીતિઓને લઈને બિહાર પોલીસની તપાસ એજન્સી પાસેથી વિગતવાર રિપોર્ટ માગવામાં આવ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. સરકારે પુનરોચ્ચાર કર્યો હતો કે આ બાબતમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિ/સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ NEET પરીક્ષા મુદ્દે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરીને મોટો દાવો કર્યો છે. NEET પેપર લીકમાં કેટલાક આરોપીઓ સરકારી ગેસ્ટ હાઉસમાં રોકાયા હોવાની વાત સામે આવી છે. વિજય સિન્હાનો દાવો છે કે ગેસ્ટ હાઉસના કર્મચારીને બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વીના પીએસ પ્રિતમ કુમારે બોલાવ્યા હતા. આ પછી ત્યાં રૂમ બુક કરાવ્યો હતો. ગેસ્ટ હાઉસના એન્ટ્રી રજિસ્ટરમાં અનુરાગ યાદવનું નામ છે. તેની બાજુમાં મંત્રીજી લખેલું છે. વિજય સિન્હાનો દાવો છે કે આ મંત્રીજી તેજસ્વી યાદવ માટે લખવામાં આવ્યું હતું. વિજય સિન્હાએ કહ્યું કે 1 મેના રોજ તેજસ્વી યાદવના અંગત સચિવ પ્રીતમ કુમારે ગેસ્ટ હાઉસના કર્મચારી પ્રદીપ કુમારને ફોન કર્યો અને સિકંદર કુમાર યાદવેન્દુ માટે રૂમ બુક કરવા કહ્યું. અહીં, બિહાર પોલીસની તપાસ એજન્સી SIT NEET UG પેપર લીક કેસમાં તપાસમાં વ્યસ્ત છે. દેશના 24 લાખ NEET ઉમેદવારો આ એજન્સીની તપાસ પર પોતાની આશાઓ બાંધી રહ્યા છે. ઉમેદવારોને આશા છે કે તપાસ એજન્સી સુપ્રીમ કોર્ટમાં પુરાવા રજૂ કરશે. NEET પેપર લીક મામલે સુપ્રીમ કોર્ટમાં 8 જુલાઈએ સુનાવણી થવાની છે. એજન્સીએ ઘટનાસ્થળેથી મળી આવેલા બળેલા પ્રશ્નપત્ર સહિત તમામ પુરાવા અને અન્ય પુરાવા એકત્ર કરવાનું શરૂ કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એજન્સી પાસે એવા મજબૂત પુરાવા છે જેને રજૂ કર્યા બાદ સુપ્રીમ કોર્ટ અંતિમ નિર્ણય લઈ શકે છે. પરીક્ષાર્થીઓ અને પરીક્ષા માફિયાઓની ધરપકડ અને તેમની પાસેથી મળેલા પુરાવાના આધારે તપાસ એજન્સી દાવો કરે છે કે પેપર લીક થયું હતું.



### 2 ઉમેદવારની અઢી કલાક પૂછપરછ કરાઈ હતી

NEET પેપર લીક કેસમાં, બે ઉમેદવારો બુધવારે આર્થિક અપરાધ એકમ (EOU)ના પટના મુખ્યાલય પહોંચ્યા. આ બંને ઉમેદવારોની લગભગ અઢી કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. બખ્તિયારપુરની રહેવાસી ઈશા તેના માતા-પિતા સાથે આવી હતી. જ્યારે બીજી યુવતી તેના પિતા અને કાકા સાથે આવી હતી. ઈશાએ પૂછપરછ કરતા પહેલા કહ્યું હતું કે તે ઈકોનોમિક ઓફેન્સ યુનિટની તપાસમાં સહયોગ કરશે. તેના પિતા સાથે પહોંચેલી બીજી છોકરીએ તેનું નામ જાહેર કર્યું ન હતું. તેણે સ્પષ્ટપણે કંઈપણ કહેવાની ના પાડી. EOUએ ઉમેદવારો તેમજ તેમના માતા-પિતાની પૂછપરછ કરી છે. NEET પેપર લીક કેસમાં ઉમેદવારોને NHAIના ગેસ્ટ હાઉસમાં રોકાવાની વાત થઈ હતી. આ અંગે બિહારના ડેપ્યુટી સીએમ વિજય સિન્હાનું નિવેદન સામે આવ્યું છે. તેમનું કહેવું છે કે બુધવારે અધિકારી સાથે તેમની બેઠક થઈ હતી. મળતી માહિતી મુજબ માર્ગ બાંધકામ વિભાગ તરફથી કોઈ ફાળવણી કરવામાં આવી નથી.

### કોંગ્રેસ-અધ્યક્ષ ખડગેએ પીએમને પૂછ્યું- NEET પરીક્ષા પર ક્યારે ચર્ચા કરીશું?

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ NEET પેપર લીકને લઈને પીએમ મોદી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર પૂછ્યું કે પીએમ પરીક્ષાની ખૂબ ચર્ચા કરે છે. આપણે NEET પરીક્ષા વિશે ક્યારે ચર્ચા કરીશું? NEET પરીક્ષા ક્યારે રદ થશે?

## 14મી જુલાઇથી શ્રીખંડ મહાદેવની યાત્રા: ખતરનાક રસ્તાઓ અને ગ્લેશિયર્સ પરથી પસાર થવું પડશે

(એજન્સી) શિમલા | તા.20

વિશ્વની સૌથી મુશ્કેલ ધાર્મિક અને શ્રીખંડ મહાદેવની યાત્રા આ વખતે 14 થી 27 જુલાઈ સુધી ચાલશે. ગયા વર્ષે આ યાત્રા સાતમી જુલાઈથી શરૂ થઈ હતી. કુલ્લુ જિલ્લા પ્રશાસને આ યાત્રાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ડીસી કુલ્લુ તોરુલ એસ. રવીશે આ ધાર્મિક યાત્રાની તૈયારીઓ માટે અધિકારીઓને સૂચના આપી છે.
આ યાત્રાને સુલભ બનાવવા માટે શ્રીખંડ ટ્રસ્ટ કમિટી અને જિલ્લા વહીવટીતંત્રે પાંચ સ્થળોએ બેઝ કેમ્પ બનાવવાનો નિર્ણય કર્યો છે. પ્રથમ તબક્કામાં સિંહગઢમાં બેઝ કેમ્પ બનાવવામાં આવશે. આ સિવાય થથારુ, કુંશા, ભીમદ્વાર અને પાર્વતી બાગમાં બેઝ કેમ્પ બનાવવામાં આવશે. આમાં સેક્ટર મેજિસ્ટ્રેટ અને તેમના પોલીસ અધિકારીઓ/ઈન્ચાર્જો ઉપરાંત મેડિકલ સ્ટાફ અને બચાવ ટીમો પણ તૈનાત કરવામાં આવશે. આ યાત્રામાં પહેલીવાર રેસ્ક્યૂ ટીમ SDRF યુનિટ પાર્વતી બાગમાં તૈનાત કરવામાં આવશે. કારણ કે, સાંકડા અને જોખમી રસ્તાને કારણે આ યાત્રા દરમિયાન ઘણી વખત અનિચ્છનીય અકસ્માતો થાય છે. ખાસ કરીને વરસાદને કારણે આ પ્રવાસમાં અવરોધ આવે છે.



### ઘણી વખત ઓક્સિજનનો અભાવ હોય છે

18,570 ફૂટની ઉંચાઈ પર આવેલા શ્રીખંડ મહાદેવ સુધી પહોંચવા માટે ભક્તોએ 32 કિલોમીટરનો પ્રવાસ કરવો પડે છે. ભક્તોએ પણ સાંકડા રસ્તાઓમાંથી બરફના ગ્લેશિયર પાર કરવા પડે છે. વધુ ઉંચાઈના કારણે ક્યારેક અહીં ઓક્સિજનનું સ્તર પણ ઓછું થઈ જાય છે. જેના કારણે ભક્તોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
પાર્વતી બાગથી આગળ કેટલાક એવા વિસ્તારો છે જ્યાં ઓક્સિજનની અછતને કારણે કેટલાક ભક્તોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો આવી સ્થિતિમાં આવા ભક્તોને સમયસર સારવાર આપવામાં આવતી નથી અથવા પાછા નીચે લાવવામાં આવે છે.

## 64.5 મીમી વરસાદ, 20% ઓછો

### 6 દિવસ અટક્યું ચોમાસું, 2 દિવસમાં MP-છત્તીસગઢ પહોંચે તેવી શક્યતા

(એજન્સી) નવી દિલ્હી | તા. 20



કાળઝાળ ગરમીમાં સળગી રહેલું ઉત્તર ભારત ચોમાસાની રાહ જોઈ રહ્યું છે. દરમિયાન ભારતીય હવામાન વિભાગ (IMD) એ કહ્યું કે 1 થી 18 જૂન સુધીમાં 20 ટકા ઓછો વરસાદ થયો છે. આ સમયગાળા દરમિયાન માત્ર 64.5 મીમી વરસાદ થયો હતો, જ્યારે આ સમયગાળા દરમિયાન 80.6 મીમી વરસાદ થયો હતો.
દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 19 મેના રોજ નિકોબાર પહોંચ્યું હતું. આ વખતે ચોમાસું કેરળમાં બે દિવસ અગાઉ એટલે કે 30મી મેના રોજ પહોંચ્યું હતું અને તેણે ઘણા રાજ્યોને આવરી લીધા હતા. ત્યાર બાદ 12 થી 18 જૂન (6 દિવસ) સુધી ચોમાસું બંધ થયું. જેના કારણે ઉત્તર ભારતમાં હીટવેવ ચાલી રહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી બે દિવસમાં ચોમાસુ વેગ પકડશે. તે મહારાષ્ટ્રના વિદર્ભને પાર કરીને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાના મોટા ભાગોમાં પહોંચશે. આ સમયગાળા દરમિયાન આસામ અને મેઘાલય સહિત પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદ પડશે.
12 જૂન સુધીમાં ચોમાસાએ કેરળ, કર્ણાટક, ગોવા, આંધ્રપ્રદેશ અને તેલંગાણાને સંપૂર્ણપણે આવરી લીધું હતું. તે દક્ષિણ મહારાષ્ટ્રના મોટાભાગના ભાગો, દક્ષિણ છત્તીસગઢના ભાગો, દક્ષિણ ઓડિશા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને તમામ ઉત્તર-પશ્ચિમ રાજ્યોમાં પણ પહોંચી ગયું હતું.
18 જૂન સુધીમાં ચોમાસું ગુજરાતના નવસારી, મહારાષ્ટ્રના જલગાંવ, અમરાવતી, ચંદ્રપુર, છત્તીસગઢના બીજાપુર, સુકમા, ઓડિશાના મલકાનગીરી અને આંધ્રપ્રદેશના વિઝિયાનગરમમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગનો અંદાજ છે કે જૂનમાં ચોમાસું સામાન્ય કરતાં ઓછું એટલે કે લાંબા ગાળાની સરેરાશ (LPA) કરતાં 92% ઓછું રહેશે.

## નીતિશ સરકારને HCનો ઝટકો

### હાઈકોર્ટે બિહારમાં 65% અનામતનો નિર્ણય રદ કર્યો, સરકારે SC-ST અને OBC-EBC અનામત 50%થી વધારીને 65% કર્યું હતું

પટના | બિહારમાં અનામતનો વ્યાપ વધારવાના રાજ્ય સરકારના નિર્ણયને હાઈકોર્ટે રદ કર્યો છે. અનામતનો વ્યાપ 50 ટકાથી વધીને 65 ટકા કરવાના નિર્ણયને હાઈકોર્ટે રાજ્ય સરકારના નિર્ણયને રદ કર્યો છે.
પટના હાઈકોર્ટે ગુરુવારે અનામત મર્યાદા વધારવાના બિહાર સરકારના નિર્ણયને ફગાવી દીધો હતો. રાજ્ય સરકારે SC-ST, EBC અને અન્ય પછાત વર્ગોને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં 65 ટકા અનામત આપવાનો નિર્ણય લીધો હતો. જેને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અરજીઓની સુનાવણી પૂર્ણ કર્યા બાદ તેને રદ કરવામાં આવ્યો છે.
પટના હાઈકોર્ટમાં ગૌરવ કુમાર અને અન્ય દ્વારા કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી પૂર્ણ કર્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. 11 માર્ચ, 2024ના રોજ સુનાવણી પૂર્ણ થઈ હતી અને આજે તેનો ચુકાદો આપવામાં આવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ કે.વી.ચંદ્રનની ડિવિઝન બેંચે ગૌરવ કુમાર અને અન્ય અરજીઓ પર લાંબી સુનાવણી ચાલી હતી.
મુખ્યમંત્રી નીતિશ કુમારે 7 નવેમ્બર 2023ના રોજ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે સરકાર બિહારમાં અનામતનો વ્યાપ વધારશે. તેને 50 ટકાથી 65 કે તેથી આગળ વધારશે. સરકાર કુલ અનામત 60 ટકાથી વધારીને 75 ટકા કરશે. મુખ્યમંત્રીની જાહેરાત બાદ તરત જ કેબિનેટની બેઠક બોલાવવામાં આવી હતી. અઢી કલાકમાં કેબિનેટે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી હતી. આ પછી, તેને શિયાળુ સત્રના ચોથા દિવસે 9 નવેમ્બરે વિધાનસભાનાં બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.



### 1 ડિસેમ્બર, 2023ના રોજ, હાઈકોર્ટે અનામત પર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો હતો

પટના હાઈકોર્ટમાં નવા અનામત બિલને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસની બેન્ચે રાજ્ય સરકારને 12 જાન્યુઆરી સુધીમાં જવાબ આપવા જણાવ્યું હતું. સ્ટેની અરજીને ખંડપીઠે ફગાવી દીધી હતી.
અરજદારે નવા અનામત બિલને ગેરબંધારણીય ગણાવીને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું હતું કે આ બિલ પર હાલમાં પ્રતિબંધ લગાવી શકાય નહીં. કોર્ટે બિહાર સરકારને પોતાનો પક્ષ રજૂ કરવા જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી કહેવામાં આવ્યું હતું કે કોર્ટ પોતાનો નિર્ણય જાહેર કરશે. અરજદાર વતી કહેવામાં આવ્યું હતું કે આ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે, કારણ કે રાજ્ય સરકારે જાતિ આધારિત ગણતરી કરી .

**કોને કેટલી અનામત મળે છે? :** હાલમાં દેશમાં 49.5% અનામત છે. OBC ને 27%, SCને 15% અને STને 7.5% અનામત મળે છે. આ સિવાય આર્થિક રીતે પછાત સામાન્ય વર્ગના લોકોને પણ 10% અનામત મળે છે તે મુજબ, અનામતની મર્યાદા 50 ટકાને પાર થઈ ગઈ છે. જો કે, નવેમ્બર 2022માં સુપ્રીમ કોર્ટે આર્થિક રીતે પછાત સામાન્ય વર્ગના લોકોને અનામત આપવાનું યોગ્ય ઠેરવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ ક્વોટા બંધારણના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડતો નથી. અગાઉ બિહારમાં પણ અનામતની મર્યાદા માત્ર 50% હતી. બિહારમાં અનામતનો વ્યાપ વધારીને 75 ટકા કરવામાં આવ્યો. બિહારમાં 15 ટકા અનામતનો વ્યાપ વધારવામાં આવ્યો. હવે નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં SC, ST, EBC, OBCને 65 ટકા અનામતનો લાભ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. બિહાર સરકારે બજેટ જાહેર કર્યા પછી તે અમલમાં આવ્યું છે.

## રાહુલ ગાંધી સફેદ ટી-શર્ટ કેમ પહેરે છે? કોંગ્રેસના સાંસદે જાતે જ કરી દીધો ખુલાસો...

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ગઈ કાલે તેમનો 54મો જન્મદિવસ ઉજવ્યો, આ પ્રસંગે તેમણે 'વ્હાઈટ ટી-શર્ટ' અભિયાનની શરૂઆત કરી અને ખુલાસો પણ કર્યો કે તેઓ હંમેશા સફેદ ટી-શર્ટ કેમ પહેરે છે. રાહુલ ગાંધી ઘણીવાર સફેદ ટી-શર્ટમાં જ જોવા મળે છે. ભારત જોડો યાત્રા હોય કે ભારત જોડો ન્યાય યાત્રા, બંને કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીના સફેદ ટી-શર્ટની ખૂબ ચર્ચા થઈ હતી. હંમેશા સફેદ ટી શર્ટમાં જોવા મળતા રાહુલ ગાંધીએ પોતે જ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જન્મદિવસની શુભેચ્છાઓ માટે આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે તેમની સફેદ ટી-શર્ટ પારદર્શિતા, શક્તિ અને સાદગીનું પ્રતિનિધિત્વ કરે છે. રાWયબરેલીના સાંસદે પોસ્ટમાં કહ્યું, 'જન્મદિવસની તમામ શુભેચ્છાઓ માટે હું દિલથી તમારો આભાર માનું છું. મને વારંવાર પૂછવામાં આવે છે કે હું હંમેશા સફેદ ટી-શર્ટ કેમ પહેરું છું, આ ટી-શર્ટ મારા માટે, પારદર્શિતા, શક્તિ અને સાદગીનું પ્રતીક છે.' રાહુલ ગાંધીએ વધુ માં કહ્યું કે, 'તમારા જીવનમાં આ મૂલ્યો ક્યાં અને કેટલા ઉપયોગી છે? તે ★WhiteTshirtArmy નો ઉપયોગ કરીને મને વીડિયો મોકલો અને હું તમને સફેદ ટી-શર્ટ ગિફ્ટ કરીશ.'

## IIT બોમ્બેના વિદ્યાર્થીઓએ રામ-સીતાનું કર્યું અપમાન, સંસ્થાને ફટકાર્યો 1.2 લાખ રૂપિયાનો દંડ...

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

IIT બોમ્બેમાં ઓપન-એર થિયેટરમાં નાટક દરમિયાન ભગવાન રામ અને દેવી સીતાનું અપમાન કરવાનો મામલો સામે આવ્યો છે. આ મામલે સંસ્થાને કડક કાર્યવાહી કરતા વિદ્યાર્થીઓ પર 1.2 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ એક સેમેસ્ટરની ફી જેટલી છે. માર્ચમાં વિદ્યાર્થીએ રામાયણ પર આધારિત 'રાહોવન' નામના નાટકમાં ભાગ લીધો હતો. આ નાટક હિંદુ ધર્મની સાથે-સાથે રામ અને સીતા પ્રત્યે અપમાનજનક છે. IITએ અન્ય સાત વિદ્યાર્થીઓને પણ દંડ ફટકાર્યો છે. આ મામલે જ્યારે મેનેજમેન્ટ પાસે વિદ્યાર્થીઓની ફરિયાદ પહોંચી તો પ્રથમ નાટક અંગેની ફરિયાદોના નિરાકરણ માટે 8મી મેના રોજ શિસ્ત સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. IIT બોમ્બેએ 4 જૂનના રોજ વિદ્યાર્થીને દંડની નોટિસ જારી કરી હતી. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 1.2 લાખ રૂપિયાનો દંડ 20 જુલાઈ 2024ના રોજ ડીનની ઓફિસમાં જમા કરાવવાનો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ દંડનું ઉલ્લંઘન કરવા બદલ વધુ પ્રતિબંધો લગાવવામાં આવશે.
આ નાટક અંગે ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, આનાથી આપણી સંસ્કૃતિ અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે. ખૂબ જ વિચાર-વિમર્શ બાદ કમિટીએ કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો. સિનિયર વિદ્યાર્થીઓ પર 1.2-1.2 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો જ્યારે જુનિયર વિદ્યાર્થીઓને 40,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. એટલું જ નહીં આરોપી હોસ્ટેલની સુવિધામાંથી પણ બહાર કરી દેવામાં આવ્યા છે.

## બાળક છે કોઈ રમકડું નથી: HCના જજે માતા-પિતાને લગાવી ફટકાર

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

બાળકની કસ્ટડી સાથે સબંધિત એક કેસની સુનાવણી કરતા હાઈકોર્ટે માતા-પિતાને સખત ફટકાર લગાવી છે. બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચનું કહેવું છે કે, બાળકને માતા-પિતાના રમકડાં તરીકે ન સમજવા જોઈએ. આ સાથે જ હાઈકોર્ટે કહ્યું કે, બાળકના હિતને સૌથી ઉપર રાખવું જોઈએ. કોર્ટે માતા અને પિતા બંનેને બાળકની ગરમીની રજા દરમિયાન સમાન કસ્ટડી આપવાનો આદેશ આપ્યો છે. બાળકની માતા દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી દ્વારા ફેમિલી કોર્ટના 8 મે ના આદેશનો પડકારવામાં આવ્યો હતો. ફેમિલી કોર્ટે પિતાને 7 અઠવાડિયા અને માતાને 5 અઠવાડિયાની કસ્ટડી આપી હતી. અરજી પર સુનાવણી જસ્ટિસ ભરત દેશપાંડેની બેન્ચ કરી રહી હતી. કોર્ટે સુનાવણી કરતા કહ્યું કે, અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે, માતા-પિતાએ મુલાકાતના અધિકારોની ભરપાઈ કરવા માટે બાળકને રમકડાની જેમ ન સમજવું જોઈએ. બાળક સાથે માણસની જેમ વ્યવહાર કરવો જરૂરી છે અને સૌથી મહત્વની બાબત એ છે કે બાળકના હિત ને સૌથી ઉપર રાખવું જોઈએ. 14 જૂને કોર્ટમાં આદેશ જારી કરવામાં આવ્યો હતો. બાળકના માતા-પિતા અમેરિકન નાગરિક છે .

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન
વિદ્યુત કાર્ય
(1) ઇ-ટેન્ડર નંબર : BVP-EL-P-02-2024-25-R કામનું નામ : ભાવનગર ડિવીઝન : SSE(EL) વેરાવળ, જૂનાગઢ, પોરબંદર અને જેતલસર અધિકારક્ષેત્રને સંલગ્ન વિદ્યુત કાર્ય. 24 મહિના માટે. ટેન્ડરની કિંમત : ₹4269670 ઈએમડી રૂ. : ₹85400.00 (2) ઇ-ટેન્ડર નંબર : BVP-EL-P-07-2024-25 કામનું નામ : ભાવનગર ડિવીઝન :- ઓફિસર રેસ્ટ હાઉસ અને સબ-ઓર્ડિનેટ રેસ્ટ હાઉસના નવીનીકરણ અને સુધારણા સંબંધિત ઈલેક્ટ્રીકલ કામ. ટેન્ડર કિંમત : ₹1811850.00 ઈએમડી રૂ. : ₹36200.00 (03) ઇ-ટેન્ડર નંબર : BVP-EL-P-08-2024-25 કાર્યનું નામ: ભાવનગર ડિવીઝન-2 વર્ષના સમયગાળા માટે પાવર કારના A, B અને C ચેકિંગનું સંચાલન,એસ્કોર્ટિંગ અને સુનિશ્ચિત જાળવણી. ટેન્ડરની કિંમત : ₹93930802.74 ઈએમડી રૂ. : ₹619700.00 ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : બિડ ખોલવાની તારીખ : 25/06/2024 બિડ બંધ થવાની તારીખ : 09/07/2024 36
અમને લાઇક કરો: facebook.com/WesternRly

ઉત્તર મધ્ય રેલવે
ઇ-ટેન્ડર સૂચના
ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ડિવિઝનલ રેલ્વે મેનેજર (કાર્ય) ઉત્તર મધ્ય રેલ્વે ઝાંસી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.
ઈ-ટેન્ડર નંબર :- JHS-ENGG-HQ-2024-124 | અંદાજીત કિંમત :- 22614795.07
કાર્યનું વર્ણન:- વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી - કાનપુર વિભાગઃ ADEN/HQ-I/JHS અધિકારક્ષેત્ર હેઠળના ચિરગાંવ-નાંદખાસ સ્ટેશનો વચ્ચે કિમી 1164/18-20 પર બંધ એલસી નંબર 138 પર પેડેસ્ટ્રિયન સબવેની જોગવાઈ.
અર્નેસ્ટ મની :- 263100.00, ટેન્ડર બંધ થવાની તારીખ :- 10-07-2024 એ 15:00 કલાક, સ્વીકૃતિ પત્ર મળ્યાથી /કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 08 મહિના, ટેન્ડર 10-07-2024 એ 15:00 કલાક સુધી ઑનલાઇન જમા કરાવી શકાશે. બિડ સબમિશન અને સંપૂર્ણ માહિતી માટે કૃપા કરીને ભારતીય રેલ્વેના વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ . 1066/24(K)
@CPRONCR @northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in

ઉત્તર મધ્ય રેલવે
ટેન્ડર નોટિસ નંબર :- બિડ નં:- NCR-S&T-EPC-EI-GWL તારીખ :- 14-06-2024
ઇ-ટેન્ડર સૂચના
ભારતના રાષ્ટ્રપતિ વતી, 'ઓપન ટેન્ડર' ઓનલાઈન (ઈ-ટેન્ડર) મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર/પ્રોજેક્ટ/સંકલન/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજ દ્વારા નીચેની વિગતો મુજબ આમંત્રિત કરવામાં આવે છે.
ટેન્ડર નો પ્રકાર:- ઈપીસી મોડ (સિંગલ સ્ટેજ -ટૂ પૈકેટ સિસ્ટમ )
કામનું નામ:- ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી ડિવિઝનની ચાલતી ટ્રેનોની વિશ્વસનીયતા અને સમયની પાબંદી વધારવા માટે સતત ટ્રેક સર્કિટીંગ અને અન્ય સંબંધિત કાર્યોના સંદર્ભમાં જૂના RRIને બદલીને ગ્વાલિયર (GWL) સ્ટેશન પર ડિસ્ટ્રિબ્યુટેડ ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગની જોગવાઈ.
અંદાજીત કિંમત (રૂ) :- 38.85 કરોડ | પૂર્ણ કરવાનો સમયગાળો :- 500 દિવસ
બાના રકમ (ઈએમડી )(રૂ) :- 1942800.00 (ઓગણીસ લાખ બેતાલીસ હજાર આઠસો રૂપિયા માત્ર ) .રેલવે વેબસાઈટ પર ટેન્ડર ફોર્મ ઉપલબ્ધ :- ટેન્ડર ફોર્મ આઈઆરપીએસ વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ 14-06-2024 થી 05-08-2024 (આઈએસટી સમયાનુસાર 11:00 વાગ્યે સુધી ), ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ :- 05-08-2024 બપોરે 12:00 વાગ્યે સુધી, ભૌતિક રૂપે બધા દસ્તાવેજો જમા કરાવવાની છેલ્લી તારીખ:- 12-08-2024 (આઈએસટી સમયાનુસાર સવારે 11:00 વાગ્યે સુધી ), ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :- 21-08-2024 સમય 11:00 વાગ્યે 1061/24 (ADM)
@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in

સિટી એકસપ્રેસ

FRIDAY 21 JUNE-2024

AHMEDABAD

## 109 કરોડના ખર્ચે બ્રિજ બનાવવા 50 વર્ષ જૂનાં 80 વૃક્ષો કાપશે

અમદાવાદ : અમદાવાદના ગ્રીન કવરમાં વધારો કરવા આ વર્ષે શહેરમાં ત્રીસ લાખ વૃક્ષ વાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જાહેરાત કરાઈ છે. બીજી તરફ પાંજરાપોળ જંકશન ઉપર આઈ.આઈ.એમ.થી પોલીટેકનીક સુધી રુપિયા 109.55 કરોડના ખર્ચથી ફલાયઓવરબ્રિજ બનાવવા 50 વર્ષ જુના 80 વૃક્ષ કાપી નખાશે. સપ્તાહ પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગની ટીમે મોડી રાતે ફલાયઓવરબ્રિજ બનાવવા માટે વૃક્ષો કાપવાની પેરવી કરતા સ્થાનિક રહીશોએ ગાર્ડન વિભાગના કર્મચારીઓની કામગીરી અટકાવી દીધી હતી.

## ધોરણ 12ના પુસ્તકમાં છબરડો : મુખ્યમંત્રીને રજૂઆત

અમદાવાદ : બૌદ્ધ સમુદાયને સંદર્ભે ગુજરાતી માધ્યમના ધોરણ 12ના સમાજશાસ્ત્રના પાઠય પુસ્તકમાં થયેલ છબરડા વિષે બૌદ્ધ ધર્મની ખોટી માહિતી છાપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને લખાણ દૂર કરવાની માંગણી કરવામાં આવી છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ મેમ્બર મૂળચંદ રાણા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ધોરણ 12ના સમાજ શાસ્ત્ર વિષયના પ્રકરણ 2માં ભારતીય સંસ્કૃતિ અને સમુદાય વિષે બૌદ્ધ સમુદાય મુદ્દે ખોટો ઉલ્લેખ કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે.



### તલવારો સાથે સમાધાનમાં જતા મામલો ઉગ્ર બન્યો

# અમદાવાદમાં જૂના ઝગડાનું સમાધાન કરવા જતાં ગેંગવોર બે વ્યક્તિની હત્યા, એક ઈજાગ્રસ્ત, બે દિવસમાં 3 હત્યા

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈને તડામાર તૈયારીઓ થઈ રહી છે, પરંતુ ગુનેગારો પર ગાળીઓ કસવાને બદલે ગુનેગારો બેફામ બનીને રસ્તામાં તલવારો લઈને ફરી રહ્યા છે. વેજલપુરમાં ટપોરી બિલ્ડરને પોલીસે મદદ કરી, ત્યારબાદ જાહેરમાં હત્યા થઈ અને વેજલપુર પોલીસ માત્ર વાતો કરતી રહી. ત્યારબાદ હવે ફરી ગોમતીપુરમાં પણ એવી જ સ્થિતિ સામે આવી છે. જેમાં જુના ઝઘડાની અદાવતનું સમાધાન કરવા માટે બોલાવવામાં આવતાં આરોપીઓ તલવારો સાથે પહોંચ્યા હતાં. જે બાદ સમાધાનની જગ્યાએ એકબીજા પર તલવારોથી ખૂની હુમલો કર્યો હતો. જેમાં બે લોકોના મોત નીપજ્યાં છે અને એક વ્યક્તિને ઈજા પહોંચી છે. રોજબરોજની ઘટનાથી હવે અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા સામે નવા પડકારો ઉભા થયા છે. જુના ઝઘડાનું સમાધાન કરવા બોલાવ્યાં પ્રાપ્ત વિગતો પ્રમાણે, ઈમ્તીયાઝ અંસારી રિક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવે છે. તેમણે




નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા મિત્ર આમીર ઉર્ફે ભાંજા ઈસ્લામુદ્દિન અંસારી અને કામીલ શકીલ અહેમદ મણીયારને અગાઉના ઝઘડાની અદાવત ચાલતી હતી. જેથી ગઈકાલે રાત્રે આશરે સાડા અગિયારેક વાગ્યે હું, મારો મિત્ર આમીર, તબરેજખાન અહેમદઅલી પઠાણ, સમીર, ઈલીયાસ અને તબરેજના મિત્રની સાથે ચતુરસિંગની ચાલી ચાર રસ્તા પાસે તલવારો સાથે ભેગા થયા હતા. તે દમિયાન આમીરના મોબાઈલ ઉપર કામીલ મણીયારે ફોન કરીને કહ્યું હતું કે, અગાઉ ઝઘડો થયો હતો, જેનું સમાધાન માટે મારો ભાઈ સમીર અહેમદ તમને અમારા ઘર પાસે બોલાવે છે. જેથી અમે તમામ વીર અબ્દુલહમીદ એપાર્ટમેન્ટ ગયા હતાં. તે વખતે ત્યાં સમીર અહેમદ શકીલ અહેમદ મણીયાર તેમજ તેના ભાઈઓ કામીલ શકીલ અહેમદ મણીયાર અને સાહિલ શકિલ અહમદ મણીયાર હાજર હતા. અમારી પાસે તલવારો હોવાથી કામીલ અને તેનો ભાઈ સમીર અહેમદ સાથે આમીરે વાતચીત કરી હતી.

## TRP ગેમ ઝોન દુર્ઘટનાનો જાહેર થશે SIT રિપોર્ટ

અમદાવાદ : રાજકોટ અગ્નિકાંડ મામલે રચવામાં આવેલી SIT દ્વારા લાગતાવળગતા તમામ વિભાગના અધિકારીઓનાં નિવેદનો લેવાની પ્રક્રિયા કરવામાં આવી છે. બુધવારે મોડીરાત્રે બે વાગ્યા સુધી નિવેદનો લેવામાં આવ્યાં હતાં. આજે વહેલી સવાર સુધી કામગીરી કરવામાં આવી છે. ખૂબ મોટી સંખ્યામાં અધિકારીઓ અને લાગતાવળગતા વિભાગના તમામ લોકોનાં નિવેદનો લેવામાં આવ્યાં છે. તમામની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આવતીકાલે વહેલી સવાર સુધીમાં એસઆઈટી દ્વારા સત્તાવાર રીતે માહિતી આપવામાં આવશે. TRP ગેમ ઝોનના માલિકો સૌથી મોટા ગુનેગાર અત્રે ઉલ્લેખનીય છે કે 3 જૂન 2024ના રોજ રાજકોટ TRP ગેમ ઝોન દુર્ઘટના મામલે નિમાયેલી SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)એ તપાસ અહેવાલ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો. SITએ તેના રિપોર્ટમાં ચોંકાવનારાં તારણો રજૂ કર્યાં હતાં. સીટના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીના રિપોર્ટમાં એવું તારણ રજૂ કરાયું હતું કે TRP ગેમિંગ ઝોનમાં આગથી મૃત્યુ પામેલા 27 લોકોનાં મોત માટે મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ વિભાગ અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ જવાબદાર છે. ત્રણેય વિભાગની સંયુકત બેદરકારી અને મેળાપીપણામાં આ દુર્ઘટના બની છે. TRP ગેમિંગ ઝોનના માલિકો સૌથી મોટા ગુનેગાર છે.

## સંભારમાંથી ઉંદર નીકળ્યો

### નિકોલમાં દેવી ઢોંસા રેસ્ટોરન્ટમાં ગ્રાહકે ઢોંસો મગાવ્યો હતો, રસોડામાં ગંદકી મળતાં ફૂડ વિભાગે સીલ કરી

અમદાવાદ : જો તમે પણ ખાણી-પીણીના શોખીન છો અને બહાર જમવા જાઓ છો તો સાવધાન થઈ જજો, કેમ કે હવે બહારના ફૂડમાંથી ઈયળો અને જીવાતો નીકળવી હવે સામાન્ય બાબત બની ગઈ છે. ગઈકાલે (19 જૂન) જામનગરમાં બાલાજીની વેફરમાંથી મરેલો દેડકો નીળ્યો હતો. તો મોડીરાત્રે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી દેવી ઢોસા નામની રેસ્ટોરન્ટમાં ઢોસા ખાવા આવેલા ગ્રાહકના સંભારમાંથી મરેલું ઉંદરનું બચ્ચું નીકળ્યું હતું. આ મામલે ગ્રાહકે રેસ્ટોરન્ટના માલિકને ફરિયાદ પણ કરી હતી. એ બાદ



મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને જાણ કરવામાં આવતાં ટીમ ત્યાં પહોંચી હતી, જેની તપાસમાં રેસ્ટોરન્ટના રસોડામાં ભારે ગંદકી જોવા મળતાં આજે (20 જૂન) રેસ્ટોરન્ટને સીલ મારવામાં આવી છે. ગ્રાહક પરિવાર સાથે ઢોસા ખાવા ગયો હતો શહેરના નિકોલ વિસ્તારમાં દેવી ઢોંસા નામની રેસ્ટોરન્ટ આવેલી છે, જ્યાં એક ગ્રાહક તેના પરિવાર સાથે જમવા માટે ગયો હતો. તેમણે ઢોસાનો ઓર્ડર આપ્યો હતો. ઢોસા આપતાં પહેલાં સંભાર અને ચટણી આપવામાં આવી હતી. સંભારના જગમાંથી તેમણે વાટકીમાં જ્યારે સંભાર કાઢ્યો ત્યારે એમાં ઉંદરનું બચ્ચું નીકળ્યું હતું.

## પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણે હાઇકોર્ટમાં અરજી કરી

### વડોદરામાં જમીન પર દબાણનો મામલો; વર્ષોથી આ જમીન યુસુફ પાસે, અન્ય પક્ષમાંથી સાંસદ બનતાં ખાલી કરાવાઈ રહી છે: વકીલ

અમદાવાદ : વડોદરા મનપાની માલિકીના ટીપી સ્કીમ 22ના ફાઈનલ પ્લોટ નંબર 90ના પ્લોટ પર પશ્ચિમ બંગાળના ટીએમસીના સાંસદ અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણે કબજો કર્યો હોવાની બાબત સામે આવતાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે પાલિકાએ યુસુફ પઠાણને રૂ. 5.60 કરોડની કિંમતના પ્લોટ પરનાં દબાણો દૂર કરવા નોટિસ ફટકારી છે. જમીન પર દબાણના મામલે યુસુફ પઠાણ ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા હતા. આ અંગે જજ સંગીતા વિશેનની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. બીજા પક્ષમાંથી સાંસદ બનતાં આ કાર્યવાહી કરવામાં આવી છે. વાણી સ્વાતંત્ર્યનો હક પણ ઓથોરિટી અમુક અંશે તેની પર અંકુશ મૂકી શકે છે, જેમાં ધાર્મિક લાગણીઓ ઘવાતી હોય, સંભાવના જોખમાતી હોય. અરજદારના વકીલે જણાવ્યું કે અરજદારને VMCએ જમીન આપવાનું નક્કી કર્યું હતું તો એ જમીન યુસફને આપવા રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની જરૂર નથી. યુસફને અપાયેલી નોટીસમાં લખ્યું છે કે, VMCએ યુસફને જમીન ફાળવવા મોકલેલો પ્રસ્તાવ રાજ્ય સરકારે નકારી કાઢ્યો હતો.

### બિહાર પેપર લીકમાં ધરપકડ બાદ એજ્યુટેસ્ટ નામની નવી કંપની ખોલી

## અમદાવાદનો વિનીત UP પોલીસ ભરતી પેપર લીકનો મોટો ખેલાડી

અમદાવાદ : ઉત્તરપ્રદેશમાં પોલીસ ભરતી પેપર લીક કેસમાં પરીક્ષા કરાવનારી કંપનીને બ્લેક લિસ્ટ કરી દીધી છે. ઉત્તરપ્રદેશ પોલીસ રિક્રૂટમેન્ટ એન્ડ પ્રમોશન બોર્ડ દ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવેલી એજ્યુટેસ્ટ નામની આ કંપની અમદાવાદની છે. જ્યારે કંપનીના સંચાલક વિનીત આર્યને એસટીએફએ નોટિસ પણ ફટકારી છે, પરંતુ કોર્ટમાં હાજર થયો નથી. જોકે વિનીત આર્યનું નામ હાલ ભલે યુપી પેપર લીક કેસમાં સામે આવ્યું હોય, પરંતુ તેના



ગોરખધંધાઓ તો વર્ષોજૂના છે. આ પહેલાં વર્ષ 2017માં બિહાર સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષાનું પેપર લીક થતાં વિનીતની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેણે પટના હાઈકોર્ટમાં બીમારીનું કારણ આપી જામીન અરજી પણ કરી હતી. પોલીસ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષાનું પેપર લીક

અમદાવાદના સિંધુ ભવન રોડ પર JBR નામથી કંપની ચલાવનાર વિનીત આર્ય ધીમે ધીમે પ્રિન્ટિંગ અને ત્યાર બાદ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે કામ કરવા લાગ્યો હતો. તેણે ઘણી જગ્યાએ રિસોર્ટની ચેન ઊભી કરી અને છેલ્લા એક દશકમાં 'ગોઠવણ' કરીને કરોડોનું એમ્પાયર ઊભું કરી દીધું છે. તે બિહારમાં થયેલા પેપર લીક કેસમાં પણ સંડોવાયેલો હતો.

## શહેરની બે જાહેર હોસ્પિટલમાં કમળો, ઝાડા-ઉલટી, વાયરલ ઇન્ફેક્શનના કેસમાં વધારો

અમદાવાદ : શહેરમાં ગત મે મહિનામાં ગરમીનો ભયંકર પ્રકોપ રહ્યો હતો. જેને કારણે અનેક લોકોને હિટ સ્ટ્રોકની અસર થઈ હતી. ત્યારબાદ જૂન મહિનામાં શરૂઆતના દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યાં બાદ માં વાતાવરણમાં ધીમે ધીમે ઠંડક પ્રસરતા ચોમાસાની શરૂઆત પહેલા પાણીજન્ય રોગ એ અડિંગો જમાવ્યો અને અમદાવાદવાસી રોગમાં સપડાઈ રહ્યા છે. અમદાવાદ શહેરની બે જાહેર હોસ્પિટલ જેવી કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલ પાણીજન્ય રોગ એટલે કે,



કમળો, ટાઈફોઈડ અને ઝાડા ઉલટીના કેસમાં વધારો થયો છે. જૂન મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં સતત પાણીજન્ય રોગમાં વધારો જણાઈ રહ્યો છે. ચાલુ મહિનામાં કેટલા કેસ નોંધાયા ગત મે મહિનામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કમળાના 174 કેસ નોંધાયા હતા. જેની સામે જૂન મહિનાના 20 દિવસમાં જ 115 કેસ નોંધાયા છે. આ ઉપરાંત સોલા સિવિલ હોસ્પિટલમાં મે મહિના દરમિયાન વાઈરલ હિપેટાઈટિસ 23 કેસ નોંધાયા હતા. જ્યારે જૂન મહિનામાં ફક્ત ગત સપ્તાહ સુધીમાં 16 જૂન સુધીમાં 22 કેસ નોંધાયા છે. આ ઉપરાંત અન્ય પાણીજન્ય રોગમાં ટાઈફોડના ગત મહિનામાં સોલા સિવિલ હોસ્પિટલમાં 28 કેસ નોંધાયા હતા. જ્યારે જૂન મહિનાના શરૂઆતના 16 દિવસમાં 7 કેસ નોંધાયા હતા. ઝાડા-ઉલટીના પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મે મહિનામાં 438 આવ્યા હતા. જેની સામે જૂન મહિનાના 20 દિવસમાં 239 સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચતા જેને સોલા સિવિલની સ્થિતિ જણાવવામાં આવે તો ત્યાં ગત મે મહિનામાં 106 કેસ નોંધાયા હતા.

**સિવિલ હોસ્પિટલમાં જૂન મહિનામાં 287 દર્દીઓ નોંધાયા**

જૂન મહિનામાં વાયરલ ઈન્ફેક્શનના કેસમાં પણ ઘણો ખરો વધારો થયો હોય તેમ જણાઈ રહ્યું છે. કારણ કે, ગત મે મહિનામાં સોલા સિવિલ હોસ્પિટલમાં વાયરલ ઈન્ફેક્શનના કુલ 6,114 કેસ નોંધાયા હતા. જ્યારે જૂન મહિના ફક્ત બે સપ્તાહમાં 3,329 વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ સિવિલ હોસ્પિટલ મે મહિનામાં વાઈરલ ઈન્ફેક્શનના 366 દર્દીઓ જ્યારે જૂન મહિનામાં 287 દર્દીઓ નોંધાયા છે.

## અમદાવાદમાં સગાઈ તોડી તો જમાઈએ સસરા પર છરીથી હુમલો કર્યો, જાનથી મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ : અમદાવાદમાં સગાઈ બાદ શંકા અને વહેમ રાખી યુવતીના ભાઈ અને પિતા પર જીવલેણ હુમલો કરતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. હારિજ ખાતે થયેલી સગાઈ બાદ છોકરાએ યુવતીને ફોન પર અનેક વખત હેરાન પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ સગાઈ તોડી નાખતાં છોકરાએ અમદાવાદ આવીને છોકરીના પરિવાર પર હુમલો કર્યો હતો. જેમાં છોકરીનો ભાઈ અને તેના પિતાને ઈજા પહોંચી હતી.

**શું છે સમગ્ર મામલો**

મળતી માહિતી અનુસાર છોકરીની માતાએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી દોઢેક વર્ષ પહેલા હારિજ ખાતેના રાંતેજ ગામમાં યશરાજસિંહ ઝાલા સાથે અમારી દીકરીની સગાઈ કરી હતી. સગાઈ કર્યા બાગ યશરાજસિંહ મારી દીકરી પર વહેમ શંકા રાખીને અવારનવાર ફોન પર હેરાન કરતાં હતાં. લાકડાના દંડાથી યુવકને માર્યો.

## RTOની ત્રીજા દિવસે ડ્રાઇવ યથાવત:અલગ-અલગ સ્કૂલની 73 બસને ચેક કરવામાં આવી

### 26 બસમાં ખામી જણાતા બસ ચાલકને દંડ્યા

અમદાવાદ : RTO દ્વારા સતત ત્રીજા દિવસે ડ્રાઈવ યથાવત રાખવામાં આવી છે .ત્રીજા દિવસે અલગ-અલગ સ્કૂલોની 73 બસને ચેક કરવામાં આવી છે.73 બસમાંથી 26 બસમાં ખામી જણાતા બસ ચાલકને દંડવામાં આવ્યા છે.બસ ચાલક પાસેથી કુલ 89 હજારનો દંડ વસૂલવામાં આવ્યો છે. મહત્વનું છે કે, અગાઉ બે દિવસમાં 2 લાખ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો હતો. 89 હજારનો દંડ ફટકારવામાં આવ્યો સ્કૂલ શરૂ થતાં જ RTO દ્વારા 18 જૂનથી ડ્રાઈવ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. રીક્ષા અને સ્કૂલ વાનને 45 દિવસનો સમય આપ્યો હોવાથી સ્કૂલ બસની ડ્રાઈવ યોજવામાં આવી રહી છે .શહેરના



અલગ-અલગ વિસ્તારમાં ચાલી રહેલી સ્કૂલ બસનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. આજના દિવસમાં 73 સ્કૂલ બસનું ચેકીંગ કરવામાં આવ્યું હતું જેમાંથી 26 સ્કૂલ બસમાં ફિટનેસ સર્ટિફિકેટ, રોડ સેફ્ટીના નિયમોનું પાલન ન થતું હોવાની, ઈન્સ્યોરન્સ, PUC અને પરમીટનો અભાવ જોવા મળ્યો હતો જે બદલ કુલ 89,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. સ્કૂલ બસ પણ નિયમોનું પાલન કરતી નથી વાલીઓ મોંઘી ફી ભરીને બાળકોને સ્કૂલે મોકલે છે, જેમાં સ્કૂલ બસની પણ અલગથી ફી ચૂકવે છે ત્યારે હવે સ્કૂલ બસ પણ નિયમોનું પાલન કરતી નથી. જેથી, વાલીઓએ ચેતવણી જરૂર છે. આજે અમદાવાદ પબ્લિક સ્કૂલ, બ્રાઈટ સ્કૂલ અને નિરમા સ્કૂલ બસમાં ચેકીંગ દરમિયાન ખામી જોવા મળી હતી જ્યારે અગાઉના બે દિવસ દરમિયાન સેન્ટ એન સ્કૂલ, દિવ્ય જ્યોત, શાંતિ એશિયાટિક, પુના ઈન્ટરનેશનલ, તુલીપ સ્કૂલ બસને દંડ કરાયો હતો.

## બેંગલોરથી અમદાવાદ આવતી ફ્લાઇટ રદ થઈ:અમદાવાદથી ટેકઓફ થતી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ 48 ફ્લાઇટ વિલંબિત

અમદાવાદ : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરીને દેશ વિદેશમાં જતી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ કુલ 48 ફ્લાઈટ વિલંબિત થઈ હતી. જ્યારે અન્ય શહેરોમાંથી અમદાવાદ એરપોર્ટ પર આવતી કુલ 13 ફ્લાઈટ વિલંબિત થઈ હતી. તેમજ બેંગ્લોર એરપોર્ટથી સાંજે 6:40 કલાકે અમદાવાદ એરપોર્ટ પરના ટર્મિનલ પર ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. જેની અગાઉથી જ મુસાફરોને જાણ કરી દેવામાં આવી હતી. તો અમદાવાદથી બેંગલુરુ જતી ઈન્ડિગો એરલાઈન્સની 7.20ની ફ્લાઈટ પણ રદ થઈ હતી. જેમાં મુસાફરોને અગાઉથી જાણ કરવામાં આવી ન હતી. દુબઈની ફ્લાઈટ 1 કલાક વિલંબિત આ ઉપરાંત દિલ્હીથી અમદાવાદ આવતી વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટ 1 કલાકના વિલંબ બાદ રાત્રે 8.30 કલાકે અમદાવાદ પહોંચે તેવી શક્યતાઓ છે. તદુપરાંત દિલ્હી, જયપુર, ચેન્નઈ અને પુણેથી અમદાવાદ ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ 1 કલાક જેટલા સમય માટે વિલંબિત થઈ હતી. સામાન્ય રીતે અમદાવાદ એરપોર્ટના રનવે પરથી ઉડાન ભરીને દેશ-વિદેશના એરપોર્ટ પર જતી ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં વિલંબ થવાનું પ્રમાણ વધુ હોય છે, ત્યારે આજે પણ ફ્લાઈટ વિલંબિત થઈ હતી.

## પોલીસ અને કાર્યકરો વચ્ચે ઝપાઝપી: ગુજરાત યુનિ.માં MA અને MSCનો કોર્ષ બંધ થતાં NSUIનો વિરોધ

અમદાવાદ : ગુજરાત કોલેજમાં MA અને MSCનો કોર્ષ બંધ કરવામાં આવ્યો છે, જેને લઈને આજે NSUI દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં વિરોધ કરવામાં આવ્યો છે. NSUIનો આક્ષેપ છે કે, કોલેજનું બિલ્ડિંગ જર્જરિત હોવાનું બહાનું છે, જેના આધારે કોર્ષ બંધ કરવામાં આવી રહ્યો છે. કોલેજ ઈચ્છે તો વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં ટ્રાન્સફર કરીને પણ કોર્ષ ચાલુ રાખી શકાય છે. કુલપતિ હાય હાયના નારા સાથે NSUIના કાર્યકરો કુલપતિ ઓફિસ સુધી પહોંચી ગયા હતા. જ્યાં પોલીસ અને NSUIના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. પોલીસે ગાળો આપી મારમાર્યાનો આક્ષેપ શહેરની



વર્ષો જૂની ગુજરાત કોલેજમાં બિલ્ડિંગ જર્જરિત હોવાના કારણે MA અને MSCના વર્ગ બંધ કરવામાં આવ્યા છે. જેને લઈને બે દિવસ અગાઉ ABVP દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

### 'સરકાર ગ્રાન્ટેડ કોલેજ બંધ કરી ખાનગીકરણ કરવા ઈચ્છે છે'

NSUIના નેતા વેદાંત તોમરે જણાવ્યું હતું કે, કોલેજમાં પ્રોફેસર અને અન્ય બિલ્ડિંગ હોવા છતાં કોર્ષ બંધ કરવામાં આવ્યા છે. આ વર્ષે એડમિશન બીજે ટ્રાન્સફર કરવામાં આવશે તો આવતા વર્ષે તો એડમિશન નહિ થાય. સરકાર ગ્રાન્ટેડ કોલેજ બંધ કરવી ખાનગીકરણ કરવા ઈચ્છે છે, તે માટે જ કોર્ષ બંધ કરવામાં આવી રહ્યા છે. અમારી માંગ છે કે, ગરીબ અને માધ્યમ વર્ગના પરિવારના વિદ્યાર્થીને એડમિશન મળે તે માટે કોર્ષ ચાલુ રાખવા જોઈએ.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...